


પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2022-2024 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક

સાંધ્ય દૈનિક
મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

ગ્રામ્ય આવૃત્તિ પાના: ૧૨
તા. ૨-૫-૨૦૨૪, ગુરૂવાર
વર્ષ: ૧૩, અંક : ૪૬

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 abataknews@gmail.com @abtakmedia






પેલેસ્ટાઈન તરફી વિરોધ ઉગ્ર બન્યો, વિરોધીઓએ કોલંબિયા યુનિવર્સિટીના હોલ પર કબજો કર્યો




અર્થવ્યવસ્થા ટનાટન: પ્રથમ વખત દેશનું જીએસટી કલેક્શન રૂ.૨ લાખ કરોડને પાર



આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સે યુવતીને "છેતરી"



પંજાબ કિંગ્સે ચેન્નઈને આપ્યો સાત વિકેટે પરાજય: ચેન્નઈનો મિડલ ઓર્ડર "ફેલ"

### રશિયા સાથે સારા સંબંધો રાખવા બદલ ભારત સાથે બદલો લેવાનો જી-૭ અને યુરોપીયન દેશોનો તખ્તો

# પશ્ચિમી દેશોનો ડાયમંડ સર્ટિફિકેટ અને કાર્બન ટેક્સનો નિયમ ભારતને નડશે!

### રફ હીરા રશિયાના નથી તેની તપાસ બેલ્જિયમમાં થાય તે માટેનો નિયમ ઘડવા જી ૭ દેશો સતત દબાણ કરી રહ્યા છે, આનાથી ભારતના હીરા ઉદ્યોગને મોટો ખર્ચ સહન કરવો પડશે, જેથી હરીફાઈમાં ઉભું રહેવું કઠિન બનશે



**અબતક, નવી દિલ્હી**

રશિયા સાથે સારા સંબંધો રાખવા બદલ ભારત સાથે બદલો લેવાનો જી૭ અને યુરોપીયન દેશોએ તખ્તો તૈયાર કર્યો છે. તેઓ ડાયમંડ સર્ટિફિકેટ અને કાર્બન ટેક્સનો નિયમ ઘડવા ઈચ્છે છે જે ભારત માટે નુકસાનકારક છે.

ભારત વિશ્વના ૧૧ રફ હીરામાંથી ૧૦ પોલિશ કરે છે. આમ હીરા ઉદ્યોગમાં અવ્વલ ભારતને પાછળ લઈ આવવા પ્રયાસો થઈ રહ્યા છે જ્યારથી રશિયા પર પ્રતિબંધો લાદ્યા છે, ત્યારથી અમેરિકા અને યુરોપ બન્ને ભારત અને રશિયાના વ્યાપરથી નારાજ છે. ગ્રૂપ ઓફ સેવન (જી૭)ના ઔદ્યોગિક દેશોએ હવે બદલો લીધો છે. તાજેતરમાં સુધી, ભારત રશિયામાંથી પોલિશ્ડ કરેલા રફ હીરામાંથી 30% આયાત કરતું હતું જેથી રિફાઈન્ડ હીરાની વૈશ્વિક સ્તરે નિકાસ કરી શકાય.

સપ્ટેમ્બરથી, જી૭ ઈચ્છે છે કે તમામ રફ હીરાની તપાસ બેલ્જિયમમાં થાય. તે

(અનુ. આઠમા પાને)

### ભારતનું અર્થતંત્ર ૭ ટ્રિલિયન ડોલર વટાવશે તો પશ્ચિમી દેશોને ફટકો પડશે

પશ્ચિમ દેશો જાણે છે કે સમય આગળ વધી રહ્યો છે. એવો અંદાજ છે કે ભારતની અર્થવ્યવસ્થા ૨૦૩૦ સુધીમાં ૭ ટ્રિલિયન ડોલર થઈ જશે, જે થોડા સમય પહેલા ચીનની અર્થવ્યવસ્થાની લગભગ બરાબર છે. પછી તેને દબાણ કરવું તેટલું જ મુશ્કેલ હશે જેટલું આજે ચીન માટે છે. એટલે પશ્ચિમી દેશો અત્યારથી જ ભારતીય અર્થતંત્રની ઝડપને અટકાવવા પ્રયાસો કરી રહ્યા છે.

### યુરોપિયન યુનિયન ક્લાઈમેટના નામે ૨૦૨૬થી કાર્બન ટેક્સ ઉઘરાવવાની ફિરાકમાં, આ ટેક્સથી ભારતના સ્ટીલ અને સિમેન્ટ સહિતના ઉદ્યોગોની નિકાસ ઘટી જશે

### ખનીજની આયાત ઘટાડી આત્મનિર્ભર બનવા કવાયત

# પેટાળમાંથી વધુમાં વધુ ખનીજો ઉલેચવા નવી નીતિ લાગુ કરાશે

### ઈલેક્ટ્રિક વાહનો, ફાર્માસ્યુટિકલ્સ અને સંરક્ષણ ઉત્પાદનમાં વપરાતા લિથિયમ, નિઓબિયમ અને અન્ય દુર્લભ ખનિજો ઘર આંગણે જ વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ કરાશે



**અબતક, નવી દિલ્હી**

ખનીજની આયાત ઘટાડી આતમનિર્ભર બનવા સરકારે કવાયત હાથ ધરી છે. આગામી સમયમાં પેટાળમાંથી વધુમાં વધુ ખનીજો ઉલેચવા નવી નીતિ લાગુ કરાશે. જેથી ઈલેક્ટ્રિક વાહનો, ફાર્માસ્યુટિકલ્સ અને સંરક્ષણ ઉત્પાદનમાં વપરાતા લિથિયમ, નિઓબિયમ અને અન્ય દુર્લભ ખનિજો ઘરઆંગણે જ વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ થશે.

ખાણ મંત્રાલયના સચિવ વીએલ કાંતા રાવે જણાવ્યું હતું કે કેન્દ્રએ ઉત્પાદન પ્રક્રિયાના દરેક તબક્કે પ્રોત્સાહનો આપીને દેશમાં નિર્ણાયક ખનિજોની શોધ અને પ્રક્રિયાને પ્રોત્સાહન આપવા માટે નવી નીતિ પર કામ શરૂ કર્યું છે.

રાવે જણાવ્યું હતું કે, પોલીસીમાં એક્સ્પ્લોરેશન એક્ટિવિટી વધારવા, હરાજીમાં વધુ ખાણો લાવવા, સંશોધન અને વિકાસ અને જટિલ ખનિજોના રિસાયક્લિંગ માટે સપોર્ટનો સમાવેશ થશે. "આ એક એન્ડ-ટુ-એન્ડ પોલિસી હશે, જેમાં પહેલાથી જ હરાજી કરવામાં આવેલ બ્લોક્સનો સમાવેશ થાય છે."

(અનુ. આઠમા પાને)

### પેટાળમાંથી ખનીજ કાઢવાની મશીનરી ધરાવતી અનેક કંપનીઓ ભારતમાં કામ કરવા તત્પર

દેશમાં નિર્ણાયક ખનિજો કાઢવા માટે ટેક્નોલોજી લાવવાના પગલાઓ અંગે ટિપ્પણી કરતા રાવે જણાવ્યું હતું કે, "કેટલીક વૈશ્વિક કંપનીઓએ ભારતમાં નિર્ણાયક ખનિજ પ્રક્રિયાના હેતુ માટે ટેક્નોલોજી ટ્રાન્સફરમાં રસ દર્શાવ્યો છે." રાવના જણાવ્યા અનુસાર, ટેક્નોલોજી ટ્રાન્સફરમાં થોડો સમય લાગશે કારણ કે આ ખાણોમાંથી મળી આવતા અયસ્કના પ્રકાર પર અભ્યાસની જરૂર છે. "એવું નથી કે જે પણ ટેક્નોલોજી સહેલાઈથી ઉપલબ્ધ છે. ખાણોમાંથી ખનિજ અયસ્કનું પરીક્ષણ કરવા માટે કંપનીઓને ખાસ ટેક્નોલોજીની જરૂર પડશે. રાવે કહ્યું, "અમે ઉદ્યોગને પહેલાથી જ કેટલાક નમૂનાઓ પ્રદાન કર્યા છે. આ નાના નમૂનાઓ સાથે ઓર બેનિફિશિયેશન અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે. કંપનીઓ જ્યારે સંશોધન માટે જશે ત્યારે વધુ નમૂના લેશે અને જરૂરી લાભકારી તકનીકને ઓળખવા માટે વધુ વ્યાપક પરીક્ષણ કરશે."

# ભારત ચીની કંપનીઓના રોકાણને મંજૂરી આપશે પણ ફૂંકી ફૂંકીને!

### અનેક સ્થાનિક કંપનીઓ ચીની કંપની સાથે ભાગીદારી કરવા તત્પર, માટે ચીની રોકાણોને મંજૂરી આપવી અર્થતંત્ર માટે ફાયદાકારક



**અબતક, નવી દિલ્હી**

સરહદી તણાવને જોતા ભારત સરકાર ભારતમાં ચીનની કંપનીઓના રોકાણને શંકાની નજરે જોઈ રહી છે. બીજી તરફ અનેક સ્થાનિક કંપનીઓ ચીની કંપની સાથે ભાગીદારી કરવા તત્પર છે. માટે ચીની રોકાણોને મંજૂરી આપવી અર્થતંત્ર માટે ફાયદાકારક હોય સરકાર મંજૂરી આપશે પણ ફૂંકી ફૂંકીને આપશે.

ભારત ચીનની ઈલેક્ટ્રોનિક્સ કંપનીઓને કેસ-બાય-કેસ આધારે ભારતમાં રોકાણ કરવાની મંજૂરી આપવાના વિચાર સાથે સંમત થઈ શકે છે, જેનાથી તેના કેટલાક વાંધાઓ હળવા થઈ શકે છે. ભારતીય કંપનીઓ દ્વારા તેના કડક વલણને નરમ કરવા માટે લોબિંગના પગલે, ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રાલયએ તાજેતરમાં ચાઈનીઝ એર-કન્ડિશનર કોમ્પ્રેસર ઉત્પાદક શાંઘાઈ હેલી (ગ્રુપ) કંપનીને દેશમાં તેની સૂચિત રોકાણ યોજનાઓ વિશે પૂછ્યું હતું, તેમ આ બાબતે જાણકાર લોકોએ જણાવ્યું હતું.

તે ૬૦:૪૦ સંયુક્ત સાહસ તરીકે આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ટાટા જૂથ વોલ્ટાસ માટે લઘુમતી હિસ્સો ધરાવે છે. ગયા વર્ષે, ભારતીય

(અનુ. આઠમા પાને)

# ઓછું મતદાન ચિંતાનો વિષય નથી, અમને રેકોર્ડબ્રેક બેઠકો જ મળશે: અમિત શાહનો દાવો

### આ ઈન્દિરા ગાંધીનો યુગ નથી, નરેન્દ્ર મોદીનો યુગ છે, મોદીએ આપણને વંશવાદ, જાતિવાદ, ભ્રષ્ટાચાર અને તુષ્ટિકરણના રોગથી મુક્તિ અપાવી



**અબતક, નવી દિલ્હી**

ઓછા મતદાનને કારણે ક્યાં રાજકીય પક્ષોને નુકસાન થશે તે મુદ્દો છેલ્લા ઘણા સમયથી ચર્ચાનો વિષય બન્યો છે. ત્યારે આ મામલે અમિત શાહે કહ્યું કે ઓછું મતદાન ચિંતાની વાત નથી. અમને તો રેકોર્ડ બ્રેક બેઠકો જ મળશે.

થોડા દિવસો પહેલા એક મોટું ઓપરેશન થયું હતું જેમાં ૨૯ માઓવાદી માર્યા ગયા હતા. આ મામલે અમિત શાહે કહ્યું કે અમે ઝારખંડ, બિહાર, તેલંગાણા, ઓડિશા, આંધ્રપ્રદેશ અને મહારાષ્ટ્રમાં નક્સલવાદને સંપૂર્ણપણે ખતમ કરી દીધો છે. છત્તીસગઢમાં ચાર શહેરો બાકી છે કારણ કે અગાઉની કોંગ્રેસ સરકારે ક્યારેય કેન્દ્રને સમર્થન આપ્યું ન હતું. ભાજપ સત્તામાં પરત ફર્યું અને ચાર મહિનામાં ૯૦ નક્સલવાદીઓ પકડાયા, ૧૨૩ની ધરપકડ કરવામાં આવી અને ૨૫૦એ આત્મસમર્પણ કર્યું. બે દિવસ પહેલા જ, વધુ દસ નક્સલવાદીઓ માર્યા ગયા અને

(અનુ. આઠમા પાને)

### લગ્ન કરવા એટલે માત્ર ડાન્સ કરવો-દારૂ પીવો એવું નથી

# પરંપરાગત વિધિ વિના હિન્દૂ લગ્ન અમાન્ય: સુપ્રીમ કોર્ટ

### હિન્દુ મેરેજ એક્ટ હેઠળ લગ્ન માટે માત્ર પ્રમાણપત્ર જ પૂરતું નથી, પરંતુ લગ્ન સમારોહ અને રીતિ-રિવાજોનું પાલન પણ યોગ્ય રીતે થવું જોઈએ



**અબતક, નવી દિલ્હી**

લગ્ન માટે માત્ર પ્રમાણપત્ર જ પૂરતું નથી, પરંતુ લગ્ન સમારોહ અને રીતિ-રિવાજોનું પાલન પણ યોગ્ય રીતે થવું જોઈએ. પરંપરાગત વિધિ વિના હિન્દૂ લગ્ન અમાન્ય છે. તેવું સુપ્રીમ કોર્ટે કહ્યું છે. વધુમાં કહ્યું કે જો કોઈ લગ્નમાં આવાં આયોજનનો અભાવ હોય તો તે કપલને વૈવાહિક દરજ્જો આપી શકાય નહીં. એટલે કે હિન્દુ વિવાહ ત્યારે જ માન્ય ગણાશે જ્યારે સમાજની સામે સંપૂર્ણ મંત્રોચ્ચારની વચ્ચે અગ્નિની સામે સાત પવિત્ર ફેરા લેવા જેવી પ્રથા નિભાવવામાં આવી હોય.

છૂટાછેડાના એક કેસની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે હિન્દુ ધર્મમાં લગ્નના મહત્વ અંગે અવલોકન કર્યું હતું. સાથે જ એવા લોકોને ટકોર કરી હતી જેઓ લગ્નનો ઉપયોગ માત્ર સર્ટિફિકેટ મેળવવા માટે કરતા હોય છે. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે હિન્દુ લગ્ન કોઈ નાચવા, ગાવા કે દારુ પિવા માટેની ઈવેન્ટ નથી, આ એક પવિત્ર સંસ્કાર છે, જ્યાં સુધી હિન્દુ વીધી મુજબ લગ્ન ના થય। હોય ત્યાં સુધી તેને માન્ય ના ગણી શકાય.

મહિલા અને પુરુષ બન્ને પાયલોટ છે અને હિન્દુ લગ્ન વીધી પુરી કર્યા વગર જ લગ્નનું સર્ટિફિકેટ મેળવવાનો પ્રયાસ કર્યો હતો, જે બાદ બન્નેએ કોર્ટમાં છૂટાછેડાની અપીલ કરી હતી જે સમયે એવી દલીલ કરી હતી કે અમે હિન્દુ લગ્નની વીધી કરી ના હોવાથી આ લગ્નને અમાન્ય જાહેર કરવામાં આવે. દલિલો દરમિયાન સુપ્રીમ કોર્ટે અરજાદારોને ટકોર કરતા કહ્યું હતું કે તમે લગ્ન સંસ્થાનો ઉપયોગ માત્ર સર્ટિફિકેટ મેળવવા માટે ના કરી શકો. ભારતીય સમાજમાં આ એક પવિત્ર સંસ્કાર છે, લગ્ન એ કોઈ સોંગ-ડાંસ, વાઈનિંગ કે ડાઈનિંગની ઈવેન્ટ અથવા તો દહેજ લેવાનો કોઈ કાર્યક્રમ નથી.

સુપ્રીમના ન્યાયાધીશ બી વી નાગરત્ના અને ઓગસ્ટિન જ્યોર્જ માસિહની બેંચે કહ્યું હતું કે લગ્ન કોઈ વ્યવસાચિક આપલે નથી,

(અનુ. આઠમા પાને)



# જર, જમીન ને જોરૂ : ગઈકાલે, આજે કે આવતીકાલે પણ 'કજિયાના' છોરૂ જ ગણાશે !

## આજના પારિવારિક ઝઘડામાં મુખ્યત્વે આ ત્રણ પરિબળો જ જોવા મળે છે : સંયુક્ત કુટુંબમાં વડીલની ભૂમિકાથી ઘણી સમસ્યાઓનું નિરાકરણ થઈ જતું હતું

### આજે સહનશીલતા અને સમજદારી ઘટવાને કારણે પારિવારિક ઝઘડાઓ વધ્યા છે, સગા ભાઈઓ વચ્ચે પણ સ્વાર્થ વધતા પરસ્પર ડખ્ખા જોવા મળે છે, મા બાપને સાથે રાખવાના પ્રશ્નથી શરૂ થયેલા ઝઘડાઓ મિલકતના ભાગ સુધી પહોંચે છે

### સંયુક્ત કુટુંબમાં વડીલની ભૂમિકાથી પરિવાર અકબંધ રહેતો હતો : આજના યુગમાં કોઈને સાથે રહેવું ગમતું ન હોવાથી મોટા ભાગના સંયુક્ત પરિવારો વિભક્ત થઈ ગયા છે : પહેલા બધા સાથે રહેતા તેમાં નબળો ભાઈ સચવાઈ જતો હતો

આજના યુગમાં પારિવારિક ઝઘડાઓ કે કૌટુંબિક કલેશ દિન પ્રતિદિન વધી રહ્યા છે, ત્યારે અગાઉના જમાનામાં પણ જર,જમીન અને જોરૂ ને કારણે ઘણા પરિવારો બરબાદ થઈ ગયા હતા. કુટુંબમાં માત્ર સમજદારી અને સહનશીલતાના અભાવને કારણે આવા કૌટુંબિક ઝઘડાઓ જોવા મળી રહ્યા છે. પારિવારિક ઝઘડાઓમાં આ ત્રણ પરિબળોની ભૂમિકા મુખ્ય હોય છે. આજના યુગમાં કોઈને મા બાપ સાથે રહેવું ગમતું નથી, જેને કારણે પોતાનું જુદુ ઘર બનાવીને વિભક્ત કુટુંબમાં રહેવું ગમતું હોવાથી, ભાઈઓ ભાઈઓ વચ્ચે પણ મતભેદો જોવા મળે છે. ઘણા કિસ્સાઓમાં તો મિલકતની ભાગ બટાઈ માટે પરિવારના અંગત સદસ્યો પણ કોર્ટના દ્વાર ખખડાવે છે. આજે કુટુંબના વડીલો ઘણીવાર કહેતા જોવા મળે છે કે, અમારો અગાઉનો જમાનો સારો હતો, આવા ઝઘડાઓ અમે ક્યારેય જોયા નથી, નવા જમાનાના તમે લોકો હવે તમારા સંતાનોનો વિચાર કરો અને તેનામાં સારા સદગુણોનું સિંચન કરો, જેથી તે તમને વૃદ્ધાશ્રમમાં મૂકવા નહીં જાય, અન્યથા અમે ભોગવ્યું છે, તેવું તમારે પણ ભોગવવું પડશે.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
મો.૯૮૨૫૦૭૮૦૦૦

ભાઈઓ ભાઈઓ વચ્ચે કે ભાભી નણંદ કે દેરાણી જેઠાણી વચ્ચે ઝઘડાઓ ચરમશીમાએ પહોંચે છે ત્યારે કુટુંબ કે પરિવાર માં વિનાશ નોતરે છે. આજના યુગમાં સાસુ વહુના ઝઘડાઓ કુટુંબિક કલેશમાં મોખરે જોવા મળે છે. આજે પુરુષ કે સ્ત્રીમાં ધીરજ કે સહન કરવાની શકિત જ ન હોવાથી ઘણી બધી સમસ્યાઓ નું સર્જન થાય છે. એકમાત્ર જતું કરવાની ભાવના જો પરિવારના સભ્યો કેળવી લે તો ઘણી બધી સમસ્યાઓ માંથી બચી શકે છે. પતિ પત્નીના ઝઘડા કે કોટુંબિક કલેશ ની સીધી અસર બાળકો ઉપર પડતી હોવાથી આવા પરિવારના બાળકોનો વિકાસ રૂંધાઈ જાય છે. કુટુંબએ સમાજની પાયાની સાર્વત્રિક સંસ્થા છે. પરિવારમાં જ બાળકોને ઉછેર જેવા મહત્વના કાર્યો જોવા મળે છે. દરેક વ્યક્તિના શારીરીક, માનસિકની સાથે સામાજીક વિકાસ અને જીવનનો પ્રારંભ કુટુંબમાંથી જ થાય છે. કુટુંબમાં પતિ-પત્નિ વચ્ચેના જોડાણનો સંબંધ છે. આદીકાળથી જૂથમાં રહેવા ટેવાયેલો માનવ ધીમેધીમે પ્રગતી કરી પોતાના ઘર બનાવીને પરિવાર વધારતો ગયોને કુટુંબોની વિવિધ પ્રથા અને રિવાજો અમલમાં આવ્યા. પરિવારની વાત જોઈએ તો સંયુકત, વિભકત, માતૃસત્તાક અને પિતૃસત્તાક કુટુંબ જેવા પરિવારો જોવા મળે છે. સૌથી શ્રેષ્ઠ સુવર્ણ ગાળો સંયુક્ત કુટુંબ પરિવારનો ગણાય છે, તેમાં ઘરના મોભી વડીલની ભૂમિકા સૌથી અગત્યની હતી. પરિવારની દરેક બાબતમાં તેનું માર્ગદર્શન અગ્રીમ ભૂમિકા ભજવતું હતું.

વડીલ પરિવારને પ્રેમ પણ કરે અને ભૂલો થાય ત્યારે તેનો પ્રકોપ કે હાકોટ પણ બતાવે છે. તેમની ભૂમિકાને કારણે સંયુક્ત કુટુંબ અકબંધ રહેતો હતો. જે આજે જોવા મળતું નથી. આજના યુગમાં કોઈને સાથે રહેવું ગમતું ન હોવાને કારણે અલગ થતાં મોટાભાગના સંયુક્ત પરિવાર આજે ભાંગીને વિભક્ત પરિવારમાં ફેરવાય ગયા છે. પહેલા બધા ભાઈઓ, દાદા-દાદી સાથે પરિવાર ભેગો હતો ત્યારે પરિવારનો નબળો ભાઈ સચવાઈ જતોને તે ઉપરાંત તેના પ્રસંગો પણ સૌ સાથે મળીને ઉકેલી દેતા હતા. એ જમાનામાં પારિવારિક પ્રસંગો વિના વિધ્ને પાર થઈ જતાં, તો એ જમાનામાં ચાર-પાંચ લગ્ન પ્રસંગો સંતાનોના કાઢતા છતાં ક્યારેય લોન લીધી હતી અને શોભે તેવા પ્રસંગોની ઉજવણી અને પરંપરા મુજબ સોનું પણ ચડાવાતું. આ બધુ સંયુક્ત કુટુંબમાં જશક્ય બને છે બાકી તો આજે વિભક્ત કુટુંબમાં કેવી હાલત થાય છે તે આપણે બધા જોઈએ છીએ.

પારિવારિક પ્રસંગો સંયુક્તમાં વિના વિધ્ને પાર પડતા જે આજે બધી જ રીતે મુશ્કેલી વચ્ચે પૂર્ણ થાય છેઃ સંતાન ઉછેરમાં પણ તકલીફ પડતી ન હતી અને ગમે તેવી મુશ્કેલીમાં બધાનો સાથ મળતા મુશ્કેલી દૂર થઈ જતી

સંયુક્ત પરિવારમાં સંતાનોના લાલન, પાલન, ઉછેરમાં મુશ્કેલી આવતી નહીંને છોકરા ક્યારેય મોટા થઈ જાય તેની ખબર પણ ના પડતી. દાદા-દાદીની વાતો છોકરાને બધા સંસ્કારો આપી દેતા હતા. વર્ષમાં આવતા વિવિધ તહેવારો, પ્રસંગોમાં પરિવાર આનંદ ઉલ્લાસથી ભાગ લેતો હતો. આજના યુગ જેવું તણાવ પરિવારમાં કદી જોયુ જ ન હતું. ગમે તેવી મુશ્કેલીમાં એકબીજાના સાથ સહકારથી પાર પડી જતી હતી. દરેક પરિવારનું પોતાના સમાજમાં નામ હોવાથી દિકરી લેવા કે દેવામાં ક્યારેય મુશ્કેલી પડતી નહીં. કુટુંબની શાખ જ કરોડોની સંપતિ ગણાતી હતી. આનંદ કિલ્લોથી, શાંતિથી રહેતો પરિવાર એકબીજાની હૂંફથી સફળ સંસાર યાત્રા બનાવતો હતો. આજના યુગમાં માણસોના સ્વભાવ, પ્રકૃત્તિઓ, જરૂરિયાતો સાથે વ્યક્તિઓના વર્તન સાવ જુદા હોવાથી ઘણા પરિવારો એક જમાનામાં નામ હતું તે આજે ભાંગી ગયા છે. કુટુંબ પ્રથા જ આપણું જીવન ગણાતું પણ સહનશીલતા કે જતુ કરવાની ભાવના ન હોવાથી પરિવારો મોતીના દાણાની જેમ વિખરાય ગયા છે.

કુટુંબ જૂથ, લગ્ન, લોહી કે દત્તક સંબંધો દ્વારા અસ્તિત્વમાં આવે છે. પતિ-પત્નિનું બનેલું લાંબા ગાળાનું જૂથ એટલે પરિવાર એમાં સંતાનો અને તેના સંતાનો ઉમેરાતા પરિવાર મોટો થાય છે. માતા-પિતા, ભાઈ-બહેન, કાકા-કાકી, દાદા-દાદી, મામા-મામી, માસા-માસી, ફઈબા અને ફૂવા જેવા પારિવારિક સંબંધો જ એટલા મીઠા હોય છે કે તેમાં જીવનની મીઠાશ ભળતા સમગ્ર જીવન પુલકિત થઈ ઉઠે છે.

માતૃવંશી કુટુંબમાં વંશગણના માતાથી થાય છે અને બાળકના નામ પાછળ માતાનું નામ લખાય છે. પિતૃવંશીમાં પિતાથી વંશગણના થાય અને બાળક પાછળ પિતાનું નામ લખાય છે. માતૃસત્તાક કુટુંબમાં માતા સર્વોપરી સત્તા ભોગવે છે તો પિતૃસત્તાક કુટુંબમાં પુરૂષ સત્તા ભોગવે છે. આપણો દેશ પુરૂષ પ્રધાન દેશ છે તેથી પુરૂષનું આધિપત્ય રહે છે. સૌથી શ્રેષ્ઠ વ્યસ્થા સંયુક્ત કુટુંબની ગણાય છે, જે કદની દ્રષ્ટિએ વિશાળ ગણાય છે. એક સાથે બે કે ત્રણ પેઢી સાથે રહે છે. પરિવારની મિલ્કતમાં તમામનો હક્ક હોય છે. કુટુંબના વડાનો નિર્ણય સૌએ માન્ય રાખવો પડે છે. આવા પરિવારમાં વડીલ સામે કોઈ બોલી શકતું ન હતું. આવા પરિવારમાં વૃધ્ધ, વિધવા, અપંગ, અશક્ત વિગેરે સભ્યો સલામતી ભોગવતા અને આશ્રય પણ મળતો.

વિભક્ત કુટુંબમાં પતિ-પત્નિ બાળકો જ રહેતા હોવાથી શાળાએ મુકવા-લેવા કે બહાર ગામ જતી વખતે ઘણી મુશ્કેલી ભોગવવી પડે છે. ચાર જણામાં પપ્પા પાસે ભલે સર્વસત્તા રહી પણ નિર્ણયો તો સર્વ સંમતિથી જ લેવામાં આવે છે. આ સિસ્ટમનો ફાયદો એ છે કે મહિલા-બાળકોને સ્વતંત્રતા મળતી હોવાથી તેની પ્રગતિ અને વિકાસની વધુ તકો મળે છે. આજે સંયુક્ત કુટુંબ તૂટવા લાગ્યા છે પણ તેને તૂટવા દેવા માંગતા ન હોવાના પ્રયાસોમાં સૌથી વધુ આડે સભ્યોનો ગુસ્સો, જીદ્દી વલણ, સહનશીલતાનો અભાવ વિગેરે તેને સાંધવા દેતા નથી. સહનશીલ લોકોનું એક જૂથ શ્રેષ્ઠ કુટુંબ બની શકે છે. વડીલ પોતાની કુનેહથી પરિવારને એક તાંતણે બાંધી રાખે છે. ઘરના મોભી સ્ત્રી હોય કે પુરૂષ પણ તેની ધીરજ

### સંયુક્ત પરિવારનાં શ્રેષ્ઠ નિયમો આજે લુપ્ત થઈ ગયા !!

દરેક પરિવારમાં સૌ સાથે મળીને પ્રાર્થના કરતા અને બધા ભેગા મળીને જ જમવા બેસતા. બધા રાત્રે ફ્રી થયા બાદ ગૃપમાં બેસીને વાતો કરતાંને આનંદ કરતાં. પરિવારના સભ્યોની મુશ્કેલી સમયે સૌ સાથે મળીને સહયોગ આપતાં. પહેલો સગો પાડોશીનો ધર્મ નિભાવીને મદદ કરતા હતાં. વડિલોને માન-સન્માન અને આદર આપતાં હતા તો હોળી, દિવાળી, સાતમ-આઠમ જેવા વિવિધ તહેવારો સૌ સાથે મળીને હર્ષોલ્લાસથી ઉજવતાં હતા. મહિને એકાદવાર બધા જ ફરવા જતા ને ઘેરથી જ જમવાનું બનાવીને લઈ જતાં હતા. આ બધી વાતો સંયુક્ત પરિવાર હતા ત્યાં સુધી ટકી રહી હતી. આજે તો એ તમામ શ્રેષ્ઠ નિયમો, પરંપરા સાવ તૂટી ગઈ છે કે લુપ્ત થઈ ગઈ છે. એ જમાનામાં મહેમાનો લગ્નના ચાર-પાંચ દિવસ અગાઉ આવી જતાંને છતાં ક્યારેય અગવડતા પડી નહીં. આજના બાળકોને આ બધી સોનેરી જીવનની વાતો કરજો, એ જ આપણી મૂડી હતી, સંસ્કૃતિ હતી.

# લોકતંત્રનો ભાગ્યવિધાતા "મતદાતા"

અમેરિકાના પૂર્વ રાષ્ટ્ર પ્રમુખ અબ્રાહમ લિંકને લોકશાહીની વ્યાખ્યા આ પ્રમાણે આપી છેઃ

'Democracy is a rule of the people,for the people and by the people.'

અર્થાત લોકશાહી એટલે લોકો માટે,લોકો દ્વારા ચાલતી પદ્ધતિ.પ્રાચીન સમયમાં રાજાશાહી પદ્ધતિથી શાસન ચાલતું હતું.સમય જતા લોકશાહી અસ્તિત્વમાં આવી અને લોકો પોતાનો નેતા પોતે ચૂંટવા લાગ્યા.આ પદ્ધતિ એટલે સમજો કે આજની મતદાન પદ્ધતિ.

લોકશાહી સમાજ પરિવર્તનનું સાધન અને સાધ્ય છે.લોકશાહી પ્રક્રિયા દ્વારા અસમાનતા કેન્દ્રિત સાંસ્કૃતિક મૂલ્યો,વ્યવહાર અને જન્મ આધારિત સામાજિક વ્યવસ્થા અસ્ત થઈ જાય છે.કાળક્રમે સમાનતા, સ્વતંત્રતા અને વૈશ્વિક દ્દષ્ટિ આધારિત સમાજ વ્યવસ્થાની રચના થાય છે.

ભારતની લોકશાહીમાં અઢાર વર્ષની ઉંમરનો કોઈપણ નાગરિક મત આપવા માટે સક્ષમ છે.ચૂંટણી તો અવારનવાર આવતી જ રહે છે.ચૂંટણીના અનેક પ્રકાર છે.મતદાનના પણ ઘણા પ્રકાર છે.અત્યારે એ વાત નથી કરવી.પરંતુ દરેક નાગરિકે સમજી લેવાની જરૂર છે કે અઢાર વર્ષની ઉંમર થઈ જાય એટલે તેમને મતદાન કરવાનો અધિકાર આપોઆપ મળી જાય છે.તેઓને ચૂંટણી કાર્ડ આપવામાં આવે છે.જે મતદાન કરવા માટેની લાયકાત ધરાવતું કાર્ડ છે. ચૂંટણી કાર્ડનો ઉપયોગ આપણે ઓળખ માટે પણ કરી શકીએ છીએ.મતદાન એટલે તમે તમારી ઈચ્છા મુજબ તમને યોગ્ય હોય એ પ્રતિનિધિને તમે મત આપી શકો છો.તમારા પ્રતિનિધિ આ ચૂંટણી જીતશે કે હારશે એમાં તમારા મતનું પણ યોગદાન છે.કેમકે ચૂંટણીમાં એક એક મતથી પણ હાર જીત થતી હોય છે. તમારા વિસ્તારમાં વર્તમાન ચૂંટણીમાં ક્યા પક્ષના નેતા તમારા માટે યોગ્ય છે,એ સમજી વિચારી તમારે મતદાન કરવું જોઈએ.તમારી પસંદગીનો નેતા તમારા વિકાસના યોગ્ય કાર્ય કરવા ચૂંટણી જીતી શકે.એટલે કે આપણા માટે જ આપણે યોગ્ય નેતા પસંદ કરવાનો હોય ત્યારે મત આપવો ખૂબ જરૂરી થઈ પડે છે.

ચૂંટણી આવવાની હોય ત્યારે એની તારીખ સમય અગાઉથી નક્કી થઈ જાય છે.ચૂંટણીના દિવસે આપ આપના અનુકૂળ સમયમાં આપની પસંદગીના ઉમેદવારને કે પક્ષને જીતાડવામાં મત આપી શકો એવું આયોજન ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવે છે. ભૂતકાળમાં બેલેટ પેપર દ્વારા મતદાન કરવામાં આવતું હતું.છેલ્લાં કેટલાક વર્ષોથી ઈવીએમ મશીન દ્વારા ચૂંટણીઓ યોજાય છે.તેમાં તમે સરળતાથી તમારા નેતાને મત આપી શકો છો.તમારો મત ખૂબ કીમતી છે.એનું મૂલ્ય લોકશાહીમાં હંમેશા ઊંચું રહ્યું છે.

**ચિંતનની પાંખે**



**વિઠ્ઠલભાઈ વઘાસિયા**
Vdvaghasia@gmail.com.

મતદાન વધારવાના પ્રયત્નો થવા છતાં હજુ પણ સો ટકા મતદાન થતું નથી.લોકસભાની વર્તમાન ચૂંટણીના બે તબક્કામાં જ્યાં મતદાન થયું છે,તેના આંકડા તપાસીએ તો થયેલું મતદાન લગભગ સાંઈઠ ટકા જેવું રહેવા પામ્યું છે.ઓછા મતદાનના કારણો તપાસીએ તો ઘણા લોકો ચૂંટણીમાં રસ લેતા નથી અને પોતાના મતને કીમતી સમજતા નથી.ઘણા લોકો પક્ષ - વિપક્ષની માથાકૂટમાં મત આપતા નથી. ઘણાને એમ છે કે હું મત નહિ આપું તો એમાં શું થઈ જવાનું છે ? તો વળી ઘણા સમયનું બહાનું કાઢે છે કે,સમય જ નથી મત આપવા જવાનો ! હકીકતમાં તો મતદાનના દિવસે જાહેર રજા રાખવામાં આવતી હોય છે.ફેક્ટરીઓમાં કામ કરતા કર્મચારી વર્ગ માટે પણ સાપ્તાહિક રજા સરભર કરીને મતદાનના દિવસે રજા જાહેર કરવામાં આવતી હોય છે.તો વળી ઘણા એવું વિચારે છે કે એક પણ લાયક ઉમેદવાર નથી,તો કોઈને મત આપવો જ નથી.આવા ઘણા બધા કારણોના લીધે મતદાન સો ટકા થતું નથી.તમને એવું લાગે કે તમારા વિસ્તારનો ઉમેદવાર ચૂંટવા લાયક નથી તો તમે 'નોટા' વાપરી શકો છો.એ પણ તમારો અધિકાર છે.અયોગ્ય વ્યક્તિને લોકસભા કે ધારાસભા મોકલીને પાછળથી પસ્તાવા કરતાં નોટાનું બટન દબાવી દેવું સારું.પણ મતદાન અચૂક કરવું જ જોઈએ.ઘરમાં બેસી રહીને ફાફડા જલેબી ઉડાવવા હોય કે ફરવા જવાનો કોઈ પ્રોગ્રામ બનાવ્યો હોય તો ભલે ચોક્કસ તેવું કરીએ.પરંતુ પહેલા મતદાન કરવા જવું જોઈએ.હવે મતદાનનો સમય પણ વધારી દેવામાં આવ્યો છે.સવારના સાત વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધીમાં તમે ગમે ત્યારે મત આપવા જઈ શકો છો.એટલે થોડો સમય કાઢીને પણ મત આપીને જ અન્ય કામ કરવા જોઈએ.

લોકસભાની ચૂંટણી સંદર્ભે વધુમાં વધુ મતદાન થાય તે માટે ચૂંટણી તંત્ર દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું છે.મતદાન જાગૃતિના અનેકવિધ કાર્યક્રમ યોજવામાં આવી રહ્યા છે.વૃદ્ધ અને દિવ્યાંગ મતદાતાઓ સરળતાથી મતદાન કરી શકે તે માટે અનેક સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. હોમ વોટીંગની સુવિધા અંતર્ગત વૃદ્ધ અને અશક્ત નાગરિકોનું મતદાન કરાવવા તંત્ર કામે લાગી ગયું છે.પ્રથમ વખત મતદાન કરનારાઓ માટે 'વોટીંગ ઈઝ અ ન્યુ કુલ' સૂત્ર સાકાર કરવા માટે તંત્ર દ્વારા કોલેજ કેમ્પસ એમ્બેસેડરની નિમણૂક કરવામાં આવી રહી છે.મતદારોને મતદાન અંગે પ્રેરિત કરવા માટે શાળાઓ દ્વારા રેલીઓ યોજવામાં આવે છે.મોક ચૂંટણી મથક ઊભા કરીને મતદાનની પ્રક્રિયાથી વિદ્યાર્થીઓને અવગત કરવામાં આવે છે.તો ક્યાંક ક્યાંક મતદાન જાગૃતિના સૂત્રો અને બેનરો પણ વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવે છે.ક્યાંક ક્યાંક સમૂહ લગ્ન જેવા પ્રસંગોમાં મતદાન કરવા માટે સામૂહિક શપથ પણ લેવડાવવામાં આવે છે.તો વળી કોઈ વાલી પોતાના સંતાનોના લગ્નની કંકોત્રીઓમાં પણ મતદાન કરવાની અપીલ કરતા જોવા મળે છે.લોકશાહીના અવસરમાં મહત્તમ મતદાન થાય તે માટે મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત 'દસ મિનિટ દેશ માટે' જેવા નાટકોનું આયોજન પણ કરવામાં આવી રહ્યું છે. 'તમારા મતદાન મથકને જાણો' જેવા કાર્યક્રમો દ્વારા મતદાન મથકની મુલાકાત કરવા માટેનું પણ આયોજન કરવામાં આવ્યું છે.મતદાર માટે પાર્કિંગની પ્રાથમિકતા,વ્હીલ ચેર,સ્વયંસેવક સહાયતા,સીનીયર સીટીઝન માટે અલગ કતારનું આયોજન,વાહન વ્યવસ્થા જેવી વૈકલ્પિક વ્યવસ્થા અંગે જાગૃતિ લાવવાના પ્રયત્નો થઈ રહ્યા છે.મતદાર માહિતી કાપલીમાં મતદાન મથકનું સંપૂર્ણ એડ્રેસ આપવામાં આવ્યું જ હોય છે.તેમ છતાં આ વખતે ક્યુ આર કોડ પણ છાપવામાં આવ્યો છે.જેથી મતદાર પોતાનું મતદાન મથક સરળ રીતે શોધી શકે. આ ઉપરાંત જુદા જુદા ક્ષેત્રોમાં મતદાન કરાવવા માટે મતદારોને આકર્ષવા અલગ અલગ પ્રકારની સ્કીમ પણ જાહેર કરવામાં આવી રહી છે.કોઈ પેટ્રોલ પંપ પરથી પેટ્રોલ ભરાવનારને અમુક ટકા રીબેટ આપવામાં આવશે તો,કોઈ રેસ્ટોરન્ટમાં જમવા જનારને અમુક ટકા રિબેટ આપવામાં આવશે.અમુક શોપીંગ મોલમાંથી ખરીદી કરવાથી ખરીદી પર અમુક ટકા રીબેટ આપવામાં આવશે.આવી અવનવી જાહેરાતો દ્વારા વધુમાં વધુ મતદાન થાય,તેવા પ્રયત્નો થઈ રહ્યા છે,જે જન જાગૃતિ માટે આવકાર્ય પણ છે. તમારો મત તમારો અધિકાર.તમે એનો સદુપયોગ કરી એક ઉત્તમ નાગરિકને શોભે એવું કાર્ય કરી શકો છો.

### મતદાન માત્ર અધિકાર નથી, પરંતુ બહુ મોટી જવાબદારી છે

## ઇડીયટ વ્યુ



\- સંજય કોરીયા




## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૦૨-૦૫-૨૦૨૪ ગુરુવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (કેવી રીતે જઈશ)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટિવેશન સ્પીચ (કાજલ ઓઝા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (ઓરમા મોદક)
૦૩:૩૦ થી ૦૪:૦૦ હેલ્થ વેલ્થ (ડો.તન્વી ચોટાઇ)
૦૪:૦૦ થી ૦૪૩૦ ચાય પે ચર્ચા (ઈન્કમ ટેક્સ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સ્પે.સ્ટોરી (ટૂર એન્ડ ટ્રાવેલ સ્ટોરી)
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (સુંદર બે બાયડીવાળો)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૦૯:૩૦ સમાચાર
૦૯:૩૦ થી ૧૦:૩૦ જગબાપા ડાયરો
૧૦:૩૦ થી ૧૨:૦૦ કલાકુંભ
**તારીખ ૦૩-૦૫-૨૦૨૪ શુક્રવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવ કથા (પુ.ગીરીબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ મોટિવેશનલ સ્પીચ
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ ગીત ગુંજવાળી

## અબતક પંચાગ

**તા.૩-૫-૨૦૨૪ શુક્રવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૦ **શાલીવાહન શકિ:** ૧૯૪૫
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૪
**તિથી** ચૈત્ર વદ દશમ પંચક
**નક્ષત્ર** શતભીષા
**યોગ** બ્રહ્મ **કરણઃ** વણિજ
**સુર્યોદય** ૬.૧૫ **સુર્યાસ્તઃ** ૭.૧૩
**ચંદ્ર રાશી** કુંભ
**રાશિ અક્ષર** ગ.શ.સ
**દિશાશૂળ** પશ્ચીમ દિશાતરફ
**રાહુકાળ** સવારે ૧૦.૩૦ થી ૧૨
**દિવસનાચોઘડીયા** ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ
**રાત્રીનાચોઘડીયા** રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૧૮ થી ૧.૦૯

**શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭**

## સૂડોકુ -૧૪૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૭ | ૨ | | | ૯ | |
| | ૭ | | | | ૯ | | ૬ | |
| | | | | | | | ૩ | ૮ |
| | ૧ | | | | | ૨ | ૫ | |
| ૩ | ૨ | | ૮ | | | ૯ | | |
| | | ૯ | ૪ | ૬ | | | | ૩ |
| | | | | ૪ | | | ૨ | ૯ |
| ૫ | ૬ | | | | | | | ૭ |
| | | | | | ૮ | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૧૪૬ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૩ | ૭ | ૮ | ૪ | ૨ | ૯ | ૫ | ૧ |
| ૫ | ૮ | ૧ | ૬ | ૩ | ૯ | ૪ | ૨ | ૭ |
| ૨ | ૪ | ૯ | ૫ | ૧ | ૭ | ૮ | ૬ | ૩ |
| ૭ | ૫ | ૩ | ૪ | ૨ | ૮ | ૬ | ૧ | ૯ |
| ૪ | ૯ | ૨ | ૩ | ૬ | ૧ | ૫ | ૭ | ૮ |
| ૧ | ૬ | ૮ | ૯ | ૭ | ૫ | ૩ | ૪ | ૨ |
| ૩ | ૨ | ૫ | ૧ | ૮ | ૪ | ૭ | ૯ | ૬ |
| ૮ | ૧ | ૪ | ૭ | ૯ | ૬ | ૨ | ૩ | ૫ |
| ૯ | ૭ | ૬ | ૨ | ૫ | ૩ | ૧ | ૮ | ૪ |

## આજનું રાશિફળ

**તા.૨.૫.૨૦૨૪ ગુરુવાર ,સંવંત ૨૦૮૦ ચૈત્ર વદ નોમ, ધનિષ્ઠા નક્ષત્ર , શુક્લ યોગ, તૈતિલ કરણ આજબપોરે ૨.૩૨ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ મકર (ખ,જ) ત્યારબાદ કુંભ (ગ,સ,શ) રહેશે.**

**મેષ (અ,લ,ઈ) :** આવકમાં મધ્યમ રહે ,આકસ્મિત લાભ થાય,ધાર્યા પરિણામ પ્રાપ્ત કરી શકો, પ્રગતિકારક દિવસ.

**વૃષભ (બ,વ,ઉ) :** સ્ત્રીવર્ગ માટે ઉત્સાહજનક,વેપારીવર્ગને મધ્યમ રહે,નોકરિયાતને સારું રહે,આગળ વધવાની તક મળે,શુભ દિન.

**મિથુન (ક,છ,ઘ) :** નસીબ સાથ આપતું જણાય,ધાર્યા કામ પાર પાડી શકો,મિત્રોની મદદ મળી રહે, પ્રગતિકારક દિવસ .

**કર્ક (ડ,હ) :** માનસિક વ્યગ્રતા રહે,મનનું ધાર્યું ના થાય,નેગેટિવ વિચારો આવે, મધ્યમ દિવસ.

**સિંહ (મ,ટ) :** અંગત જીવનમાં સારું રહે,સામાજિક રીતે આગળ વધી શકો, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો.

**કન્યા (પ,ઠ,ણ) :** જુના હઠીલા રોગ થી સાવધાન રહેવું,વધુ પડતી ચિંતાઓ ટાળવી,પરેજી પાલવ સલાહ છે .

**તુલા (ર,ત) :** સંતાન અંગે સારું રહે,પરિવાર સાથે આનંદ માણી શકો,કૌટુંબિક પ્રશ્નો ઉકેલી શકો, શુભ દિન .

**વૃશ્ચિક (ન,ય) :** નવા આયોજનો વિચારી શકો ,તમારા શોખ માટે સમય કાઢી શકો, દિવસ આનંદ માં પસાર થાય.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** ભાઈ ભાંડુ સુખ સારું રહે,મિત્રોની મદદ મળી રહે, નવા સંબંધોમાં સારું રહે, યાદગાર દિવસ.

**મકર (ખ,જ) :** આર્થિક બાબતો માં મધ્યમ રહે,વાણી વર્તન માં કાળજી લેવી,સત્ય કહેવાની રીત પણ બદલવી પડે.

**કુંભ (ગ,સ,શ) :** તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય,નવી પ્રતિભા કેળવી શકો, યશ પ્રતિષ્ઠા મેળવી શકો .

**મીન (દ,ચ,ઝ,થ):** ખર્ચ પર અંકુશ રાખવો, નાણાકીય આયોજન કરવું જરૂરી બને,યોગ્ય રીતે હિસાબ રાખવો જરૂરી બને છે.

## અખાત્રીજ પર લગ્નના મુહૂર્ત કેમ નથી ??

મંગળ રાહુ યુતિ શરુ થતા અત્રે લખ્યા મુજબ ઘણા મોટા સ્કેન્ડલ બહાર આવ્યા છે તો આર્ટીફીસીયલ ઈન્ટેલિજન્સનો ઘણો દુરુપયોગ પણ સામે આવી રહ્યો છે વળી ડ્રગ્સ ની હેરફેર અને સમુદ્રમાં મહત્વની ઘટનાઓ બની રહી છે જે વિષે અત્રે લખી ચુક્યો છું આ ઉપરાંત આ યુતિ શરુ થયા પછી આત્મઘાતથી લઈને એસિડ એટેક સુધીની ઘટનાઓ સામે આવી રહી છે તો બુધ શેરબજારને તેજીમાં લાવી રહ્યું છે જયારે ગુરુ અને શુક્રનો અસ્ત સોના ચાંદીના ભાવમાં થોડી પીછેહઠ કરાવી આગળ વધારશે વળી આ વખતે અક્ષય તૃતીયા એટલે કે અખાત્રીજ જે વણકહ્યું મુહૂર્ત કહેવામાં આવે છે તેમાં પણ લગ્નની શરણાઈ નહિ ગુંજે કેમકે ત્યારે જ ગુરુ અને શુક્ર બંને ગ્રહો અસ્તના હશે! આ વર્ષે ઘણા વર્ષો પછી ગુરુ અને શુક્રના અસ્તના કારણે અક્ષય તૃતીયા એટલે કે અખાત્રીજ પર લગ્નના મુહૂર્ત નથી કેમ કે ગુરુ અને શુક્ર બંને સુખી લગ્નજીવનના પાયા છે માટે એના અસ્ત સાથે લગ્ન કરવા હિતાવહ નથી! હા અખાત્રીજ પર યોગ્ય રીતે લક્ષ્મીજી કુબેર અને સુવર્ણ અને કળશ પૂજા કરવામાં આવે તો સમગ્ર વર્ષ દરમિયાન ધનની કમી રહેતી નથી! આ શુભ દિવસે સાધના કરવાથી અને કુબેર અને લક્ષ્મી મંત્ર કરવાથી શુભ ગ્રહો વધુ શુભ ફળ આપે છે તથા આ દિવસે હકારાત્મક ચિંતન કરવાથી અને પોઝિટિવ વિચારો કરવાથી ખુબ લાભ પ્રાપ્ત કરી શકાય છે. મેં માસના માધ્ય ભાગમાં મંગળ રાહુ યુતિ ડિગ્રી મુજબ ખુબ પાસે પાસે હશે જે સમય આતંકી ગતિવિધિ અને યુદ્ધ જેવી સ્થિતિ નિર્માણ થતું અને વૈશ્વિક સ્તરે છળ કપટની ઘટનાઓ જોવા મળે.



**જ્યોતિષાચાર્ય**
**રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨**

# તાલાલા યાર્ડમાં કેસર કેરીની હરાજીના શ્રી ગણેશઃ ૫૭૬૦ બોકસની આવક

## ૧૦ કિલો કેસર કેરીના નીચો ભાવ ૬૨૫ જ્યારે સૌથી ઊંચો ભાવ ૧૩૫૦ બોલાયા



**અબતક-લીલાધર હરવાણી-તાલાલા**

કાલ થી વિધિવત રીતે ગીરની પ્રખ્યાત કેસર કેરીની જાહેર હરાજી તાલાલા માર્કેટિંગ યાર્ડ ખાતે શરૂ થઈ છે. બપોરે ૨ કલાકે શરૂ થયેલી હરાજીમાં આજે ૧૦ કિલોના કેરીના૫૭૬૦ બોક્સની આવક થવા પામી છે. કાલે પ્રથમ દિવસે જ જાહેર હરાજીમાં પ્રતિ ૧૦ કિલો કેસર કેરીના સરેરાશ બજાર ભાવો ૫૦૦થી ૧૧૫૦ સુધી મળતા ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયો છે. ગત વર્ષ કરતાં વધુ ભાવ થી કેસર કેરીની વિધીવત જાહેર હરાજી શરૂ થઈ છે.

તાલાલાની કેરીનો સ્વાદ ગુજરાતીઓને જ નહીં વિશ્વભરના લોકોને દાઢે વળગ્યો છે. કેસર કેરીનો સ્વાદ જ કંઈક અલગ હોય છે. આજે તાલાલા ગીર માર્કેટિંગ યાર્ડમાં કેસર કેરીની હરાજી શરૂ થઈ હતી. આજે કુલ પાંચ હજારથી વધારે બોક્સની આવક થઈ હતી. ભાવની વાત કરીએ તો કાલે ૧૦ કિલો કેસર કેરીના ભાવ ૬૨૫ બોલાયા હતા. જ્યારે સૌથી વધારે ભાવ ૧૦ કિલોના બોક્સના ૧૩૫૦ બોલ્યા હતા.

અમરેલી અને ગોંડલ યાર્ડની સરખાણીમાં તાલાલા ગીરમાં કેસર કેરીની હરાજી આ વર્ષે મોડી શરૂ થઈ છે.

આજે ગોંડલ યાર્ડમાં કેરીના કુલ ૧૨૨૧૮ બોક્સ કેરીની આવક થઈ હતી. ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં આજે કેસર કેરીના ૧૦ કિલોના બોક્સના ભાવ ૭૦૦થી ૧૩૦૦ રૂપિયા બોલાયા હતા.

### ગત વર્ષ કરતા આ વર્ષે બાર દિવસ મોડી હરાજીઃ યાર્ડના ચેરમેન સંજયભાઈ

**અબતક સાથેની વાતચીતમાં યાર્ડ ના ચેરમેન સંજયભાઈ શિંગાળાએ જણાવ્યું હતું કે ગત વર્ષના પ્રમાણમાં આ વર્ષે કેરીની હરરાજી મોડી શરૂ થઈ છે છેલ્લા પાંચ વર્ષમાં ત્યારે જ્યારે જ્યારે હરાજી થઈ અને કેટલા બોક્સની આવક થઈ તે જણાવ્યું હતું કે ગત વર્ષે૨૦૨૩માં ૧૮ એપ્રિલ તેમજ ૨૦૨૨માં ૨૬ એપ્રિલ ૨૦૨૧માં ૪ મે હરાજી શરૂ થઈ તેમજ ૨૦૨૩માં ૧૧ લાખ ૧૩ હજાર ૫૪૦ બોક્સની આવક ,૨૦૨૨માં ૫ લાખ ૩ હજાર ૩૨૧ બોક્સની ૨૦૨૧માં ૫ લાખ ૮૫ હજાર ૫૯૫ બોક્સની ,૨૦૨૦માં ૬ લાખ ૮૭ હજાર ૯૩૧ બોક્સની આવક થઈ હતી**

# ધીરગુરૂદેવ પ્રેરિત કાટકોલામાં આશુતોષ ગૌ સેવા સમિતિની મુલાકાતથી જીવદયા પ્રેમીઓ થયા અભિભૂત



**અબતક, રાજકોટ**

ભાણવડ તાલુકાના કાટકોલામાં શ્રી આશુતોષ ગૌ સેવા સમિતિ ટ્રસ્ટ સંચાલિત અને પૂ. ધીરગુરુદેવ પ્રેરિત માલિનીબેન કિશોરભાઈ સંઘવી જીવદયા ઘર અને ચંદનબેન ધીરજલાલ મણિયાર જીવરક્ષા ગૃહ પાંજરાપોળની રુબરુ શુભેચ્છા મુલાકાતે ગુજરાત પોલીસ જામજોધપુર તાલુકામાં ફરજ બજાવતાં પ્રવીણ સાહેબ અને તેમની ટીમ તથા તાલુકા પંચાયતમાં કાર્યરત શૈલેશ પરમાર વગેરેનું સ્વાગત જેશંકરભાઈએ કરેલ. ઉનાળામાં ગોળના પાણી માટે એક ડબ્બાનો નકરો ૯૫૦/- છે. તેના ગુણાંકમાં ગમે તેટલો લાભ લઈ શકાશે. મો. નં. ૯૬૮૭૦ ૭૪૦૩૭

# બ્રહ્માકુમારી દ્વારા શ્રમીક દિવસની ઉજવણી

## બ્રહ્માકુમારી અંજુબેનના હસ્તે શ્રમિકોને અપાય સૌગાદ

**અબતક,રાજકોટ**

૧ મે ના રોજ આંતરરાષ્ટ્રીય શ્રમિક દિવસની પણ દિવ્ય ઉજવણી કરી. સાથોસાથ ગુજરાત ડે અર્થાત ગુજરાત સ્થાપના દિવસ ની પણ શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. બ્રહ્માકુમારીઝ ગુજરાત ઝોન ડાયરેક્ટર ભારતી દીદીના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ યોજાયો હતો. બુધવારે સવારે બ્રહ્માકુમારીઝ જ્યોતિ દર્શન સેવા કેન્દ્ર ખાતે શ્રમિક દિવસ નિમિતે એક કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રમિક ભાઈ બહેનોએ હિસ્સો લીધો હતો. યોગાનુયોગ જ્યોતિ દર્શનમાં પણ રીનોવેશન ચાલતું હોય ત્યાં શ્રમીકો હાજર હતા.તેમજ પી.જી.વી.સી.એલ.નાં કામદાર તથા સફાઈકામદારો ને શ્રમ દાનનું



મહત્વ સમજાવવમાં આવ્યું હતું. ૨૦૨૪ માં લેબર ડે ની થીમ છે. સામાજિક ન્યાય ઔર સભી કે લિયે સમ્ય કાર્ય. કેટલી સુંદર ભાવના, શ્રમિકને પણ સમાજમાં બરાબરનો દરજ્જો અને તેમના શ્રમનું ઉચિત સન્માન. આ તકે બ્રહ્માકુમારી અંજુબેનના હસ્તે શ્રમીકોને સન્માન રૂપ ઈશ્વરીય સૌગાદ આપવામાં આવી હતી. બ્રહ્માકુમારી કિંજલ દીદી પણ ઉપસ્થિત હતા.

# ઈન્ડિજિન લિ. નો સોમવારે આઈપીઓ ખુલશે

## ઈન્ડિજિન લિ.ના રૂ. ૨ની ફેસ વેલ્યુના શેર દીઠ રૂ. ૪૩૦ થી ૪૫૦ નકકી કરાયા

**અબતક, રાજકોટ**

ઈન્ડિજન લિમિટેડ(કંપની)સોમવાર, ૦૬ મે ના રોજ તેનો આઈપીઓ(ઓફર) ખોલવાની દરખાસ્ત કરે છે. બિડ/ઓફર બંધ થવાની તારીખ બુધવાર, ૦૮ મે, ૨૦૨૪ છે. એન્કર ઈન્વેસ્ટર બિડીંગ તારીખ બિડ/ઓફર ખુલવાની તારીખના કામકાજના એક દિવસ પહેલા એટલે કે શુક્રવાર, ૦૩ મેના રોજ છે.

ઓફરની પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૪૩૦થી ઈક્વિટી શેરદીઠ રૂ. ૪૫૨ નક્કી કરવામાં આવી છે. બિડ્સ લઘુતમ ૩૩ ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ ૩૩ ઈક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાય છે.

ઓફરમાં રૂ. ૭,૬૦૦ મિલિયન સુધીના મૂલ્યના ઈક્વિટી શેર્સના ફ્રેશ ઈશ્યૂ (ફ્રેશ ઈશ્યૂ)તથા ૨૩,૯૩૨,૭૩૨ સુધીના ઈક્વિટી શેર્સના વેચાણની ઓફર (ઓફર્ડ શેર્સ) જેમાં મનિષ ગુપ્તા દ્વારા ૧,૧૧૮,૫૯૬ સુધીના મૂલ્યના એટલા મિલિયનના ઈક્વિટી શેર્સ, ડો. રાજેશ ભાસ્કરન નાયર દ્વારા ૩,૨૩૩,૮૧૮ સુધીના મૂલ્યના એટલા મિલિયનના ઈક્વિટી શેર્સ, અનિતા નાયર દ્વારા ૧,૧૫૧,૪૫૪ સુધીના એટલા મૂલ્યના મિલિયનના ઈક્વિટી શેર્સ (સંયુક્તપણે મનિષ ગુપ્તા અને ડો. રાજેશ ભાસ્કરન નાયર ઈન્ડિવિડ્યુઅલ સેલિંગ શેરહોલ્ડર્સ), ગ્રુપ લાઈફ સ્પ્રિંગના પાર્ટનર તરીકે તેની ક્ષમતામાં વિદા ટ્રસ્ટીઝ પ્રાઈવેટ લિમિટેડ (ફિગ ટ્રી ટ્રસ્ટના ટ્રસ્ટી) દ્વારા ૩,૬૦૦,૦૦૦ સુધીના મૂલ્યના એટલા મિલિયનના ઈક્વિટી શેર્સ, બીપીસી જેનેસિસ ફંડ ૧ એસપીવી લિમિટેડ દ્વારા ૨,૬૫૭,૬૮૭ સુધીના મૂલ્યના એટલા મિલિયનના ઈક્વિટી શેર્સ, બીપીસી જેનેસિસ ફંડ ૧-એ એસપીવી લિમિટેડ દ્વારા ૧,૩૭૮,૫૨૭ સુધીના મૂલ્યના એટલા મિલિયનના ઈક્વિટી શેર્સ અને સીએ ડોન દ્વારા ૧૦,૭૯૨,૬૫૦ સુધીના મૂલ્યના એટલા મિલિયનના ઈક્વિટી શેર્સ (સંયુક્તપણે વિદા ટ્રસ્ટીઝ પ્રાઈવેટ લિમિટેડ, બીપીસી જેનેસિસ ફંડ ૧ એસપીવી લિમિટેડ અને બીપીસી જેનેસિસ ફંડ ૧-એ એસપીવી લિમિટેડ ઈન્વેસ્ટર્સ સેલિંગ શેરહોલ્ડર્સઅને ઈન્ડિવિડ્યુઅલ સેલિંગ શેરહોલ્ડર્સની સાથે મળીને સેલિંગ શેરહોલ્ડર્સ અને આવા ઈક્વિટી શેર્સ ઓફર્ડ શેર્સ) નો સમાવેશ થાય

કોટક મહિન્દ્રા કેપિટલ કંપની લિ. સિટીગ્રુપ ગ્લોબલ માર્કેટસ ઈન્ડિયા પ્રાઈવેટ લિ. જે પી મોર્ગન ઈન્ડિયા પ્રાઈવેટ લિમીટેડ અને નોમુરા ફાઈનાન્શિયલ એડવાઈઝરી એન્ડ સિકયોરીટીઝ (ઈન્ડીયા) પ્રાઈવેટ લિમીટેડ આ ઓફરના બુક રનિંગ લીડ મેનેજર બુક રનિંગ લીડ મેનેજર્સ અથવા બીઆરએલએમ છે.

# વેરાવળ મર્કન્ટાઈલ બેંકના વાઈસ ચેરમેન ભાવનાબેન શાહનો આજે જન્મદિવસ



વેરાવળ મર્કન્ટાઈલ બેંકના વાઈસ ચેરમેન ભાવનાબેન શાહનો આજે જન્મદિવસ છે. તેઓ તેમના મંગલ જીવનના ૬૧ વર્ષ પૂર્ણ કરીને ૬૨માં વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે.

તેઓ વેરાવળ પાંજરાપોળના ટ્રસ્ટી તેમજ અંકુર સ્કુલ અને ચોકસી કોલેજના ડિવીઝનના વાઈસ ચેરમેન તેમજ વેરાવળ કસ્તુરબા મહિલા મંડળમાં જોઈન્ટ સેક્રેટરી અને શાંતિનાથ દેરાસરમાં ટ્રસ્ટી છે. તેઓને ગાયોની સેવા કરવી ખૂબ જ ગમે છે. તેઓ પાંજરાપોળમાં ૧૦ વર્ષથી સેવા આપી રહ્યા છે.

અંકુર સ્કુલના વિદ્યાર્થીઓને વધુમાં વધુ સારૂ શિક્ષણ મળે તે માટે પ્રયત્ન કરે છે તેમજ તેઓ ૧૫ વર્ષથી રિયલ એસ્ટેટના બિઝનેસ સાથે જોડાયેલા છે. તેમના પતિ ડો.અશોકભાઈ શાહ સાથે તેમની હોસ્પિટલમાં દર્દીની સેવા પણ કરે છે. તેના જન્મદિવસે સવારથી મો.નં. ૯૯૦૯૦ ૪૫૧૨૮ શુભેચ્છાની વર્ષા થઈ રહી છે.

# રાસાયણીક ખેતીનો બહિષ્કારઃ નૈસર્ગિક ખેતીને અપનાવવી જોઈએઃ ભરત પરસાણા

**અબતક,રાજકોટ**




આજથી લગભગ ૧૮૦ વર્ષ પહેલા જર્મનીના કેમીસ્ટ જસ્ટીસ વાન લીબીગે ખેતીમાં કેમિકલ્સનો ખાસ કરીને એક માત્ર નાઈટ્રોજનનો પ્રયોગ કરેલ. આગળ જતાં અમૂક બીજા કેમિકલો પણ શોધ્યા. શરૂઆતના થોડા વર્ષ સુધી ઉત્પાદન સારું મળ્યું. આ જોઈને જર્મનીમાં ખેતીમાં રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓ વાપરવાનું શરૂ થયું. આ જરૂરિયાતને પહોંચી વળવા વિશ્વ યુધ્ધ પછી કામ-ધંધા વગરની યુધ્ધનો સામાન બનાવતી ફેકટરીઓ પણ કેમિકલ-ફર્ટિલાઈઝર્સ બનાવવા લાગી અને ખેતીમાં રાસાયણિક ઉત્પાદનો વાપરવાની જોર- શોરથી શરૂઆત થઈ. આમ વખત જતાં કેમિકલ્સ અને ફર્ટિલાઈઝર્સને કારણે સજીવ જમીન નિજીર્વ થવા લાગી. કારણ એ હતું કે હજારો વર્ષથી ફળદ્રુપ અને ખેતીને લાભકર્તા જીવાણું કેમિકલના કારણે ધીરે ધીરે નાશ પામ્યાં, અને દિવસે દિવસે ઉત્પાદન ઘટવા લાગ્યું. ખેતીના પાક અને અન્ય વનસ્પતિઓમાં રોગો વધવા લાગ્યા. નુકસાનકારક ખાતરના ઉપયોગથી વનસ્પતિમાં અને ખેત-ઉત્પાદનોમાં ખતરનાક ઝેરનું પ્રમાણ વધવા લાગ્યું. આથી પશુ-પંખીઓમાં પણ ઝેરનું પ્રમાણ આવ્યું, પશુધન દુર્બળ બન્યું, માણસજાત રોગી બનવા લાગ્યો. માલસ હાર્ટ એટેક, ડાયાબિટીસ, કિડની, લીવર, ચામડીનાં

રોગો અને કેન્સર જેવા અસાધ્ય રોગોથી પીડાવા લાગ્યો. પરિણામે માણસને શારીરિક અને આર્થિક મોટું નુકસાન સહન કરવું પડયું. ડોકટરો અને હોસ્પિટલો વધવા લાગી. મરતાં પહેલાં જસ્ટીસ વાન લીબીગે કહ્યું હતું કે, 'રાસાયણિક ખેતીનો સિધ્ધાંત ખોટો છે. મેં આમ કરીને બહુ મોટું પાપ કર્યું છે. આજે હું આંધળો બની ગયો છું. એ ઈશ્વરે મને દંડ કર્યો છે. સમગ્ર માનવ સમાજને રોગી બનાવવાનું મેં મોટું પાપ કર્યું છે, તે બદલ મને માફ કરશો.'

૧૯૧૦-૪૦મા બ્રિટીશ વૈજ્ઞાનિક સર આલ્બર્ટ - ભારતનાં ખેડૂતોને આધુનિક ખેતી શીખવવા માટે ભારતમાં આવ્યા. તે સમયે ભારતનાં ખેડૂતો સજીવ ખેતી કરતાં હતાં. આ ખેતીથી તે ખૂબ જ પ્રભાવિત થયા. અને તે પોતે ઓર્ગેનિક ફાર્મિંગના હિમાયતી બની ગયા. તેણે રાણી વિકટોરીયાને - લખ્યું કે, 'રાસાયણિક ખેતીથી માણસજાત રોગીષ્ઠ અને દુર્બળ બની રહી છે. જ્યારે, ભારતીય સજીવ ખેતી અને પ્રાકૃતિક ખેતીથી ઉત્પન્ન થયેલ અનાજ - અને વનસ્પતિથી મનુષ્ય અને અન્ય સજીવો નિરોગી છે.

રાસાયણિક ખેતીનો સિધ્ધાંત ખોટો છે. ખરેખર, ભારતીય ખેડૂતો દ્વારા મને ઘણું શીખવા મળ્યું છે. તેથી ભારતીય ખેડૂતો મારા પ્રોફેસર છે. એક પુસ્તકમાં પીટર ટોમ્પસ્કીન અને ક્રિસ્ટોફર બર્ડ નામના લેખકે પણ લખ્યું છે કે, 'રાસાયણિક ખેતીથી ઉત્પન થયેલો ખોરાક ખાવાથી ત્રીસ ટકાથી વધારે - યુવક-યુવતિઓ, બાળકો પેદા કરવાની ક્ષમતા = ગુમાવી બેઠાં છે. (આજના સમયે આ ટકાવારી ૪૫ - ટકા હોય શકે!) અસાધ્ધ રોગો વધતાં ચાલ્યા છે. હજુ - પણ સમય છે, સજીવ અને નૈસર્ગિક ખેતીથી ઉત્પન્ન થયેલો ખોરાક આપી માનવજાતને નિરોગી બનાવી ઉગારવાનો.'





## ગાય આધારિત ખેતી અને ઓર્ગેનિક ખેતી

**ખેડૂતો ને આ પ્રયોગમાં ૨૦/- રૂપિયાનું નુકશાન થશે તો ૧ કરોડ રૂપિયાનું ઈનામ જાહેર કરવામાં આવ્યું છે.**

- **દેશી ગાય નું દૂધ ૨૫૦ મિલી, ગોળ ૧૦૦ ગ્રામ અને ૨૫૦ મિલી ગૌમૂત્ર ની સાથે ૨૫૦ મિલી ગોબર નું પાણી અને સાથે બે બાક્સના ખોખા ગાયના છાણાંની રાખ આ બે થી ત્રણ વાર ૧૫ લિટરના પંપમાં ફ્લાવરિંગ સમયે છંટકાવ કરવાથી બહુ સારું પરિણામ મળે છે.**

1. મગફળી અને ચણા જયારે ફ્લાવરિંગ અવસ્થામાં હોય ત્યારે પહેલો છંટકાવ ૩૫ દિવસે, બીજો ૪૫ દિવસે અને ત્રીજો ૫૫ દિવસે કરવો.
2. કપાસ ૪૫ દિવસનો થાય ત્યારે દર ૧૫ દિવસે છંટકાવ કરવો.
3. શાકભાજી માં દર ૧૫ દિવસે છંટકાવ કરવો.
4. આંબા, દાડમ, જામફળ, ચીકુ કે કોઈપણ ફૂલ-ઝાડમાં ફાલ બેસે ત્યારે દર ૧૫ દિવસે ત્રણ - ચાર વાર છંટકાવ કરવો.
5. **પાયાના ખાતર તરીકે જીવામૃત બનાવો.**
   - ૨૦૦ લિટરના બેરલમાં ૨૦ કિલો ગોબર, ૫-૧૦ લીટર ગૌમૂત્ર, ૨ કિલો ગોળ, બે લિટર તાજી છાશ અને ૧ કિલો શેઢાપણાની માટી આ બધું મીક્સ કરી ૩ થી ૪ દિવસ રાખી દિવસમાં બે ટાઈમ હલાવવું.
   - **ઘનજીવામૃત :** ૧૦૦ કિલો ગોબર, ૫-૧૦ લીટર ગૌમૂત્ર, ૨ કિલો ગોળની રબડી, ૨ લિટર તાજી છાશ, ૧ કિલો શેઢાપણાની માટી આ બધુ મિક્સ કરી છાયામાં સૂકવી દેવું, ત્યાર પછી સુકાય જાય એટલે વીઘે ૨ થી ૩ થેલી ચાસમાં નાખી દેવું.
6. ગાય આધારિત ખેતી ન કરવી હોય તો વીઘે ૧ થેલી એરંડીનો ખોળ, ૧ થેલી લીંબોળીનો ખોળ, ૧ કિલો ચૂનો ચાસમાં નાખી દેવો, પછી વાવેતર કરી નાખવું. (આ માપ વીઘાનું છે)
7. લીંબોળીનો ખોળ, લીંબોળી ક્રશ, એરંડીનો ખોળ, મરઘાની ચરક, મચ્છીનો ખોળ, કરંજનો ખોળ, મહુડાનો ખોળ, તમ્બાકુનો દર, કાજુના છીલકા. એક વીઘા જમીનમાં ચાસમાં નાખવું.
8. **મચ્છીનો ખોળ**
   ઉપરોક્ત ખોળ મેળવા માટે
   **શ્રીજી અમૃત । ધરતી અમૃત** ગામ : બાંદ્રા, તાલુકો : ગોંડલ, જિલ્લો : રાજકોટ
   **ભાવેશભાઈ જસાણી : ૯૭૭૯૪ ૮૮૫૧૫ • જગદીશભાઈ જસાણી : ૯૮૨૫૭ ૬૦૦૯૪**
9. **રોગ જીવાત માટે**
   - ૧ કિલો ગાંગડા હિંગ લેવી, ૫ લીટર પાણી માં પલાળવી ૨૪ કલાક રાખવાથી તેમાંથી ૧૦૦ મિલી લેવી તેની સાથે ૨૫૦ મિલી દૂધ, ૧૦૦ ગ્રામ ગોળ ૧૫ લીટર ના પંપમાં છાટી દેવી. જો ઈયળનો ઉપદ્રવ હોય તો ૫૦ થી ૬૦ મિલી નીમ તેલ (લીંબોળીનું તેલ) ૧૦,૦૦૦ PPM નો છંટકાવ કરવો.


VELJIBHAI BHUDIA

સંશોધન કરનાર
વેલજીભાઈ ભૂડીઆ માધાપર, કચ્છ-ભુજ, ગુજરાત • મો.: ૯૪૨૬૯ ૯૧૧૧૨

ઉપયોગ કરીને પ્રમાણિત કરનાર
ગૌ ભક્ત - ભરતભાઈ પરસાણા રાજકોટ, ગુજરાત • મો.: ૯૭૨૬૩ ૯૯૬૯૯


BHARAT PARSANA





તંત્રી લેખ

# સ્માર્ટફોનની દુનિયામાં ભારત ચીનને પાછળ છોડી દેશે

ભારતનો સ્માર્ટફોન ઉદ્યોગ ખૂબ ઝડપથી આગળ વધી રહ્યો છે. જે ચીનને થોડા સમયમાં જ પાછળ છોડી દેશે. આત્મનિર્ભર ભારત અભિયાન હેઠળ થોડા જ સમયમાં સ્માર્ટફોનની દુનિયામાં ભારત ટોચનું સ્થાન મેળવે તેવી આશા છે.

ભારતીય બજારમાં ચાઈનીઝ સ્માર્ટફોન એકતરફી વર્ચસ્વ ધરાવે છે. આમાં ઘણા બધા ચાઈનીઝ બ્રાન્ડ નામો શામેલ છે. પરંતુ હવે ભારતીય બ્રાન્ડ્સ ચાઈનીઝ સ્માર્ટફોનને સરળતાથી હરાવી શકે તેમ છે. આ માટે તમારે માત્ર એક સ્ટ્રેટેજી બનાવવાની અને તેના પર કામ કરવાની જરૂર છે.

તાજેતરમાં જ ચિપ વોર પુસ્તકના લેખક ક્રિસ મિલરે કહ્યું કે ભારતે ઈલેક્ટ્રિક વાહનો અને મેડિકલ ટેક્નોલોજીમાં જે કામ કર્યું છે તેની સાથે કોઈ સ્પર્ધા કરી શકે તેમ નથી. પરંતુ હજુ પણ સ્માર્ટફોન માર્કેટમાં ચીનનો દબદબો છે. પરંતુ એવું કહેવું બિલકુલ ખોટું નથી કે ભારત સરળતાથી ચાઈનીઝ સ્માર્ટફોનને પાછળ છોડી શકે છે.

આ પહેલીવાર નથી કે જ્યારે આવા નિવેદનો સામે આવ્યા હોય. આ જ કારણ છે કે ભારત સરકાર સતત 'મેક ઈન ઈન્ડિયા' પર ભાર આપી રહી છે. આજે, તે સરકારી નીતિઓનું પરિણામ છે કે મોટાભાગના સ્માર્ટફોન ભારતમાં એસેમ્બલ થાય છે. તેમાં ચીનની મોટી કંપનીઓના નામ પણ છે. એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારત સ્માર્ટફોન મેન્યુફેક્ચરિંગનું બીજું સૌથી મોટું માર્કેટ બની ગયું છે.

આઈસીઈએનો રિપોર્ટ સામે આવ્યો છે જેમાં કહેવામાં આવ્યું કે ગયા વર્ષે ભારતમાં ૨.૪૫ બિલિયન સ્માર્ટફોન બનાવવામાં આવ્યા હતા, જેમાં એપલ, શાઓમી, ઓપો અને વિવો જેવી બ્રાન્ડના નામ સામેલ હતા. આનાથી ભારતને ૪.૧ લાખ કરોડ રૂપિયાની આવક થઈ છે. જ્યારે થોડા વર્ષો પહેલાની વાત કરીએ તો ૨૦૧૪-૨૦૧૫માં સ્માર્ટફોન મેન્યુફેક્ચરિંગમાંથી ૧૮,૯૦૦ કરોડ રૂપિયાની કમાણી કરવામાં આવી હતી. તેનું મુખ્ય કારણ એ છે કે સરકાર વિદેશી કંપનીઓને ભારતમાં લાવવા પર સતત વિચાર કરી રહી છે.

# વેરાવળઃ લોહાણા મહાજન વંડીમાં રાંદલ માતાના ૧૦૮ લોટા તેડાયા

## ૧૭૦૦ ગોરણી સહિત ૨૫૦૦ ભાવિકોએ લીધો ભોજનનો લ્હાવો



**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

વેરાવળ જલ્યાણ ગ્રુપ દ્વારા લોહાણા મહાજન વંડી માં રાંદલ માતાના ૧૦૮ લોટાના કાર્યક્રમ ભકિતભાવ પુર્વક ઉજવાયો હતો તેમાં ૧૭૦૦ થી વધારે ગોરણી સહીત ૨૫૦૦ જેટલા ભકતોએ ભોજન પ્રસાદીનો લાભ લીધો હતો.

લોહાણા સમાજ પ્રમુખ તથા ચેરમેન જલ્યાણ ગ્રુપ ના દીપક કકકડે જણાવેલ હતું કે સમસ્ત જ્ઞાતિ સમાજ ના હીતાર્થે રાંદલ માતાજીના ૧૦૮ લોટાનું આયોજન કરાયેલ હતું યજમાનોદ્વારા પુજા વિધી બાદ સવારે ૧૧ થી ૩ ભોજન પ્રસાદી માં ૧૭૦૦ ગોરણી સહીત ૨૫૦૦ ભકતોએ લાભ લીધો હતો સાંજે ૫.૩૦ થી રાત્રે ૧૧ વાગ્યા સધી મહાઆરતી, ગરબા, રાસ રમાયેલ હતો મેલડી માતાજી ના ગ્રુપ તરફથી ગરબાનું ભવ્ય આયોજન થયેલ હતું તેમજ માતાજી પાસે પરંપરાગત ડાકલા રાસ રમાયેલ હતા હજારો શહેરીજનો એ માતાજીના દર્શનનો લાભ લીધો હતો આ કાર્યને સંપન્ન બનાવવા માટે હોદેદરો કાર્યકરો એ જહેમત ઉઠાવી હતી.

# ધ્રાંગધ્રાઃ બુટ ભવાની માતાના મંદિરે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ હર્ષોઉલ્લાસથી સંપન્ન

## શોભાયાત્રા, લોકડાયરો અને ડાકલાની ધૂને સમગ્ર વાતાવરણ બન્યું ભક્તિમય



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા હળવદ રોડ મયુરનગરમાઁ ગરીયા પરિવારના બુટ ભવાનીમાઁ નું મંદિર ની ૪ દીવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું ગરીયા ભરવાડ સમાજનાં મોભી દ્વારા આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ભજન રાસ ગરબા ડાયરો સહીતના કાર્યક્રમ યોજાયા હતા. જેમાં સંતો મહંતો માતાજીની આરાધના અને ભક્તોને આશીર્વાદ આપવા પધાર્યા હતા.

ધ્રાંગધ્રા મયુરનગરમાઁ ગરીયા પરિવારના બુટ ભવાનીમાઁ નું મંદિર નવ નિર્માણ પામી ચૂક્યું છે ત્યારે ગરીયા ભરવાડ સમાજનાં મોભી દ્વારા ૪ દીવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં મંદિરની પ્રાણ પ્રતિષ્ઠામાઁ ભરવાડ રબારી માલધારી સમાજના મહંત ઘનશ્યામગીરી બાપુ, કનીરામ બાપુ, મૌની બાપુ, ભરત બાપુ અને ઝાલા ભગત બાપુ જેવા ગુરુદેવ ૧ મેં અને બુધવારના રોજ સવારે માતાજીની આરાધના અને ભક્તોને આશીર્વાદ આપવા પધાર્યા હતા અને માતાજીની ભવ્ય શોભાયાત્રા ધ્રાંગધ્રા નગરના વિવિધ રાજમાર્ગો ઉપર ફરી હતી. જેમાં ગુજરાત ભરના નામી ડીજે કલાકરો માતાજીની ભક્તિથી ધ્રાંગધ્રાવાસીઓને હિલોળે ચડાવ્યા હતા તેમજ ભવ્ય લોક ડાયરામાં ગુજરાતના નામી કિર્તીદાન ગઢવી અને માયાભાઈ આહીર ધૂમ મચાવી હતી. ગરીયા પરિવાર દ્વારા સમગ્ર માલધારી સમાજને ખાસ આમંત્રણ પાઠવ્યું હતું. જેમાં માતાજીના નવરંગા માંડવામાં ડાક ડાખલાની પણ મોજ એના અલગ જ રૂપમાં જોવા મળશે. ૪ દીવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ભરવાડ રબારી સમાજના યુવાનોમાં ખાસ જોશ અને ઉલ્લાસ જોવા મળ્યો હતો.

# જૂનાગઢઃ મારી પ્રાથમિક શાળામાં મહેંદી મૂકીને મતદાન જાગૃતિનો પ્રેરક પ્રયાસ

**અબતક,ચીરાગ રાજયગુરૂ, જૂનાગઢ**

શ્રી મારી પ્રાથમિક શાળા સુખનાથ ચોક મુકામે મતદાન જાગૃતિ અંતર્ગત મહેંદી ઈવેન્ટ રાખવામાં આવી હતી જેમા શાળા ના ૬ થી ૮ ની વિદ્યાર્થીનીઓએ શિક્ષકોના માર્ગદર્શન હેઠળ મતદાન જાગૃતિ નીજુદી જુદી થીમ પર મહેંદી દોરી મતદાન જાગૃતિ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. જેમાં શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો જોડાયા હતા.



આ મતદાન જાગૃતિ મહેંદી નિમિત્તે ખાસ જુનાગઢ તાલુકા શિક્ષણ કેળવણી નિરીક્ષક કોમલબેન ઉપસ્થિત રહ્યા હતા.

તેમજ શાળાના આચાર્યશ્રી વાસવેલીઆ જય ભાઈ એ જણાવ્યું હતું કે આ મતદાન જાગૃતિ અંતર્ગત અમારી શાળાના શિક્ષકોએ ઉત્સાહભેર મહેંદી મુકાવે બાળકોએ પણ મૂકી અને ખાસ શિક્ષક બહેનોએ પણ મહેંદી કરી.આ મતદાન જનજાગૃતિ મેહંદી કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. મારી પ્રાથમિક શાળાના પ્રિન્સિપાલ જયભાઈ વાસવેલીયા એ વધુમાં જણાવ્યું હતું કે આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના શિક્ષકો ભાવિલભાઈ વાઘેલા, મુકેશગીરી એસ. મેઘનાથી, ધરતીબેન, વિણાબેન, પ્રજ્ઞાબેન, કૃપાલીબેન, વર્ષાબેન, રેશમાબેન, હર્ષાબેન, કિર્તીબેન, સરોજબેન, ભારતીબેન, ઉર્વશીબેન વગેરે સ્ટાફ દ્વારા ખૂબ જ સહયોગ મળેલ તેમજ શાળાના પ્રિન્સિપાલ જયભાઈ તમામ સ્ટાફ ગણનો અને આવનાર અધિકારીઓનો હૃદય પૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો અને વધુમાં વધુ મતદાન જાગૃતિ લોકોમાં વધે અને વધુ મતદાન થાય તે હેતુસર આવા સરકારના કાર્યક્રમમાં સફળતા મળે એવી હૃદય પૂર્વક અભિલાષા વ્યક્ત કરી હતી.

# ધ્રાંગધ્રાઃ સી.આર.પી.એફના જવાનોની કુંભારપુરા સહિતના મુખ્ય માર્ગો પર યોજાઈ ફ્લેગ માર્ચ



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા શહેરમાં સીઆરપીએફ ફોર્સની ફ્લેગમાર્ચ યોજાઈ આગામી લોકસભાની ચૂંટણી અંતર્ગત શહેરમાં ફ્લેગમાર્ચનું કરવામાં આવ્યું આયોજન ધાંગધ્રા સીટી પોલીસ લાઈન, કુંભારપુરા સહિત મુખ્ય માર્ગો ઉપર યોજાઈ ફ્લેગમાર્ચ પીએસઆઈ સહિત પોલીસ સ્ટાફ જોડાયો હતો.

આગામી ૭મી મેના રોજ લોકસભાની ચૂંટણી યોજાનાર છે.ત્યારે સુરેન્દ્રનગર જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પોલીસ દ્વારા સતર્કતા રાખી જાહેર સ્થળ અને રહેણાક વિસ્તારોમાં પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે. ત્યારે સુરેન્દ્રનગર જિલ્લા ચૂંટણી અધિકારી કે.સી.સંપટ અને સુરેન્દ્રનગર જીલ્લા પોલીસવડા ડૉ. ગિરિશ પંડ્યાના માર્ગદર્શન હેઠળ સુરેન્દ્રનગર જીલ્લાના ધ્રાંગધ્રા સીટી પીઆઈ એમ યુ મશી ની સૂચના અનુસાર ધ્રાંગધ્રા શહેર ખાતે સીઆરપીએફના જવાનો દ્વારા ફ્લેગ માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું. જે ફ્લેગ માર્ચ યોજાતા પોલીસ લાઈન, કુંભાર પરા, સહિતના અલગ અલગ વિસ્તારોમાં જઈ વાતાવરણ શાન્ત બની રહે તે માટે ફ્લેગ માર્ચ કરવામાં આવી હતી.જેની સાથોસાથ પોલીસ સ્ટેશનનો સ્ટાફ પણ ફ્લેગ માર્ચ અને ફૂટ પેટ્રોલીંગમાં જોડાયો હતો.

# વિસાવદરઃ અલખધામ આશ્રમે સર્વ જ્ઞાતિ સમુહલગ્ન યોજાયો



**અબતક, ગીજુભાઈ વિકમા, વિસાવદર**

અલખધામ આશ્રમ વિસાવદર દ્વારા સર્વ જ્ઞાતિ સાતમા સમૂહલગ્ન પૂર્ણ વિસાવદર સતાધાર રોડ ઉપર સેવા અને આરોગ્ય ધામ થી કાર્યકર્ત અલખધામ આશ્રમ દ્વારા દાતા તથા સેવક ગણ તથા સાધુ સંતોના સહકારથી જ્યાં સદાય રોટલો અને ચા થી સર્વનું સ્વાગત થાય છે આદર્શ સર્વ જ્ઞાતિ સમૂહ લગ્ન આયોજન પણ પૂર્ણ કરેલ જેનુ સંપૂર્ણ સંચાલન જીતુપરીબાપુ ભોલેનાથ બાપુ એશાસ્ત્રોક વિધિથી સંચાલન સાથે પૂર્ણ કરાવેલ તેમ આશ્રમના મહંત મંછાગીરીબાપુ ની યાદી જણાવેલ છે.

# જૂનાગઢઃ ગાયત્રી શકિત મંદિર ખાતે શ્રીમદ્ ભાગવત કથાનો પ્રારંભ

## ૧૭૫ શ્રીમદ ભાગવત કથા નિઃશુલ્ક સેવા યજ્ઞનો ધર્મલાભ લેવા ભાવીકોને અનુરોધ



**અબતક, ચીરાગ રાજયગુરૂ, જૂનાગઢ**

શ્રી ગાયત્રી પરિવાર, સત્યમ સેવા યુવક મંડળ ટ્રસ્ટ, શ્રી શકિત ચેરીટેબલ ટ્રસ્ટ તથા શ્રીજી લોકસેવા ફાઉ. દ્વારા આયોજિત ૧૭૫ શ્રીમદ ભાગવત કથા નિઃશુલ્ક સેવા યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. વેદ માતા ગાયત્રી માતાની કૃપાથી, બ્રહ્મનિષ્ઠ તપોમૂર્તિ, પરમ પૂજ્ય રામશર્મા આચાર્યજી ના આશીર્વાદથી સિદ્ધક્ષેત્ર ગિરનારની ગોદમાં શ્રી મહાકાલેશ્વર મહાદેવના મુખ્ય યજમાન પદે જનતા જનાર્દનના દિવંગત પિતૃઓના મોક્ષ- આત્મશાંતિ અર્થૅ ભાગવત સપ્તાહનું આયોજન કરવામાં આવેલ છે,

સ્થળ : શ્રી ગાયત્રી શકિતપીઠ મંદિર ગિરનાર રોડ, જુનાગઢ સમયઃ સવાર ના ૮ થી ૧૨:૩૦ તારીખ ૧/૫/૨૪ થી ૭/૫/૨૪ જુનાગઢની ધર્મપ્રેમી જનતાને આ ધાર્મિક પ્રસંગમાં ઉપસ્થિત રહેવા માટે નાગભાઈ વાળા, મનસુખભાઈ વાજા, આશિષભાઈ રાવલ, તથા અમુભાઈ પાનસુરીયા આપ ને ભાવભર્યું આમંત્રણ પાઠવે છે માટે ચોક્કસ પધારજો આ અભિનવ સર્વ પિતૃ મુકિત ભાગવત કથામૃત નું પાન કરાવવા અર્થે વ્યાસપીઠ પર રવિભાઈ દવે(મોણપરિ વાળા ) બિરાજમાન છે.

# ભૂજઃ મતદાન જાગૃત્તિના સઘન કાર્યક્રમ અંતર્ગત યોજાઈ મહેંદી સ્પર્ધા

## મહિલા મતદારોનો અનેરો ઉત્સાહથી સ્પર્ધાને વેગ મળ્યો

**અબતક, નવીનગીરી ગોસ્વામી, ભૂજ**

લોકસભા ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત જિલ્લામાં મતદાન જાગૃતિ બાબતે વિવિધ પ્રવૃત્તિઓ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર અમિત અરોરા અને નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી મેહુલ દેસાઈના માર્ગદર્શન હેઠળ થઈ રહી છે ત્યારે ચૂંટણી પંચ ગુજરાત રાજ્ય દ્વારા આપવામાં આવેલા ૧૫ દિવસીય મતદાન જાગૃતિ કાર્યક્રમ અન્વયે આજરોજ સમગ્ર જિલ્લામાં આંગણવાડીની બહેનો દ્વારા તેમજ વિવિધ શાળા કોલેજો દ્વારા મહેંદી સ્પર્ધાનું આયોજન થયું હતું.



આ આયોજનમાં ભાગ લેનાર બહેનોએ મતદાન જાગૃતિ વિષયક થીમ ઉપર આધારિત સુંદર મહેંદીની ડિઝાઈનો પોતાના હાથ ઉપર દર્શાવીને મતદાન જાગૃતિનો સંદેશ વહેતો મૂક્યો હતો. આજના આ મહેંદી કાર્યક્રમને લઈને મહિલા મતદારોમાં અનેરો ઉત્સાહ જણાયો હતો અને સૌ ભાગ લેનાર મહિલાઓએ અચૂક મતદાન કરવાની પ્રતિબધ્ધતા વ્યકત કરી હતી. આજના આ કાર્યક્રમને સફળ બનાવવા આઈસીડીએસ પ્રોગ્રામ ઓફિસર અને તમામ તાલુકા વિકાસ અધિકારીઓએ જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંકલન ટીઆઈપી નોડલ અધિકારી અને જિલ્લા વિકાસ અધિકારી એસ.કે.પ્રજાપતિના નેજા હેઠળ નોડલ અધિકારી બી.એમ.વાઘેલા, મદદનીશ નોડલ જી.જી.નાકર, શિવુભા ભાટી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

# સુરેન્દ્રનગરઃ મેલડીમાના મંદિરના પાટોત્સવમાં ભકતોના ઘોડાપુર



**અબતક, શબનમ ચૌહાણ, સુરેન્દ્રનગર**

વઢવાણ ખારવા રોડ પર કરોડો રૂપિયા ના ખર્ચે ખજૂરીવાળી મેલડી માતાજી નુ ભવ્ય મંદિર બનાવાયું છું આ મઁદિર નો ૧૧મો પાટોત્સવ બુધવારે યોજાયો હતો જેમાં ૧૧હજારથી વધુ ભકતો દર્શન અને મહા પ્રસાદ નો લાભ લીધો હતો વઢવાણ પંથક માં નકટીવાવ મેલડી વસ્તડી સામા કાંઠે મેલડી અને ખજૂરીવાળી મેલડી પ્રખ્યાત છે વઢવાણ અને ખારવા સીમ માં ખજૂરીવાળી મેલડી માતાજી નુ પ્રાચીન મઁદિર હતુ આ મઁદિર રૂપિયા એક કરોડ થી વધુ ના ખર્ચે ભવ્ય શિખર બન્ધ મઁદિર બનાવાયું છે રેલવે ફાટક થી મંદિર સુધી રસ્તો અને ભવ્ય પ્રવેશદ્વાર તૈયાર થયું છે તા ૧મે બુધવારે આયોજન કરાયુંહતુ જેમાં ધ્વજ આરોહણ યજ્ઞ મહા આરતી સહિત ના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા જયારે સાંજે મહાપ્રસાદ નુ આયોજન કરાયું હતુ

આ ધાર્મિક મહોત્સવ ને સફળ બનાવવા કારડીયા રાજપૂત સમાજ અને માતાજી ના ભકતો એ જહેમત ઉઠાવી હતી

# થાનગઢના માટલાની દેશભરમાં ભારે માંગ

## ઉનાળામાં ચાર માસમાં માટલા વેચાણ થકી બે કરોડથી વધુનું ટર્ન ઓવર

**અબતક, શબનમ ચૌહાણ, સુરેન્દ્રનગર**

થાનગઢમાં ગરમીની સીઝનમાં અનેક લોકો માટલા બનાવવાના કામ થકી સ્થાનીક કક્ષાએ રોજગારી મેળવતા થયા છે.હાલ ફ્રિજ અને ઠંડા પીણા વચ્ચે પણ આરોગ્યપ્રદ માટલાનું પાણીની માંગ થી માટલા વેચાણ અવીરત ચાલુ છે.અહીં ગરમીની સીઝનમાં બે કરોડથી વધુનું ટર્ન ઓવરનો ધંધો કરવા સાથે પાંચ થી સાત હજાર લોકોને રોજગારી પણ માટલા પુરી પાડી રહ્યા છે.ત્યારેબદલાતા સમય સાથે માટલા સાથેનાની માટીની પાણી બોટલ, કાર્ટુન ડિઝાઈનો બનાવતા થયા છે.



હાલ આધુનીક યુગમાં ઉનાળાની સીઝનમાં લોકો મોટા ભાગે ગરમીથી રાહત મેળવવા ફ્રીજમાં રાખેલુ ઠંડુ પાણી અને પીણા પી તરસ બુજાવતા હોય છે.ત્યારે બદલાતા યુગમાં પણ વર્ષોથી પરંપરાગત પાણીયારાની શોભા વધારતા ઝાલાવાડી માટીના માટલાનું મહત્વ પણ હજુ અંક બંધ રહ્યુ છે.જ્યારથી ઉનાળાની શરૂઆત થઈ ગઈ છે.

ત્યારથી થાનના માટલા બનાવનાર લોકો માટલા બનાવી ને રોજગાર મેળવી રહ્યા છે સાથે સાથે સ્થાનિક લોકોને રોજગાર પણ પૂરો પાડી રહ્યાં છે.અહીં ના માટલા રાજ્યના વિવિધ જિલ્લામાં ઓ અને દેશના વિવિધ રાજ્યોમાં આ માટલા જાય છે.જેના થકી દર ઉનાળાની સીઝનમાં પાંચ થી સાત હજાર લોકોને રોજગારી મળવા સાથે બે કરોડથી વધુનુ ટર્ન ઓવર થાય છે.

આ માટલા બનાવવામાં મુખ્યત્વે મહિલા કારીગરો પણ પુરૂષ સમોવડી થઈ માટલાઓ પર અલગ અલગ ડિઝાઈન પણ બનાવવા માં આવે છે. જેમાં પેન્ટિંગ સહિત વિવિધ ડિઝાઈનનું અને કલાત્મક ચિત્રકામ પણ કરે છે એ બાબત પણ ઉડીને આંખે વળગે છેફતેમજ આ માટલા ઉદ્યોગ ના પગલે સ્થાનિક મજૂરી કરતા લોકો ને રોજગારી મળી રહેવાની સાથે મહિલાઓને પણ રોજગારીની તકો આ વ્યવસાય થી મળી રહેતી હોવાનું તેમજ ગરમીની સીઝનમાં ફ્રીઝનું પાણી ન પિતા લોકોમાં દેશી ફ્રીઝ જેવા માટલા ના પાણી પીવાની આગ્રહને લીધે ઉનાળામાં માટલાની માંગ વધી જતી હોવાનું અને એમાંયે હાલ તો કોરોના કાળ બાદ લોકો દ્વારા ખાસ ફ્રીઝના પાણીના બદલે માટલાનું પાણી પીવા નો આગ્રહ રખાતો હોવાથી દેશી લાલ તેમજ કાળી માટીના માટલા ની માંગ માં દેશ ભર માં વધારો થયો છે.આથી આ વર્ષ વધુ ટર્ન ઓવરથવાની આશા બંધાઈ છે.

# રાજુલાઃ રામ પરિવાર દ્વારા પિતૃ મોક્ષાર્થે ભાગવત કથા

**અબતક, ચેતન વ્યાસ, રાજુલા**

રાજુલા ના ભેરાઈ ગામે સ્વ.નાકરાભાઈ ગભાભાઈ રામ પરિવાર દ્વારા પિતૃ મોક્ષાર્થે દિવ્ય ભાગવત કથા યોજાઈ આ કથા માં વ્યાસ પીઠ પર થી મહેશ દાદા જોશી (ભિંગરાડ વાળા) દ્વારા સુમધુર વાણી માં કથા રસ પાન કરાવવામાં આવ્યું.કથા દરમિયાન શિવ વિવાહ,શ્રીરામ જન્મ, શ્રી કૃષ્ણ જન્મોત્સવ,રૂક્મણી વિવાહ, જેવા પ્રસંગો ની ઉજવણી કરવા માં આવી.તેમાં પણ શ્રી કૃષ્ણ જન્મોત્સવ ની ઉજવણી માં તો જાણે ગોકુળ મથુરા જ હોઈ તેવું લાગી રહ્યું હતું.કથા દરમિયાન ખુબજ મોટી સંખ્યા માં સાધુ સંતો એ પધારી કથા શ્રવણ નો લાભ લીધેલ હતો.તેમજ કથા શ્રવણ કરવા વિવિધ રાજકીય આગેવાનો માં અંબરીશ ડેર, ટીકુભાઈ




વરુ,લોક સભાના ઉમેદવાર જેનીબેન ઠુમ્મર ,વિગેરે કથા શ્રવણ નો લાભ લીધેલ હતો.કથા દરમિયાન પધારેલા સાધુ સંતો તેમજ મહેમાનો નું સાલ ઓઢાડી, ભેટ આપી ને યજમાન પરિવાર ના ગભાભાઈ ભાયભાઈ રામ તેમજ નકાભાઈ રામ,રામભાઈ રામ,લક્ષ્મણ ભાઈ રામ દ્વારા સન્માન કરવામાં આવેલ હતું.કથા દરમિયાન ભોજન પ્રસાદ ની પણ ખુબજ સુંદર વ્યવથા કરવા માં આવેલ હતી જેમાં સ્વયમ સેવકો ભીખાભાઈ નાથાભાઈ,ભગુભાઈ લાલભાઈ તેમજ બાઉભાઈ વાવડિયા દ્વારા સુંદર વ્યવસ્થા કરવા માં આવેલ હતી.લોકોએ ભોજન પ્રસાદ નો મોટી સંખ્યા માં લાભ લીધેલ હતો. આમ ખુબજ ધામ ધૂમ થી રામ પરિવાર દ્વારા ભાગવત સપ્તાહ નું આયોજન કરવા માં આવેલ હતું.

# રાજકોટઃ ચકચારી દુષ્કર્મ કેસમાં ફરિયાદી શિક્ષિકાને ૧ માસની સજા ,આચાર્ય નિર્દોષ

## તપાસ કરનાર બે મહિલા પોલીસ સબ-ઈન્સપેક્ટર વિરુદ્ધ ખાતાકીય તપાસ કરી રિપોર્ટ કરવા હુકમ,

## ખોટી કાલ્પનીક વાર્તા ઉભી કરી ફરીયાદ દાખલ કરાવેલ આરોપી તરફે ઉલટ તપાસ દ્વારા હકીકતો રેકર્ડ પર લાવવામાં આવેલી ,બચાવ પક્ષના એડવોકેટ તુષાર ગોકાણી

**અબતક, રાજકોટ**

આણંદપર શાળાના પ્રિન્સીપાલ (આચાર્ય) વિરૂધ્ધ શાળાની શિક્ષિકાએ કરેલ દુષ્કર્મ, છેડતી અને જાનથી મારી નાખવાની ધમકીના કેસમાં કોર્ટે પ્રિન્સીપાલને નિર્દોષ ઠરાવી છોડી મુકાવા અને ખોટી ફરીયાદ કરવા બદલ ફરીયાદી શિક્ષિકાને ખર્ચ ચુકવવા તેમજ તપાસ કરનાર બન્ને પોલીસ સબ-ઈન્સપેક્ટર વિરૂધ્ધ ખાતાકીય તપાસ કરવા હુકમ ફરમાવ્યો છે.

આ કેસની હકીકત મુજબ વર્ષ ૨૦૧૫ માં આણંદપર(નવાગામ) પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવતા રતુભાઈ રાયધનભાઈ ચાવડા (રહે. રાજકોટ) વિરૂધ્ધ તે શાળામાં જ ફરજ બજાવતી શિક્ષિકાએ ફરિયાદ નોંધાવી હતી. કે આચાર્યએ વિકલાંગ ફરીયાદીને બદનામ કરી અને બદલી કરી અને ફરીયાદીના પતિ તથા દીકરાને જાનથી મારી નાખવાની ધમકી આપી ફરીયાદી સાથે શાળામાં તથા અલગ અલગ જગ્યાએ શારીરિક સંબંધ બાંધી અને ફોનમાં પણ બિભત્સ વાતો કરી ધરાર સંબંધ રાખવા મજબુર કરતા હોવાની ફરીયાદ રાજકોટ મહિલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસ દ્વારા આરોપીને અટક કરી તપાસ પુર્ણ કરી મહિલા પોલીસ સ્ટેશનના સ્ટાફે આરોપી વિરૂધ્ધ રાજકોટની અદાલતમાં ચાર્જશીટ રજુ કર્યું હતુ. જે કેસ અદાલતમાં ચાલવા ઉપર આવતા આરોપી પોતાના એડવોકેટ તુષાર ગોકાણી મારફત અદાલત સમક્ષ હાજર થયા હતા. આરોપીએ પોતાની સામેના તહોમતનો ઈન્કાર કરતા કેસ આગળ ચાલેલ હતો.ફરીયાદ પક્ષે આરોપી વિરૂધ્ધ કેસ સાબિત કરવા માટે ભોગ બનનાર ફરીયાદી, ફરીયાદીના પતિ, તબીબો, પંચો, પોલીસ અધિકારીઓ સહિતના સાક્ષીઓની જુબાની અદાલત સમક્ષ નોંધવામાં આવેલ હતી જયારે આરોપી તરફે ઉલટ તપાસ દ્વારા એવી હકીકતો રેકર્ડ પર લાવવામાં આવેલ કે ફરીયાદી જે તા.૦૧/૦૧/૨૦૧૪ ના રોજ પ્રથમ બનાવ બનેલ હોવાનુ જણાવે છે તે તારીખ કાલ્પનીક રીતે ઉભી કરવામાં આવેલ ઘટનામાં સરળતાથી યાદ રહી જાય તે માટે ગોઠવેલી તારીખ છે. ફરીયાદીના પતિ વકીલ છે પરંતુ પોલીસ અને અદાલત સમક્ષ પોતે કોઈ જ કામ ધંધો કરતા નથી તેવુ સોગંદ ઉપર ખોટુ જણાવેલ છે. ફરીયાદી તથા તેના પતિએ મલિન ઈરાદા સાથે ખોટી કાલ્પનીક વાર્તા ઉભી કરી ફરીયાદ દાખલ કરાવેલ છે. તેમજ ઉલટ તપાસ દરમ્યાન પુછવામાં આવતા સામાન્ય સવાલોમાં પણ જવાબ ન આપવા પડે તે માટે બીમારી સહિતના વિવિધ બહાનાઓ બનાવી ઉલટ તપાસ સળંગ ચાલવા દીધેલ નથી જેની પણ અદાલતે નોંધ લીધી છે. ફરીયાદી જે સમય દરમ્યાન બનાવ બનેલો હોવાનુ જણાવે છે તે સમય બાદ ફરીયાદી આરોપીના પુત્રના



લગ્નમાં હાજર હોવાના ફોટોગ્રાફસ રજુ કરવામાં આવેલ જેથી પણ ફરીયાદીની ફરીયાદ ખોટી હોવાનું ઉલટ તપાસ દ્વારા રેકર્ડ પર આવેલ.


ફરીયાદ પક્ષે રજુ કરવામાં આવેલ કોલ ડીટેઈલ રેકર્ડ જોતા ફરીયાદી દ્વારા અદાલત સમક્ષ સોગંદ ઉપર જે હકીકતો અને સમય દર્શાવવામાં આવેલ છે તે હકીકતો અને સમય કોલ ડીટેઈલ પરથી જ ખોટા ઠરે છે. ડોકટર દ્વારા તા.૧૫/૦૮/૧૫ ના રોજ ફરીયાદીને ચકાસી તબીબી અભિપ્રાય આપવામાં આવેલ હતો જે અભિપ્રાયમાં સોનોગ્રાફી રીપોર્ટનો ઉલ્લેખ કરાયેલ હતો જે રીપોર્ટ પ્રોસીકયુશન દ્વારા જુબાનીમાં સંતાડવામાં આવેલ હતો પરંતુ ઉલટ તપાસ દરમ્યાન તબીબ પાસેથી સોનોગ્રાફી રીપોર્ટ રજુ કરાવતા તે રીપોર્ટમાં તા.૧૬/૦૮/૧૫ ના રોજ સોનોગ્રાફી થયેલ હોવાનો ઉલ્લેખ હતો એટલે કે તા.૧૫/૦૮/૧૫ ના રોજ તબીબ દ્વારા આપવામાં આવેલ અભિપ્રાય ઉભો કરાયેલ હોવાનુ સાબિત કરેલ હતુ. પ્રોસીકયુશન દ્વારા કેસમાં તપાસ કરનાર અમલદાર તરીકે તત્કાલીન પી.એસ.આઈ. શિલ્પા એમ. ચૌધરી તથા પી.એસ.આઈ. હંસાબા ડી. સોલંકીની જુબાની નોંધવામાં આવેલ હતી જેમની આરોપી તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ જે ઉલટ તપાસમાં પી.એસ.આઈ. દ્વારા એવુ કબુલ કરવામાં આવેલ કે તપાસ દરમ્યાન ફરીયાદીના કેસને સમર્થન કરતા કોઈ સ્વતંત્ર પુરાવો તેઓને મળી આવેલ નહી


તમામ કાયદાકીય કાર્યવાહીના અંતે અદાલત દ્વારા દિવસો સુધી બન્ને પક્ષકારોની લંબાણપુર્વકની દલીલો સાંભળવામાં આવેલી ફરીયાદી દ્વારા જુબાનીમાં જણાવવામાં આવેલ છે ત્યારે આવા માથાભારે વ્યકિત વિરૂધ્ધ વિકલાંગ પતિ અને સગીર બાળક ધરાવતી સ્ત્રી ફરીયાદ કરવાની હિંમત કરે અને ફરીયાદમાં જે હકીકત આરોપીને આજીવન કેદની સજા કરવા દલીલો કરવામાં આવેલ હતી.

જયારે આરોપી તરફે તુષાર ગોકાણી દ્વારા એવી દલીલો કરાયેલી કે ફરીયાદી પોતે સ્ત્રી અને શારિરિક અસક્ષમ હોવા માત્રથી તે સત્ય બોલે છે તેવુ માની શકાય નહીં. કાલ્પનીક ઘટનાના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં તેમજ તપાસ કરનાર પોલીસ અધિકારીઓ જયારે સોગંદ ઉપર જુબાનીમાં કબુલ કરતા હોય કે તેઓ પાસે ફરીયાદીના આક્ષેપોને સમર્થનકર્તા કોઈ જ પુરાવા મળી આવેલ નથી તેવા કિસ્સામાં આરોપીને સંપુર્ણપણે નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઈએ તેવી એડવોકેટ તુષાર ગોકાણી દ્વારા સર્વોચ્ચ અદાલતના વિવિધ ચુકાદાઓ સાથે રજુઆત કરવામાં આવી હતી. તમામ પક્ષકારોની વિસ્તૃત દલીલો તેમજ રેકર્ડ પરના પુરાવાના આધારે રાજકોટના અધિક જિલ્લા ન્યાયાધીશ જે. ડી. સુથારે આરોપીને આક્ષેપિત તમામ ગુનાઓમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કરી એક દાયકા સુધી ચાલેલ કાનુની જંગના અંતે અદાલતે ફરીયાદીને વળતર ચુકવવા અને ન ચુકવે તો કેદની સજા તેમજ તપાસ કરનાર બન્ને પી.એસ.આઈ. વિરૂધ્ધ રાજકોટ પોલીસ કમિશ્નરે જાતે ખાતાકીય તપાસ કરી તે તપાસનો રીપોર્ટ અદાલતન સમક્ષ રજુ કરવા હુકમ કર્યો છે. આ કેસમાં આરોપી રતુભાઈ ચાવડા વતી ખ્યાતનામ ધારાશાસ્ત્રી તુષાર ગોકાણી, રીપન ગોકાણી, કેવલ પટેલ, હાર્દિક શેઠ, ઉઝેર કુરેશી, જશપાલસિંહ જાડેજા, યશ વૈષ્ણવ, વિરમ ધ્રાંગીયા, નદીમ ધંધુકીયા, વિશાલ કૌશિક અને ભુમિકા નંદાણી રોકાયા હતા.

# ધોલેરા નજીક અકસ્માતમાં દંપતિના મોતઃ પૂત્રનો આબાદ બચાવ

## પીપળી ગામ પાસે કારે રોંગ સાઈડમાં ઘુસી જઈ બાઈક ટક્કર મારી





**અબતક, સબનમ ચૌહાણ, સુરેન્દ્રનગર**

અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના હાઈવે રોડ ઉપર દિન પ્રતિદિન અકસ્માતનું પ્રમાણ વધી રહ્યું છે જેમાં વટામણ ધોલેરા હાઈવે પર અકસ્માત રોજ રોજ થઈ રહ્યા છે તેમાં અનેક લોકોના જીવ પણ જઈ રહ્યા છે ત્યારે વટામણ ધોલેરા હાઈવે પર આવેલા પીપળી ગામે અર્ટી કાકા ના ચાલે કે સ્ટેરીંગ પર નો કામ ગુમાવતા રોંગ સાઈડમાં જઈ બાઈક ચાલકને ટક્કર મારી હતી જેમાં બાઈક સવાર પર બે લોકોના મોત નીપજ્યા હતા ત્યારે સ્થાનિક લોકોએ અરટીકા ચાલકને ઝડપી પાડ્યો હતો અને પોલીસને સોંપ્યો હતો જેમાં ફરિયાદીઓએ જણાવ્યું હતું કે કાલ ચાલક મસાની હાલતમાં હતો અને કારમાં દારૂની બોટલ પણ મળી હતી તો ફરિયાદમાં કારચાલકમાં નશામાં હોવાનું ઉલ્લેખ કરાયો નથી તેવા આક્ષેપ કર્યો હતો ત્યારે ધોલેરા પીએસઆઈ વાઘેલા સાથે વાત કરતા તમે જણાવ્યું હતું કે અકસ્માતમાં બે લોકોના મોત મૂકી ગયા છે અને કારના માલિક નો પુત્ર કા ચલાવ્યો હતો તેને ધરપકડ કરી ૨૪ કલાક રાખી તેને જમીન આપ્યા છે

મરણ જનાના નામ ખોડાભાઈ ગોહીલ રહે મોટીબોરુ ગામ ધોળકા સંગીતાબેન ગોહીલ રહે મોટીબૂરુ ધોળકા પાર્થ ગોહિલે ઉવ ૧૦ પૂત્ર ઈજાગ્રસ્ત થયા હતા.

# આંતરરાષ્ટ્રીય કંપનીમાં રોકાણ કરી ઉંચા વળતરની લાલચ આપી વૃદ્ધને રૂ. ૮.૧૦ લાખનો ચૂનો ચોપડયો

## ભાવનગર રહેતા વૃદ્ધની ઝીરો નંબરથી ફરિયાદ મળતા તાલુકા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી

**અબતક, રાજકોટ**

રાજકોટમાં વધુ એક છેતરપીંડીની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે. મૂળ રાજકોટના હાલ ભાવનગર રહેતા વૃદ્ધે આંતરરાષ્ટ્રીય કંપનીમાં રોકાણ કરવાથી ઉંચી વળતર મળશે તેવી લાલચ આપી સુરતના શખસે રૂ. ૮.૧૦ લાખની ઠગાઈ કરી હોવાની ભાવનગરથી ઝીરો નંબરથી ફરિયાદ ટ્રાન્સફર કરતા તાલુકા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

અગાઉ રાજકોટના કાલાવડ રોડ ઉપર વૃંદાવન સોસાયટીમાં રહેતા અને હાલ ભાવનગર ખાતે રહેતા મુકેશભાઈ શંકરભાઈ પંડયા ઉ.૬૫ નામના વૃદ્ધએ તાલુકા પોલીસ સ્ટેશનમાં સુરતના કામરેજ ખાતે આસોપાલવ રો હાઉસ ખાતે રહેતા જીગ્નેશ ગજાનન જાની નામનાશખસ સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે પોતે ૨૦૧૭થી ૨૦૧૮ દરમિયાન રાજકોટના ઉપરોક્ત સરનામે રહેતા હતા ત્યારે જીગ્નેશએ પરિચય કેળવી ઈન્ટરનેશનલ સંસ્થામાં ડીપોઝીટ કરવાથી ઊંચું વળતર મળશે તેવી લાલચ આપી હતી જેથી ૧ ડીસેમ્બર ૨૦૧૭થી ૧૦ ઓક્ટોબર ૨૦૧૮ દરમિયાન ચેકથી સાડા ત્રણ લાખ અને ૪.૬૦ લાખ કટકે કટકે મળી ૮.૧૦ લાખનું રોકાણ કર્યું હતું તે પછી જીગ્નેશએ આપેલ વચન મુજબ કોઈપણ પ્રપારનું વળતર મળતું ન હતું જેથી ફોન કરતા યોગ્ય પ્રત્યુતર પણ આપતો ન હોય અને કૌટુંબિક સંબંધી થતો હોય પોતાની સાથે છેતરપીંડી થયાનુ જણાવતા પીએસઆઈ એચ એન ગઢવીએ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# ભુજઃ ટાંકણાસર ગામેથી ગેરકાયદે બંધુક સાથે શખ્સ ઝડપાયો

**અબતક, નવીનગીરી ગોસ્વામી, ભુજ**

ભુજ તાલુકાના ટાંકણાસર ગામે રહેતો મામદ ઈભલા જત નામના શખ્સ પાસે ગેરકાયદે હથિયાર હોવાની બાતમી પશ્ચિમ-ભુજ એસ.ઓ.જી.ની ટીમને બાતમી મળતા મામદને તેના ઘર નજીકથી ગેરકાયદે દેશી બંધુક સાથે એસ.ઓ.જી. પી.આઈ. વી.વી. ભોલા, પી.એસ.આઈ. પી.પી. ગોહિલ સહીતના સ્ટાફે ઝડપી લીધો છે.

# પરિણીતા પર દુષ્કર્મ આચરનાર નરાધમને ૧૪ વર્ષની સજા ફટકારતી સુરેન્દ્રનગર સેશન્સ કોર્ટ

## વર્ષ ૨૦૨૧માં લગ્ન-પ્રસંગમાંથી ઘરે પરત મૂકવાનું કહી પોતાના ઘરે લઈ જઈ આચયું ‘તું દુષ્કર્મ

**અબતક, સબનમ ચૌહાણ, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જિલ્લાના થાન પોલીસ મથકે વર્ષ ૨૦૨૧માં પરીણિતા સાથે કૌટુંમ્બિક સગાએ દુષ્કર્મ આચર્યું હોવાની ફરિયાદ નોંધાઈ હતી. જે અંગે સુરેન્દ્રનગર ત્રીજા એડીશ્નલ સેશન્સ જજમાં કેસ દાખલ કરવામાં આવ્યો હતો. જે તાજેતરમાં ચાલી જતા સરકારી વકીલની દલીલો અને દસ્તાવેજી પુરાવાઓના આધારે સેશન્સ જજે આરોપીને ૧૪ વર્ષની કેદની સજા અને રોકડ રકમનો દંડ ફટકારતો ચુકાદો આપ્યો હતો.થાનમાં રહેતા કૌટુંમ્બિક સગા મયુરભાઈ હેમંતભાઈ સારલા વર્ષ ૨૦૨૧માં ફરિયાદી સાથે લગ્ન પ્રસંગે ગયા હતા. ત્યાંથી પરત ફરી રહ્યાં હતાં ત્યારે બાઈક પર મુકી જવાનું જણાવતા મયુરભાઈએ થાન ખાતે ફરિયાદીને ઘરે લઈ જઈ દુષ્કર્મ આચર્યું હતુ. તેમજ આ અંગે કોઈને જાણ કરશે તો પતિ તેમજ પુત્રને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જે અંગે ભોગ બનનાર પરીણિતાએ થાન પોલીસ મથકે દુષ્કર્મ આચરનાર મયુરભાઈ સારલા સામે ફરિયાદ નોંધાવી હતી. જેને આધારે પોલીસે આરોપીને ઝડપી પાડી સુરેન્દ્રનગર ત્રીજા એડીશ્નલ સેશન્સ જજની કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો.

# ધોરાજીઃ અકસ્માત મૃત્યુનાં કેસમાં ૯૦ લાખનું વળતર મંજુર

## ટેન્કરની પાછળ કાર ઘૂસી જતાં ચિકનના ધંધાર્થી નું મોત નીપજતા પરિવારજનોએ વળતર મેળવવા દાદ માંગી તી

**અબતક, રાજકોટ**

ધોરાજી નજીક ટેન્કર પાછળ કાર ધુશી જતા વેપારીનું મૃત્યુ નીપજવાના બનાવમાં મૃતકના પરિવાર દ્વારા અકસ્માત વળતર મેળવવા કરેલા ક્લેમ કેસમાં અદાલતે મૃતકના પરિવારને ₹૯૦ લાખ વળતર ચૂકવવા હુકમ કર્યો છે

આ અકસ્માત કેસની વિગત એવી છે કે, ગુજરનાર અકબરભાઈ અમીનભાઈ શાહીગરા તા. ૦૯/૦૨/૨૦૨૨ નાં રોજ પોતાના બાળકો સાથે અજમેર ઉર્ષમાંથી પરત આવવા કાર લઈને નીકળેલ તે દરમ્યાન રાજસ્થાનમાં નેશનલ હાઈવે ૪૮ ઉપર પરસાદ ગામ નજીક એક ટેન્કરની પાછળ કાર ઘૂસી ગયેલ હતી જેમાં અકબરભાઈનું ઘટના સ્થળ ઉપર જ મૃત્યુ થયું હતું.

ગુજ. અકબરભાઈ અકસ્માત પહેલાં જેતપુર - નવાગઢ હાઈવે પર શોલે ચિકનનાં નામથી હોટેલ ચલાવતા હતા. અકબરભાઈનાં પરિવારજનોએ ધોરાજીનાં અકબરભાઈનાં મિત્ર અને ધોરાજી પોઠીયાવાલા જમાતના પ્રમુખનાં પુત્ર તારીકભાઈ પોઠીયાવાલા મારફત રાજકોટની અકસ્માત ક્લેઈમ ટ્રીબ્યુનલ સમક્ષ ક્લેઈમ કેસ દાખલ કરેલ. જેથી ગુજરનારનાં વકીલ દ્વારા વિવિધ આવકનાં પુરાવા, ઈન્કમટેક્ષ રીટર્ન તેમજ અકબરભાઈ ૩૭ વર્ષની નાની ઉંમરમાં પત્ની, ત્રણ બાળકો તથા માતા-પિતાનું ભરણપોષણ કરતા હતા તે તમામ આધાર પુરાવા રજૂ રાખેલ હતા. જે નામ. કોર્ટ દ્વારા ધ્યાનમાં લઈને આજરોજ ઉપરોક્ત કેસમાં ૯૦ લાખ રૂપિયાનું વ્યાજ ખર્ચ સહિત વળતર મંજૂર કરેલ હતું.

આ કામમાં ગુજરાનારનાં વારસદારો દ્વારા એડવોકેટ તારીકભાઈ પોઠીયાવાલા તથા એડવોકેટ એમ. એ. સુરૈયા રોકાયેલ હતા.

# ધોરાજીઃ મોટી પરબડી ગામે બંધ મકાનને નિશાન બનાવી તસ્કરો રૂ. ૮૫ હજારની રોકડ ઉઠાવી ગયો

**અબતક, રાજકોટ**

ધોરાજી તાલુકાના મોટી પરબડી ગામે રહેતા ખેડુત દંપતિ ચાર દિવસ પહેલા તેના સંબંધીને ત્યાં સપ્તાહ હોય જે દરમિયાન તસ્કરોએ તેમના બંધ મકાનને નિશાન બનાવી તાળા તોડી તીજોરીમાંથી રૂ. ૮૫ હજારની રોકડ અને ચાંદીની વસ્તુ મળી રૂ. ૯૦ હજારની ચોરી થયાનો બનાવ ધોરાજી પોલીસ મથકમાં નોંધાયો છે.પોલીસ સૂત્રો પાસેથી મળતી માહીતી મુજબ ધોરાજી તાલુકાના મોટી પરબડી ગામે રહેતા અને ખેતી કરતાં રમેશ ભનાભાઈ ગજેરાએ ધોરાજી તાલુકા પોલીસ મથકમાં ફરીયાદમાં જણાવ્યા મુજબ તે અને તેના પત્ની ચાર દિવસ પહેલા તેના સબંધીને ત્યાં સપ્તાહ હતી જેથી દંપતિ સવારે મકાનને તાળા મારી સપ્તાહમાં ગયા હતા અને રાત્રે પોતાની ઘરે પરત ફર્યા ત્યારે તેમના મકાનના દરવાજાનું તાળુ તુટેલુ હતું.

રમેશભાઈએ ઘરમાં જઈ જોયું તો તીજોરીનું ખાનું ખુલેલું હતું. જેમાં રૂ. ૮૫ હજાર રોકડા અને અંદાજે પાંચ હજારની ચાંદીની વસ્તુની ચોરી થયાનું માલુમ પડયું હતું. બનાવની જાણ ધોરાજી તાલુકા પોલીસને કરતા પોલીસ ઘટના સ્થળે પહોંચી અજાણ્યા તસ્કરો સામે ચોરીની ફરીયાદ નોંધી શોધખોળ હાથ ધરી છે.

# ગોંડલ પંથકની પરિણીતા પર અવાર નવાર દુષ્કર્મ આચારનાર શખ્સની ધરપકડ

## પ્રેમજાળમાં ફસાવી સમાજમાં બદનામ કરી દેવાની ધમકી આપી અનિડાના શખ્સે અનેક વાર કુકર્મ આચર્યું

**અબતક, ગોંડલ**

ગોંડલ પંથકની પરિણીતાને અનીડા (ભાલોડી)ના શખ્સે પ્રેમજાળમાં ફસાવી તેના પતિને સબંધની વાત કરી દેવાની ધમકી આપી અવાર-નવાર દુષ્કર્મ ગુજારતા ગોંડલ તાલુકા પોલીસ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવમાં આવી છે.

બનાવ અંગે ગોંડલ પંથકમાં રહેતી ૨૭ વર્ષીય પરિણીતાએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે મહેશ ઉર્ફે મુનો દિલીપ મકવાણા (રહે.અનીડા ભાલોડી)નું નામ આપતાં જણાવ્યું હતું કે, તેની તેના માતાના ઘરે આંટો મારવા ગઈ હતી ત્યારે આરોપીએ પરિચય કેળવી પ્રેમ જાળમાં ફસાવી તેણીના ઘરમાં આવી દુષ્કર્મ ગુજાયું હતું. અને બાદમાં આરોપીએ પરિણીતાને સમાજમાં બદનામ કરી દેશે અને તેણીના પતિને વાત કરી દેશે તેવો ભય બતાવ્યો હતો.

પરિણીતાને સમાજ તેમજ સાસરિયાના બદનામ કરી દેવાની ધમકી આપી આરોપીએ અલગ-અલગ સ્થળોએ લઈ જઈ ત્રણ-ચાર વાર બળજબરીથી દુષ્કર્મ આચર્યું હતું. બાદમાં અંતે કંટાળેલી પરિણીતાએ તેના પતિને જાણ કરતા ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગે ગોંડલ તાલુકા પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી વધુ પૂછપરછ હાથ ધરી છે.

# વઢવાણમાં બે દિવસ પૂર્વે જ છૂટાછેડા લેનાર ત્યક્તા પર પૂર્વ પતિનો છરી વડે હુમલો

## છૂટાછેડાનો ખાર રાખી મહિલાના પિયર જઈ પૂર્વ પતિએ પત્નીને બહાનેથી બહાર બોલાવી છરીના ઘા ઝીંક્યા

**અબતક,રાજકોટ**

સુરેન્દ્રનગરના રામનગરની પરણીતાના બે દિવસ પૂર્વે છુટાછેડા થયા બાદ તેણી જ્યારે વઢવાણ તાલુકાના રતનપર ગામે પિતાના ઘરે રહેતી હતી ત્યારે પતિએ ઘરે આવી છરીના ઘા ઝીંક્યા તેણીને ઈજાગ્રસ્ત હાલતમાં સિવિલમાં દાખલ કરવામાં આવી અને પોલીસે ફરિયાદની તજવીજ હાથધરી છે.

સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકાના રતનપર ગામે રહેતા સગુણાબેન અરજણભાઈ મરતોલીયા નામના ૩૦ વર્ષીય મહિલાને સુરેન્દ્રનગર તાલુકાના રામનગર સોસાયટીમાં રહેતા તેના પૂર્વ પતિ હરેશ ચિનુભાઈ વીજુડાએ ગત રાત્રીના તેણી પોતાના પિતાના ઘરે હતી ત્યારે છરીના ઘા ઝીંકી ગંભીર રીતે ઈજાગ્રસ્ત કરી હતી. ગંભીર રીતે ઈજાગ્રસ્ત મહિલાને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા.બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે જોરાવર નગર પોલીસ સ્ટેશનને જાણ કરી. પોલીસે સિવિલ હોસ્પિટલ આવી જરૂરી કાગળો કર્યા અને પોલીસ તપાસ હાથધરી છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં મહિલાના પિતા અરજણભાઈએ પોલીસને જણાવ્યા અનુસાર, સગુણાબેનએ દસ વર્ષ પૂર્વે હરેશ સાથે પ્રેમ લગ્ન કર્યા હતા.લગ્ન થયા બાદ બંનેને અવરનવાર ઝઘડાઓ થતાં અને એકબીજાના ચારિત્ર્ય ઉપર શંકાઓ કરતા જેથી તા. ૩૦/૦૪/૨૦૨૪ ના રોજ બંનેએ છુટાછેડા આપ્યા હોય અને જેથી જ ઉશ્કેરાયેલા પતિએ ગત રાત્રી અઢી વાગ્યે પૂર્વ પત્નીના પિતાના ઘરે આવી પાણી પીવાના બહાને સગુણાને ઘરની બહાર આવવાનું કહી છરીના ઘા ઝીંક્યા અને હુમલો કરી ત્યાંથી નાશી છૂટ્યો.તેઓને સંતાનમાં એક પુત્રી છે,જે હાલ તેની માતા સગુણા સાથે રહે છે. સગુણાબેનના આ બીજા લગ્ન હતાં.પોલીસે હાલ હુમલો કરી નાસી છૂટેલા પૂર્વ પતિની શોધખોળ હાથધરી છે.

# ધ્રાંગધ્રાઃ શીતળા માતાના મેળામાં જુગાર રમતાં ૩ શકુનીઓ ઝડપાયાં

## રૂ. ૫૨૧૦ ની રોકડ સાથે રૂ. ૧૫૨૧૦ નો મુદામાલ કબ્જે



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા શહેરમાં સીટી પોલીસે શીતળા માં ના મેળામાં મફતીયા પરા કાશી વિશ્વનાથ ગેટ પાસે જાહેરમાં પ્લાસ્ટિકના બીલા ઉપર અંક લખીને જુગાર રમતા, રમાડતા ત્રણ શખ્સોને પોલીસે ઝડપી પાડ્યા હતા અને સાથે ૫.૨૧૦ રોકડ રૂપિયા અને બે એન્ડ્રોઈડ મોબાઈલ ફોન સહીત રૂપિયા ૧૫.૨૧૦ ના મુદ્દા માલ સાથે સીટી પોલીસમાં જુગારધારા મુજબનો ગુનો નોંધવામાં આવ્યો હતો

ધ્રાંગધ્રા શહેરમાં શીતળા માતાના મેળાનો તહેવાર હોય ત્યારે જુગાર પૂરબહારમાં ખીલતું હોય છે ત્યારે સીટી પોલીસ પણ કોઈ પણ સંજોગમાં લોકો જુગારની બદી માં પોતાના પરિવારનું જીવન અસ્ત વ્યસ્ત કરી વ્યાજના રવાડે ન ચઢે માટે સતત જુગાર ની બાતમી મેળવી શકુનીઓ ને કાયદેસરના પાઠ ભણાવતી હોય છે. ધ્રાંગધ્રા સીટી પોલીસના પીઆઈ એમ યુ મશી,અસ્લમખાન મલેક, બળવંતસિંહ, સરફરાઝભાઈ, સંજયભાઈ મુંધવા અને પ્રતાપસિંહ સાહિતની ટિમ ધ્રાંગધ્રા શહેર માં પેટ્રોલિંગમાં હતા તેં દરમિયાન શીતળા માતાના મેળામાં મફતીયા પરા વિસ્તારમાં જુગાર રમાઈ રહ્યો હોવાની ખાનગી રાહે બાતમી મળી હતી.

ટિમ દ્રારા રેડ કરતા મફતીયા પરા કાશી વિશ્વનાથ ગેટ પાસે જાહેરમાં પ્લાસ્ટિકના બીલા ઉપર અંક લખીને જુગાર રમતા, રમાડતા ત્રણ શખ્સ,રમઝાનભાઈ મહેબુબભાઈ ફકીર, આમીન હાજીભાઈ ખલીફા, સોહીલ ચાંદસા ફકીર,રહે તમામ ધાંગધ્રા વાળાને જાહેરમાં જુગાર રમતા અને રમાડતા પૈસા સહીત પકડી પાડ્યા હતા.પોલીસ દ્રારા ૩ ય પાસે તેમજ વચ્ચે મુકેલ પૈસા એમ કુલ થઈને ૫.૨૧૦ તથા બે એન્ડ્રોઈડ ફોન સહીત કુલ રૂપિયા ૧૫.૨૧૦ નો મુદ્દામાલ જપ્ત કરી જુગાર ધારા મુજબ નો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી

# કમળાપુર નજીક પદયાત્રી મહિલાનું બાઈક ઠોકરે મોત

## ધજાળા ગામે માનતા કરવા પગપાળા જતાં હતાં ત્યારે કાળ આંબી ગયો

**અબતક, રાજકોટ**

ભાડલાના કમળાપુર પાસે પારેવાળા ગામથી ધજાળા ગામે માનતા કરવા જતી વેળાએ પૂરપાટ ઝડપે દોડી આવતા બાઈકે મહિલાને પાછળથી ઠોકરે લેતાં મોત નિપજ્યું છે.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ,જસદણ તાલુકાના પારેવાળા ગામે રહેતા લક્ષ્મીબેન માલસુર ખાંભલા નામના મહિલા અને સગા સંબંધીઓ પોતાના ગામથી ધજાળા ગામે માનતા કરવા જતાં હતાં ત્યારે પાછળથી પૂરપાટ ઝડપે દોડી આવેલી જીજે.૦૩ એમ એસ ૫૬૮૮ ના ચાલક વિપુલ ચના વાઘેલા એ મહિલાને ઠોકરે ચડાવી દેતાં ગંભીર ઈજાગ્રસ્ત બનેલા મહિલાનું મોત નિપજ્યું છે બનાવની જાણ થતા સ્થાનીક પોલીસ સ્ટાફ ઘટના સ્થળે દોડી જઈ તપાસ હાથ બાઈક ચાલક વિપુલ વાઘેલા સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# માધવપુરમાં બાઈક સ્લીપ થતાં યુવકનું મોત

## બહેનના ઘરે આંટો મારવા જતી વેળાએ અકસ્માતનો ભોગ બનતા સારવારમાં દમ તોડ્યો

**અબતક, રાજકોટ**

પોરબંદરના માધવપુરમાં બાઈક સ્લીપ થતાં ઘવાયેલા યુવકનું રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવારમાં મોત નિપજતા પરિવારમાં કલ્પાંત છવાયો છે.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ, પોરબંદરના માધવપુર ગામે રહેતા હિતેશભાઈ કરસનભાઈ રાણાવાયા નામના ૨૯ વર્ષીય યુવક ગત તા. ૧ ના સવા આઠેક વાગ્યે પોતાની બાઈક લઈને પોરબંદરમાં રહેતા બહેનના ઘરે આંટો મારવા જતાં હતા ત્યારે માધવપુર ગામ નજીક બાઈક સ્લીપ થઈ ગઈ હતી અને યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત



બન્યા હતા.યુવકને ઈજાગ્રસ્ત હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા પરંતુ યુવકે સારવારમાં દમ તોડી દેતા મોત નિપજ્યું છે.બનાવની જાણ થતા સ્થાનીક પોલીસ સિવિલ હોસ્પિટલમાં દોડી આવી જરૂરી કાર્યવાહી હાથ ધરી છે જેમાં મૃતક યુવક મજૂરી કામ કરતો હતો અને તેઓ પરણિત હોઈ તેને સંતાનમાં એક પુત્રી છે.મૃતક હિતેશભાઈ ત્રણ બહેન અને ત્રણ ભાઈમાં સૌથી નાના હતા. ગત તા ૧ ના રોજ બહેનના ઘરે જતા હતા ત્યારે બાઈક સ્લીપ થઈ જતાં ઘવાયેલા યુવકનું મોત નિપજતા એક બાળકીએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં કલ્પાંત છવાયો છે.

# મોરબી:મહિલાના ગળામાંથી સોનાના ચેઇનની ચીલઝડપ કરનાર સમડીને ઝડપી લેવાયો

## આરોપી રાજકોટ અને જામનગરમાં કુલ આઠ કેસોમાં પોલીસ ચોપડે ચડી ચુકેલો કુખ્યાત શખ્સ



**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી આલાપરોડ, નવજીવન પાર્કમાંથી સાતેક દિવસ પહેલા મહિલાના ગળામાંથી સોનાનો ચેઇન ઝુટવી જનાર રાજકોટની સમડી ગેંગના રીઢા ચોર સાગરીતને સોનાનો ચેઇન તથા ચીલઝડપ કરવા ઉપયોગમાં લીધેલ બાઈક મળી કુલ કી.રૂ.૧,૨૦,૦૦૦/- ના મુદામાલ સાથે મોરબી એલસીબી પોલીસ દ્વારા ગણતરીના દિવસોમાં ઝડપી લેવામાં આવી આગળની વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર ગત તા.૨૪/૦૪ના રોજ મોરબીના આલાપ રોડ નવજીવન પાર્ક સોસાયટીમાં શેરીમાં બહાર બેઠેલા મહિલા પાસે જઈ સરનામું પૂછવાના બહાને મહિલાના ગળામાંથી સોનાનો ચેઈન આચકી એક અજાણ્યો શખ્સ દોડીને ભાગી જઈ થોડે દૂર પાર્ક કરેલ પોતાના બાઈક ઉપર ચેઈનની ચીલઝડપ કરી ભાગી ગયો હોય ત્યારે મહિલા દ્વારા મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં અજાણ્યા ચોર વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

ઉપરોકત ચીલઝડપના ગુનાના આરોપીને પકડી પાડવા મોરબી જીલ્લા પોલીસ દ્વારા મોરબી તથા આજુ બાજુના જીલ્લાઓમાં આ પ્રકારના બનેલ બનાવો જેના આરોપીઓની એમ.ઓ. ફોટોગ્રાફ અંગેની સંપૂર્ણ માહીતી મેળવી તે આધારે આરોપીઓ બાબતે ખાનગી બાતમીદારો મારફતે તપાસ કરી આરોપીઓની ઓળખ મેળવવા પ્રયત્નો શરુ કરી તેમજ વિશ્વાસ પ્રોજેકટ અંતર્ગત લગાડવામાં આવેલ સી.સી.ટી.વી. ફુટેજ તપાસી નંબર વગરના બાઈક અંગેની માહીતી મેળવી એલ.સી.બી.સ્ટાફ તથા મોરબી સીટી એ ડીવી પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફને આપવામાં આવી હતી. તે દરમિયાન એલ.સી.બી.પોલીસ ટીમને ખાનગીરાહે હકિકત મળેલ કે આ ચીલઝડપનો ગુનો આચરનાર અજય માનસીંગભાઇ કોળી રહે.રાજકોટ વાળો હાલ મોરબી જુના બસસ્ટેન્ડ પાસે બાઈક સાથે ઉભેલ હોવાની હકિકત મળતા સ્થળ ઉપર જઈને તપાસ કરતા ઉપરોક્ત આરોપી ત્યાંથી મળી આવેલ જે આરોપીને મોરબી એલ.સી.બી. કચેરી ખાતે લાવી સઘન પુછપરછ કરતા આ ગુનો તેણે આચરેલાની કબૂલાત આપી હતી. આ સાથે આરોપી અજય માનસીંગ પરસોંડા ઉવ-૨૭ રહે.રાજકોટ રાધે ડેરી, વાળી શેરી ઈન્ડીયન આવાસના


કવાટર્સમાં પાસેથી પોલીસે ચીલઝડપમાં આંચકીને લઈ ગયેલ સોનાનો ચેઈન તથા ગુનામાં વપરાયેલ બાઈક મળી કુલ કી.રૂ.૧,૨૦,૦૦૦/- ના મુદામાલ કબજે કરી ગણતરીના દિવસોમાં ચીલઝડપના ગુનાના આરોપીને ઝડપી લેવામાં સફળતા મળી હતી.

# મોરબી: ચાંચાવદરડા ગામે લક્ષ્મીનારાયણ શતાબ્દી મહોત્સવની ઉજવણી

## મહાયજ્ઞ, રામધૂન, સંતવાણી, બ્લડ ડોનેશન કેમ્પ અને શોભાયાત્રા સહિતના કાર્યક્રમ

**અબતક, ઋષી મહેતા, મોરબી**

આપણી ભારતીય સંસ્કૃતિમાં મંદિરોએ સમાજ જીવનને બહુ જ દિવ્યતા પ્રદાન કરી છે. જેમાં દેવ મંદિરો/રામજી મંદિરો એટલે આધ્યાત્મીક ઉર્જાથી અંતઃકરણને દૈવતવંતુ બનાવવાનું શ્રેષ્ઠ માધ્યમ બન્યું છે. સર્વજીવ હિતાવહક સંદેશાઓમાં પ્રવર્તક ભગવાન શ્રીલક્ષ્મીનારાયણ મહાપ્રભુએ પણ દરેક ગામડાઓમાં મંદિરોની પરંપરાને ખુબ જ મહત્વ આપી સમાજને એક નવો માર્ગ ચિંધ્યો છે. ત્યારે નાનુ છતાં સાક્ષાત દિવ્યતા થાય એ પૈકીનું માળીયા(મી) તાલુકાનું ચાંચાવદરડા ગામમાં આવેલ શ્રીલક્ષ્મીનારાયણ મંદિરના ૧૦૦ વર્ષ પૂર્ણ થતાં તે નિમીત્તે સમસ્ત ચાંચાવદરડા ગામ દ્વારા ત્રિદિવસીય શતાબ્દી મહોત્સવની ઉજવણીનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં આગામી તા.૯/૫ થી ૧૧/૫ સુધી મહાયજ્ઞ, રામધૂન, ધૂન ભજન, સંતોના સામૈયા, ધર્મ સભા, બ્લડ ડોનેશન કેમ્પ જેવા ધાર્મિક કાર્યો કરી શતાબ્દી મહોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવશે.



આ ત્રિદિવસીય શતાબ્દી મહોત્સવ પૂર્વે ૧૦૦ કલાક અખંડ રામનામ જાપનું આયોજન કરવામાં આવ્યું છે. અખંડ રામનામ જાપ તા.૪/૫ રવિવારે સવારે ૮.૦૦ વાગ્યા થી ૮/૦૫ ગુરુવારના બપોરના ૧૨ વાગ્યા સુધી ચાલુ રહેશે. ત્યારબાદ તા.૯/૦૫ ના દિવસથી શતાબ્દી મહોત્સવમાં નિધરિલ વિવિધ દિવ્ય પ્રસંગોમાં તા. ૯ મે ૨૦૨૪, ગુરૂવારે સાંજે ૫-૦૦ થી ૭-૩૦ કલાકે ગોપી મંડળ ત્યારબાદ સાંજે ૭-૩૦ કલાકે સાંજનો પ્રસાદ તેમજ રાત્રે ૯-૩૦ થી ૧-૩૦ કલાકે ચાંચાવદરડા (બજરંગમંડળ) દ્વારા સુંદર મજાનું નાટક ભજવવામાં આવશે. જયારે બીજા દિવસ એટલે કે તા.૧૦ મે ૨૦૨૪, શુક્રવારના રોજ સવારે ૮-૦૦ કલાકે(સંસ્કાર ઈમેજીંગ મોરબી) દ્વારા બ્લડ કેમ્પ બાદ સવારે ૯-૩૦ કલાકે યજ્ઞમાં બેસનારની દેહ શુધ્ધિ સાથે સરપદડ ગામના ભૂપતભાઈ દ્વારા રામધૂન ત્યારબાદ સ્થાપીત દેવ પૂજન કર્યા બાદ બપોરે ૧૨-૦૦ કલાકે મહાપ્રસાદ બાદ કુટીર યજ્ઞ બપોરે ૩-૦૦ કલાકે, રાસ ગરબા સાંજે ૫-૩૦ થી ૭-૩૦ કલાકે, પ્રસાદ સાંજે ૭-૩૦ કલાકે, સંતવાણી રાત્રે ૯-૩૦ કલાકે (ભગવતીબેન ગૌસ્વામી, જુનાગઢ)

શતાબ્દી મહોત્સવના અંતિમ દિવસે તા.૧૧/૫ના શનિવારના રોજ મહાઅભિષેક સવારે ૭-૦૦ કલાકે, શોભાયાત્રા સવારે ૭-૩૦ કલાકે, ધર્મ સભા સવારે ૯-૦૦ કલાકે, મહાપ્રસાદ બપોરે ૧૧-૩૦ કલાકે, ધ્વજા રોહણ બપોરે ૧૨-૦૦ કલાકે, મહાયજ્ઞનું બીડું હોમ બપોરે ૧૨-૧૫ કલાકે અને ત્યારબાદ રામજી મંદિર ખાતે મહાઆરતી કરી શતાબ્દી મહોત્સવની પુર્ણાહુતી કરવામાં આવશે. ત્યારે સમગ્ર મહાયજ્ઞ તેમજ હોમ હવન આદિના જજમાન સ્થાને શાસ્ત્રી રાજુભાઈ શાંતિલાલ મહેતા (ચાંચાવદરડાવાળા) દ્વારા કરાવવામાં આવશે ત્યારે શ્રીલક્ષ્મીનારાયણ શતાબ્દી મહોત્સવની શોભામાં અભિવૃધ્ધિ કરવા શ્રીલક્ષ્મીનારાયણ મંદિર વતી સમસ્ત ચાંચાવદરડા ગામ દ્વારા સૌ કોઈ ધર્મપ્રેમી જનતાને હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# મોરબી: પુત્ર સાથે કાર અથડાવનારને સમજાવવા ગયેલા પિતા પર ચાર શખ્સોએ કર્યો હુમલો

## આંદરણા ગામની ભેરૂનાથ હોટલ ખાતે પ્રોઢ પર ધોકા વડે હુમલો કરાયો

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

હળવદના ડુંગરપુર ગામે રહેતો યુવક બાઈક લઈને જતો હોય ત્યારે તેના બાઈક સાથે મોરબી તાલુકાના આંદરણા ગામના રહેવાસીની સ્વીફ્ટ કાર અથડાઈ અકસ્માત થયો હતો જે બાબતે યુવકના પિતા સ્વીફ્ટ કાર ચાલકને આંદરણા ગામથી ચરાડવા જતા રોડ ઉપર આવેલ ભૈરુનાથ હોટલે સમજાવવા જતા ત્યાં સ્વીફ્ટ કારના ચાલક સહીત અન્ય ત્રણ શખ્સો સહીત કુલ ચાર શખ્સો દ્વારા યુવકના પિતાને ધોકા વડે માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપતા ભોગ બનનાર દ્વારા મોરબી તાલુકા પોલીસમાં ચારેય આરોપીઓ સામે ફરિયાદ નોંધાવી હતી.મળતી માહિતી અનુસાર હળવદ તાલુકાના ડુંગરપુર ગામે રહેતા પ્રહલાદભાઈ કરશનભાઈ સુરાણી ઉવ. ૪૨ એ મોરબી તાલુકા પોલીસ મથકમાં આરોપી સ્વીફ્ટ કારનો ચાલક વિનુ ભરવાડ રહે. આંદરણા તા.જી.મોરબી તથા ત્રણ અજાણ્યા શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે આરોપી વિનુ ભરવાડે પ્રહલાદભાઈનો દીકરો બાઈક લઈને જતો હોય ત્યારે બાઈક સાથે સ્વીફ્ટ કાર ભટકાડી અકસ્માત કર્યો હતો જેથી જે બાબતે ગત તા. ૩૦/૦૪ ના રોજ પ્રહલાદભાઈ આરોપી એવા સ્વીફ્ટ કારના ચાલક વિનુ ભરવાડને સમજાવવા આંદરણા ગામથી ચરાડવા જતા રોડ ઉપર આવેલ ભૈરુનાથ હોટલે જતા આરોપી વિનુ ભરવાડે પ્રહલાદભાઈ તથા તેની સાથેનાને ધોકા વળે માર મારી, ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી તેમજ આરોપી વિનુ ભરવાડ સાથેના અજાણ્યા ત્રણ શખ્સોએ પ્રહલાદભાઈની બંન્ને ગાડીના કાચ તોડી નુકશાન કરી એકબીજાને મદદગારી કરી હોવાની ફરિયાદ નોંધાવતા હાલ મોરબી તાલુકા પોલીસે ચારેય આરોપીઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકાનેર: જીનપરા જકાતનાકા નજીકથી ચલણી નોટના નંબર પર જુગાર રમતાં ૩ શકુની ઝડપાયા

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મળતી માહિતી અનુસાર વાંકાનેર સીટી પોલીસ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન જીનપરા જકાતનાકા નાજી આવેલ રાજ એન્ટરપ્રાઈઝ પાસે જાહેરમાં ચલણી નોટના નંબર ઉપર પૈસાની હારજીતનો નસીબ આધારિત નોટ નંબરીનો જાહેરમાં જુગાર રમતા દિપકભાઈ બીપીનભાઈ નરસાણા ઉવ.૩૬ રહે.વાંકાનેર ભાટીયા સોસાયટી, મીતેશભાઈ કિશોરભાઈ રાજવીર ઉવ.૨૮ રહે.વાંકાનેર ભાટીયા સોસાયટી લાલાના માવાવાળી શેરી તથા સલીમભાઈ અલીભાઈ બાદી ઉવ.૩૯ રહે.વાંકાનેર આશીયાના સોસાયટીને રોકડા રૂ.૫,૧૫૦ સાથે ઝડપી લેવાયા હતા. ત્યારે પજડાયેલ ત્રણેય આરોપીઓ સામે વાંકાનેર સીટી પોલીસ મથકમાં જુગારધારા હેઠળ ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી: ૭૦ વષીય વૃધ્ધને તાવ ભરખી ગયો

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મળતી માહિતી અનુસાર મોરબીના શનાળા રોડ ખાતે આવેલ વૈભવનગરમાં રહેતા રાજેશભાઈ મગનલાલ ધાંગધરીયા ઉવ.૭૦ ગત તા.૩૦/૦૪ ના રોજ બીમાર હોય ત્યારે તાવ આવતો હોવાથી તેઓને સારવાર માટે પ્રથમ મોરબી સત્યમ હોસ્પિટલમાં દાખલ કર્યા હતા અને ત્યાંથી વધુ સારવારમાં મોરબી સરકારી હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા ત્યારે રાજેશભાઈનું ચાલુ સારવાર દરમ્યાન મોત નિપજતા મોરબી સીટી એ ડિવિઝન પોલીસે અ.મોતની નોંધ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# લિફ્ટ આપવી ભારે પડી: અજાણ્યો શખ્સ કાર લઇ રફુચક્કર

## કાર માલીક પાણીની બોટલ લેવા ઉતરતા ગઠીયો કળા કરી ગયો


**અબતક, ઋષિ મહેતા, મોરબી**

હળવદ: કચ્છના ગાંધીધામથી યુવક પોતાની કાર લઈને ગાંધીધામથી અમદાવાદ જતો હોય ત્યારે એક અજાણ્યા વ્યક્તિએ પોતે બીમાર છે અને ધ્રાંગધ્રા સુધી જવાનું કહી લિફ્ટ માંગતા યુવકે કારમાં બેસાડ્યો હતો. ત્યારે હાલ સરા ચોકડીએ યુવક પાણીની બોટલ લેવા કારમાં ચાવી રાખી નીચે ઉતારતા લિફ્ટ લેનાર અજાણ્યો ગઠીયો કારની ચોરી કરી નાસી ગયો હતો. ત્યારે યુવક દ્વારા હળવદ પોલીસ મથકમાં લિફ્ટ માંગનાર અજાણ્યા આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા હાલ પોલીસે યુવકની ફરિયાદના આધારે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

સમગ્ર બનાવની પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીધામ ગુરૂકુલ પ્લોટ નં.૧૬૭ સેકન્ડ ફ્લોર ફ્લેટ નં.૩ વોર્ડ ૧૦-એમાં રહેતા હર્મેશભાઈ ભરતભાઈ વ્યાસ ઉવ.૩૫ એ હળવદ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે ગત તા.૨૮/૦૪ના રોજ હર્મેશભાઈ પોતાના હવાલાવાળી સ્વીફ્ટ ગાડી રજી નં. જીજે-૧૨-એફડી-૧૯૧૮ વાળી લઈને ગાંધીધામથી અમદાવાદ જતા હતા ત્યારે એક અજાણ્યા માણસે પોતે બીમાર હોય અને ધ્રાંગધ્રા સુધી લઈ જવાનું જણાવી કારમાં લિફ્ટ માંગી હતી. જેથી હર્મેશભાઈએ અજાણ્યા વ્યક્તિને ગાંધીધામથી પોતાની ગાડીમાં બેસાડીને અમદાવાદ તરફ આવતા હતા ત્યારે અંદાજે રાત્રીના ૯.૧૫ વાગ્યા આસપાસ હળવદ સરા ચોકડી પાસે આવેલ ભાગ્યલક્ષ્મી દુકાને હર્મેશભાઈ પાણી લેવા કારની નીચે ઉતરેલ હતા ત્યારે આ અજાણ્યો માણસ હર્મેશભાઈનું ધ્યાન ચૂકવી ગાડી ચોરી કરી લઈ નાસી ગયો હતો. ત્યારે સમગ્ર બનેલ બનાવથી હતપ્રત બની ગયેલ હર્મેશભાઈ દ્વારા હળવદ પોલીસ મથકમાં લિફ્ટ માંગનાર અજાણ્યા ગઠીયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા હાલ પોલીસે અલગ અલગ દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# વાંકાનેર: વ્યાજની પઠાણી ઉઘરાણીમાં ફાયરીંગ કરનાર બે વ્યાજખોરોને પાસા તળે જેલમાં ધકેલાયા

## બન્ને વ્યાજખોરોને અમદાવાદ અને સુરત જેલ ખાતે પાસા તળે મોકલી દેવાયા



**અબતક, ઋષિ મહેતા, મોરબી**

લોકસભા ચુંટણી અનુસંધાને મોરબી જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તેમજ લોકો નિર્ભીક રીતે લોકશાહીના પર્વની ઉજવણી કરી શકે તે માટે અસમાજિક પ્રવૃતિમાં સંડોવાયેલ બે ઈસમોને વાંકાનેર તાલુકા પોલીસે પાસા હેઠળ ડીટેઈન કરી અલગ-અલગ જીલ્લાની જેલમાં મોકલી આપેલ છે.

મોરબી જીલ્લા પોલીસના ઉચ્ચ અધિકારીઓની સૂચના મુજબ આગામી સમયમાં લોકસભા ચુંટણી યોજાનાર હોય જે ચુંટણી શાંતીપુર્ણ અને ભયમુકત વાતાવરણમાં યોજાય અને આદર્શ આચારસહિતાનો અમલ થાય તે હેતુથી મોરબી જીલ્લામાં અસમાજિક તત્વો ઉપર અટકાયતી પગલા લેવા સુચના કરતા જે અનુસંધાને વાંકાનેર વિભાગ નાયબ પોલીસ અધિક્ષક એસ.એચ.સારડા તથા વાંકાનેર સીપીઆઇ તથા વી.પી.ગોલના માર્ગદર્શન હેઠળ વાંકાનેર તાલુકા પોલીસ મથકના પીએસઆઈ એલ.એ.ભરગાએ વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં જાહેરમાં ફાયરીંગ કરી વ્યાજની પઠાણી ઉઘરાણી કરનાર ધર્મેન્દ્રસિંહ વખતસિંહ ઝાલા તથા જયદીપસિંહ ધર્મેન્દ્રસિંહ ઝાલા રહે.બંન્ને અરણીટીંબા તા.વાંકાનેર વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મોરબી જીલ્લા મેજીસ્ટ્રેટને મોકલતા તેમના દ્વારા પાસા દરખાસ્ત મંજુર કરી વોરંટ ઈસ્યુ કરવામાં આવેલ જેથી બંને આરોપીને ડીટેઈન કરી અમદાવાદ તથા સુરત જેલ ખાતે મોકલી આપવામાં આવેલ છે.

# સુરેન્દ્રનગર: ફિઝિયોથેરાપીના વિદ્યાર્થીનો ધોળીધજા ડેમમાં ઝંપલાવી આપઘાત

## આર્થિક ભીંસ અને તણાવના કારણે પગલું ભરી લીધાની આશંકા: એકના એક પુત્રના મોતથી પરિવારમાં કલ્પાંત

**અબતક, રાજકોટ**

સુરેન્દ્રનગર ધોળી ધજા ડેમ વાલવટાવર પાસે એક યુવકની પાણીમાં તરતી લાશ મળી આવતા જોરાવરનગર પોલીસે તપાસ કરતા યુવક સુરેન્દ્રનગરના હોવાનું અને ફિઝીયોથેરાપી નો અભ્યાસ કરતો હોવાનું જાણવા મળ્યું હતું .યુવક ગત તા ૨૬ ના ઘરેથી કહ્યા વગર નીકળી ગયા બાદ ધોળી ધજા ડેમમાં ઝંપલાવી યુવકે આપઘાત કરી લીધાનું જાણવા મળ્યું છે જ્યારે યુવકના મોતથી એકના એક પુત્રનું મોત નિપજતા પરિવારમાં કલ્પાંત છવાય જવા પામ્યો છે. બનાવની પ્રાપ્ત વિગત મુજબ,સુરેન્દ્રનગરના વાલવા ટાવર નજીક પાણીમાં તરતી એક યુવકની લાશ મળી આવી હતી જે બનાવની જાણ જોરાવરનગર પોલીસ મથકે થતાં પોલીસ કાફલો ઘટનસ્થળે પહોંચી યુવકની ઓળખ કરવા તપાસ હાથ ધરી હતી જેમાં પુઆવી સુરેન્દ્રનગરમાં રાધે ટેન્ટામેન્ટમાં રહેતા કશ્યપ રાજેશભાઈ ગજ્જર નામના ૨૩ વર્ષીય યુવકની હોવાનું જાણવા મળ્યું હતું.મૃતક યુવક ગત તારીખ ૨૬ ના રોજ ઘરેથી કહ્યા વગર જતા રહ્યા હતા.ત્યારબાદ ડેમમાં ઝંપલાવી આપઘાત કર્યાનું ખૂલ્યું છે.મૃતક કશ્યપ પોતાના પિતાનો એકને એક પુત્ર હતો અને યુવક હાલમાં ફિઝિયો થેરાપીનો અભ્યાસ કરતો હતો.મૃતક યુવક કશ્યપે આર્થિક ભીંસ અને તણાવના કારણે કંટાળી આપઘાત કર્યા હોવાની આશંકા જણાવી છે.માતા પિતાના એકને એક સંતાનના મોતથી પરિવારમાં કલ્પાંત છવાયો છે.

## પરશુરામ જયંતિ અંતર્ગત

# વાંકાનેર: સમસ્ત બ્રહ્મસમાજની બેઠકમાં પરશુરામ શોભાયાત્રામાં જોડાવા હાંકલ



**અબતક,લિતેશ ચંદારાણા, વાંકાનેર**

સમસ્ત બ્રહ્મ સમાજ વાંકાનેર દ્વારા જયેશભાઈ ઓઝા ની અધ્યક્ષતામાં ગાયત્રી શકિતપીઠ વાંકાનેર ખાતે પરશુરામ જયંતી ના દિવસે ભગવાન પરશુરામ ની ભવ્ય શોભાયાત્રા ના આયોજન માટે વાંકાનેર સમસ્ત બ્રહ્મ સમાજની મીટીંગ યોજાય તેમાં વાંકાનેર ના કર્મકાંડી ભૂદેવો તેમજ દુષ્યંત ઠાકર અમિતભાઈ ભટ્ટ જગદીશભાઈ પંડ્યા વગેરે દીપ પ્રાગટ્ય કરી આ મિટિંગની શરૂઆત કરેલ હતી તેમજ ગાયત્રી શકિત પીઠના મહંત અશ્વિનભાઈ રાવલ મોરબી જિલ્લા સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ ભરતભાઈ ઓઝા અમરશી ભાઈ મઢવી બાબુલાલ વરણવા જગદીશભાઈ પંડ્યા એ પ્રાસંગિક પ્રવચન કરેલ હતા અને સમસ્તબ્રહ્મ સમાજને એકત્ર થઈને પરશુરામ ભગવાનની શોભાયાત્રા અને ભવ્યાતિ ભવ્ય બનાવવા હાકલ કરેલ હતી અને વાંકાનેરમાં બની રહેલ ભગવાન પરશુરામના મંદિર વિશે માહિતી આપેલ હતી સાથે વાંકાનેર શહેરના તમામ ભુદેવો ને પરશુરામ ભગવાનની શોભાયાત્રા માં હાજર રહીને ભગવાન પરશુરામ ની શોભાયાત્રા ને ભવ્ય અને દિવ્ય બનાવવા માટે અનુરોધ કરેલ મિટિંગમાં હાજર રહેલ તમામ ભૂદેવો બ્રહ્મ સમાજ મહિલા મંડળની બહેનોએ જય જય પરશુરામના નારા સાથે તેમની વાતને વધાવી લીધેલ હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે આ કાર્યક્રમના ઈન્ચાર્જ અમિતભાઈ ભટ્ટ તેમજ યોગેશભાઈ પંડ્યા આકાશ ઓઝા યક્ષિત વ્યાસ રાજુભાઈ રાવલ મોહનભાઈ ગામોટ પવુભા રાજગોર ભારે જહેમત ઉઠાવેલ હતી ને કાર્યક્રમને સફળ બનાવેલ.

# મોરબી: રવાપર ધુનડા ચોકડી પાસેથી ચોરાઉ બાઈક સાથે ગઠીયો ઝડપાયો

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે મોરબીના રવાપર ધુનડા ચોકડી પાસેથી ચોરાઉ બાઈક સાથે રીઢા બાઈક ચોરને ઝડપી લેવામાં આવ્યો હતો. પોલીસે આરોપી પાસેથી ચોરાઉ બાઈક કબ્જે લઇ આરોપી સામે વધુ એ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.મળતી માહિતી અનુસાર મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકના એએસઆઇ રાજદીપસિંહ રાણા, પો.હેડકોન્સ ધર્મેન્દ્રભાઈ વાઘડીયા તથા પો.કોન્સ સિધ્ધરાજસિંહ જાડેજાને ખાનગીરાહે બાતમી મળેલ કે ચોરાઉ મોટર સાયકલ સાથે આરોપી રાકેશભાઈ કરશનભાઈ સોલંકી મોરબી રવાપર ધુનડા ચોકડી બાજુ આવતો હોવાની હકિકત આધારે વોચ ગોઠવી તપાસમાં ઉભા હોય તે ઉપરોક્ત આરોપી એક સ્પ્લેન્ડર પ્લસ બાઈક ઉપર આવતા તેને રોકી બાઈકના કાગળો માંગતા તેની પાસે નહી હોવાનુ જણાવતા પોલીસ ટીમે પોકેટ કોપથી સર્ચ કરતા ઉપરોક્ત સ્પ્લેન્ડર પ્લસ બાઈક મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં નોંધાયેલ બાઈક ચોરીની ફરિયાદ મુજબનુ ચોરીનુ હોવાનુ સામે આવ્યું હતું. ત્યારે રીઢો બાઈક ચોર આરોપી રાકેશભાઈ કરશનભાઈ સોલંકી ઉવ.૩૨ રહે.ટંકારા ઉગમણા નાકે ખાડીયાવાસની સ્થળ ઉપરથી અટકાયત કરી હતી.



આ સાથે રીઢા બાઈક ચોર પાસેથી સ્પ્લેન્ડર પ્લસ બાઈક રજી. નં. જીજે-૦૩-ડીએચ-૪૫૮૭ કબ્જે લઈ આગળની વધુ તપાસની તજવીજ હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે પકડાયેલ રીઢા બાઈક ચોર સામે ટંકારા, રાજકોટ,જામનગર તથા ધ્રોલ પોલીસ મથકમાં એમ અલગ અલગ સાત ગુના નોંધાયેલ છે.

# જૂનાગઢ: મારી પ્રા.શાળાના વિદ્યાર્થીઓએ બનાવ્યો સોલાર આધારીત પ્રોજેક્ટ

## વીજળી બચત, દવાનો છંટકાવ, એલાર્મ સિસ્ટમ સહિતના લાભ ખેડુતોને મળશે

**અબતક, ચિરાગ રાજયગુરૂ, જૂનાગઢ**

જૂનાગઢના મારી પ્રાથમિક શાળાના ધોરણ આઠ ના વિદ્યાર્થી દ્વારા એક સોલાર આધારિત પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવ્યો છે જેમાં ખેડૂતોનું વીજળીની પણ બચત થાય અને કોઈ પણ પ્રકારની વીજળીનો ઉપયોગ કર્યા વગર સોલાર આધારિત ઈન્સ્ટ્રુમેન્ટ તૈયાર કરવામાં આવ્યા છે જેમાં ખેડૂતો પોતાનો પાક સાચવવા માટે કોલ્ડ સ્ટોરેજ , સ્વાસ્થ્યનું ધ્યાન રાખી શકે તે માટે દવાનો છંટકાવ , અને કોઈ પ્રાણી ખેતરમાં પ્રવેશવાનું કરે તો એલાર્મ સિસ્ટમ અને લાઈટિંગ આ પ્રોજેક્ટ બનાવી અને લોકો સમક્ષ મૂક્યો હતો.






કોલ્ડ સ્ટોરેજ : આ કોલ્ડ સ્ટોરેજ એવી રીતે બનાવવામાં આવ્યું છે કે તેમાં કોઈપણ પ્રકારના એર કન્ડિશનનો ઉપયોગ કરવામાં આવ્યો નથી સામાન્ય રીતે કોઈ પણ કોલ સ્ટોરેજમાં એર કન્ડિશનનો ઉપયોગ થતો હોય છે અને તેના લીધે અંદરનું વાતાવરણ ઠંડુ રહે છે પરંતુ બહાર વાતાવરણમાં ગ્લોબલ વોર્મિંગ ની અસર જોવા મળે છે જેથી આ કોલ્ડ સ્ટોરેજ બનાવવામાં ભીની માટીનો ઉપયોગ કરવામાં આવ્યો છે અને અંદરનું વાતાવરણ ઠંડુ રહે તે પ્રકારે પ્રોજેક્ટ બનાવવામાં આવ્યો છે. આ કોલ્ડ સ્ટોરેજમાં સામાન્ય વાતાવરણ કરતાં અંદરનું વાતાવરણ મહદંશે ઠંડું રહે છે અને ભીની માટીનો ઉપયોગ કરવામાં આવતું હોવાથી વાતાવરણ માં પણ ગ્લોબલ વોર્મિંગ ની ગંભીર અસર થતી નથી..

દવાનો છંટકાવ : સામાન્ય રીતે ખેડૂતો જ્યારે દવાનો છંટકાવ ખેતરમાં કરતા હોય છે ત્યારે આ દવાની અસરને લીધે શ્વાસની બીમારી ખેડૂતને લાંબા વર્ષે થતી હોય છે. જેના લીધે ખેડૂતોને બીમારીનું ભોગ બનવું પડે છે પરંતુ આ પ્રોજેક્ટ અંતર્ગત મશીન દ્વારા જો દવાનો છટકાવ કરવામાં આવે તો કોઈ પણ પ્રકારની શ્વાસમાં દવા જવાની બીક રહેતી નથી અને ખેડૂતો પોતાનું સ્વાસ્થ્ય પણ સારી રીતે જાળવી શકે છે અને તેના લીધે પોતાના પાકનું અને ખેતરની પણ સારી રીતે જાળવણી કરી શકે છે.

આ એક એવી સિસ્ટમ છે કે જેમાં ખેડૂતો પોતાના પાકને પ્રાણીઓની રંજાળથી બચાવવા માટે સોર્ટ સિસ્ટમ મૂકતા હોય છે અને તેનાથી ક્યારેક પ્રાણીઓના જીવ પણ જતા રહે છે પરંતુ આ પ્રોજેક્ટમાં બતાવ્યા મુજબ એલાર્મ સિસ્ટમ એક એવી સિસ્ટમ છે કે જેમાં કોઈ પણ પ્રાણી ખેતરની અંદર પ્રવેશ કરવાનું પ્રયાસ કરે તો તુરંત જ ખેતરની ફરતે રહેલી લાઈટ શરૂ થઈ જાય છે અને એલાર્મ ના અવાજથી પ્રવેશ કરવાનો પ્રયાસ કરતું પ્રાણી ત્યાંથી દૂર ભાગી જાય છે અને તેના લીધે ખેડૂતના ખેતરમાં રહેલો પાક બગડતો બચી જાય છે.

### લોકસભા ચુંટણી અંતર્ગત

# સોમનાથમાં બાઇકરેલી, ચુનાવ પાઠશાળા, મહેંદી સ્પર્ધા, સેલ્ફી પોઇન્ટ થકી મતદાન જાગૃત્તિ અભિયાન

## મતદારોએ બહોળી સંખ્યામાં મતદાન માટે શપથ લીધા







**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

લોકસભા ચૂંટણી ૨૦૨૪માં કોઈપણ મતદાર પોતાનાં મતદાનનાં અધિકારથી વંચિત ન રહી જાય અને જિલ્લામાં મતદાનની ટકાવારી વધે તેવા સંકલ્પ સાથે અનેકવિધ આયોજનો કરવામાં આવી રહ્યાં છે.

વેરાવળ બાર એસોસિએશન દ્વારા મતદાન જાગૃતિ માટે બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજેન્દ્ર ભૂવન રોડ ખાતે આવેલ કોર્ટ બિલ્ડીંગ ખાતેથી પ્રિન્સિપલ ડિસ્ટ્રીક્ટ જજ પી.એસ.ગઢવીએ આ બાઈક રેલીને લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવ્યું હતું. આ રેલીમાં જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજા, અધિક નિવાસી કલેક્ટર રાજેશ આલ સહિતના અધિકારીઓ અને વકીલો જોડાયા હતાં. તથા મૂળ દ્વારકા(મઠ) સહિતના તમામ બૂથોમાં 'તમારા મતદાન મથકને જાણો' અંતર્ગત તમામ બુથોની નાગરિકોએ મુલાકાત લીધી હતી અને ચૂનાવ પાઠશાળાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

ઉપરાંત માછીમાર સમાજની મહિલાઓ પણ પુરુષો સાથે કદમથી કદમ મિલાવીને મતદાન કરે તે માટે સંવાદ સાધીને નાગરિકોને જાગૃત કરવામાં આવ્યા હતા.

મનરેગામાં કામ કરતા મજૂરો, કંપનીઓના કર્મચારીઓ, શ્રમજીવીઓ સહિત વિવિધ જગ્યાઓએ મતદાન જાગૃતિ અંતર્ગત બહોળી સંખ્યામાં મતદાન કરવા અપીલ કરવા સાથે શપથ લેવડાવવામાં આવ્યા હતાં.

સિસ્ટેમેટીક વોટર્સ એજ્યૂકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસિપેશન અને ટર્ન આઉટ ઈમ્પ્લિમેન્ટેશન પ્લાન અંતર્ગત મતદારોને જાગૃત કરવા જિલ્લામાં વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યાં છે. જે અંતર્ગત મતદાન જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત જિલ્લાભરમાં સામૂહિક મહેંદી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.'મતદાન અચૂક કરો', 'મતદાન મેરા અધિકાર', 'વોટ ફોર નેશન', 'ચૂંટણીનું પર્વ, દેશનું ગર્વ', 'આઈ એમ રેડી ટૂ વોટ' જેવા મતદાન જાગૃતિના વિવિધ સૂત્રોને અવનવી મહેંદી ભાત મૂકાવીને મહિલાઓ દ્વારા અનોખી રીતે મતદાન જાગૃતિ કરવામાં આવી હતી.

ઈમ્પલિમેન્ટેશન પ્લાન હેઠળ જિલ્લામાં વિવિધ મતદાર જાગૃતિની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે તથા સોમનાથ મંદિર પટાંગણમાં મતદાન વિશે નાગરિકો જાગૃત થાય તે માટે મતદાન જાગૃતિ સંવાદ અને સેલ્ફી કેમ્પેઈન યોજાયું હતું.

આ કેમ્પેઈનમાં આર.જે સંજુ દ્વારા બહોળી સંખ્યામાં નાગરિકો લોકશાહીના મહાપર્વમા સહભાગી થઈને મતદાન કરે તે માટે લોકોને સમજૂતી આપવામાં આવી હતી. તેમજ મંદિરે દર્શને આવતા નાગરિકોએ સેલ્ફી પોઈન્ટ પરથી સેલ્ફી લઈ મતદાન જાગૃતિલક્ષી સંદેશો આપ્યો હતો.

# સુરેન્દ્રનગરઃ વોર્ડ નં.૧૧માં અવાર નવાર પીવાના પાણીમાં ગટરનું પાણી ભળતા બહેનો પરેશાન



**અબતક, સબનમ ચૌહાણ, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર વોર્ડ નંબર ૧૧ માં છેલ્લા કેટલાક સમયથી પીવાના પાણીમાં ગટરનું ગંદુ પાણી મળતું હોવાની સમસ્યાને લઈ અને સુરેન્દ્રનગર શહેરના જાગૃત નાગરિક એવા કમલેશભાઈ કોટેચાને સાથે રાખી અને નગરપાલિકામાં રજૂઆત કરવામાં આવી છે ત્યારે અવાર નવાર રજૂઆતો કરવા છતાં પણ કોઈ પણ પ્રકારનું નિરાકરણ ન આવતું એનું પણ રહેમત નગરમાં રહેતી બહેનોએ જણાવ્યું છે અને નવા નવા આ અંગેની રજૂઆતો કરવા છતાં પણ કોઈ પણ પ્રકારનું નિરાકરણ લાવવામાં નગરપાલિકા નિષ્ફળ નિવૃત્તિ હોવાનું પણ જણાવી રહ્યા છે ત્યારે છેલ્લા કેટલાક સમયથી પીવાના પાણીની સાથે ગટરની લાઈન ભળી જવાના કારણે દુર્ગંધ અને ગટર વાળું પાણી નળમાં આવતું હોવાની રજૂઆત કરવામાં આવી છે ત્યારે આ વિસ્તારમાં રોગચાળો પણ ફેલાવવાની દહેશત વ્યક્ત કરવામાં આવી છે

ત્યારે તાત્કાલિક અસરથી પાણીની લાઈન અને ગટરની લાઈન ચેક કરી અને વ્યવસ્થિત કરવા માટેની માંગણી રહેમત નગર વોર્ડ નંબર ૧૧ની બહેનો દ્વારા વિરોધ દર્શાવવામાં આવ્યો હતો ત્યારે સુરેન્દ્રનગર શહેરના ૧૧ નંબરના વોર્ડમાં અનેક સમસ્યાઓ નું નિરાકરણ લાવવા માટેની પણ માંગણી બહેનો દ્વારા કરવામાં આવી હતી

# સુરેન્દ્રનગર રેશનકાર્ડમાં બાળકોના નામ ચડાવવામાં મુશ્કેલી થતી હોવાની રાવ

## વિચરતા સમુદાય સમર્થન મંચની લેખિત રજૂઆત

**અબતક, સબનમ ચૌહાણ, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જિલ્લામાં વિચરતા સમુદાયના બાળકોના આધારકાર્ડમાં એકસાથે પૂરી વિગતો ના હોવાથી તેમના નામ રેશનકાર્ડમાં ઉમેરવામાં મુશ્કેલી વેઠવી પડતી હોવાની લેખીત રજૂઆત કલેક્ટર કચેરી ખાતે કરવામાં આવી હતી.

સુરેન્દ્રનગર જિલ્લા વિચરતા સમુદાય સમર્થન મંચ દ્વારા રેશનકાર્ડમાં બાળકોના નામ ઉમેરવામાં પડતી હાલાકી અંગે કલેક્ટર કચેરીમાં લેખીત રજૂઆત કરવામાં આવી હતી. રજૂઆતમાં જણાવ્યું હતું કે, મોટાભાગની સરકારી યોજનાઓમાં રેશનકાર્ડ ની જરૂર પડે છે.



જ્યારે કોઈપણ બાળકનું નામ રેશનકાર્ડમાં ચડાવવા માટે કચેરીમાં અરજદારો જાય છે, ત્યારે આધારકાર્ડ માગવામાં આવે છે પરંતુ આધારકાર્ડમાં બાળકનું પૂરું નામ, પિતાનું નામ અને અટક ના હોવાથી રેશનકાર્ડ માં નામ ચડતું નથી.

રેશનકાર્ડમાં નામ ના હોવાના કારણે સરકારની ઘણી બધી યોજનાઓથી આવા બાળકો વંચિત રહી જાય છે. જેથી આ પરિસ્થિતિને ધ્યાને લઈ સરળતાથી રેશનકાર્ડમાં નામ ચડાવી શકાય તે માટે તંત્ર દ્વારા સત્વરે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી રજૂઆત કરી હતી.

## આંતર રાષ્ટ્રીય મજુર દિવસની ઉજવણી

# ભુજઃ વેપારીઓ અને મજુરો એકબીજામાં પર્યાય : વેપારી અગ્રણી મેહુલ ઠક્કર

## કાર્યક્રમમાં ૪૦૦ જેટલા મજુરોએ આપી હાજરી




**અબતક, નવીનગીરી ગોસ્વામી, ભુજ**

આંતરરાષ્ટ્રીય મજદૂર દિવસ અને ગુજરાત રાજ્યના સ્થાપના દિવસ નિમિત્તે ભુજ મજદૂર કામદાર યુનિયન અને મજૂર કામદાર વેલ્ફેર ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે જથ્થાબંધ બજાર સમિતિના અગ્રણી વેપારી અને એસોસિયેશનના પ્રમુખ મેહુલભાઈ ઠક્કર વ્યાપારી આગેવાન હસમુખભાઈ ઠક્કર ફાઉન્ડેશનના સવ ઈદ્રીશ થેબા, હિતેશભાઈ ભાનુશાલી, રમેશભાઈ કોલી, મજીદ ભાઈ મંધરા, સલીમ બાવા, અનવર થઈમ, મુબારક વીરા ની ઉપસ્થિતિમાં ભુજ જથ્થાબંધ માર્કેટમાં અને ભુજ શહેરમાં વિવિધ જગ્યાએ મજૂરી કામ સાથે સંકળાયેલા મજૂરો દ્વારા મજદૂર દિવસની ઉજવણી કરવામાં આવી હતી. વેપારીઓ અને મજૂરો એકબીજાના પર્યાય હોવાનું જણાવ્યું હતું. સાથે સાથે દરેક નાની મોટી સમસ્યા સાથે બેસીને ઉકેલી તેનો નિકાલ કરવા પ્રયત્નશીલ હોવાનું વેપારી અગ્રણી મેહુલભાઈ ઠક્કરે જણાવ્યું હતું. આજના કાર્યક્રમમાં અંદાજિત ૪૦૦ થી વધુ મજૂરો ઉપસ્થિત રહ્યા હતા અને તેમના પ્રતિનિધિઓએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. તેઓના ઓળખકાર્ડ બનાવવા, ઈ-શ્રમકાર્ડ, આયુષ્યમાન કાર્ડ, સરકાર દ્વારા આપવામાં આવતા વિવિધ લાભો અને યોજનાઓ ની માહિતી આપવી તથા તે મજૂરોને તેનો લાભ સીધે સીધો સહેલાઈથી મળી રહે તે માટેના તમામ પ્રયત્નો કરવાની નિષ્ઠા વ્યક્ત કરવામાં આવી હતી. આ સાથે મજૂરોનો કાર્યાલય હંમેશા માટે ખુલ્લુ રહે, મજૂરો નાની મોટી સમસ્યાઓ માટે બેઠક કરી અને તેનો ઉકેલ લાવે, તે માટે ટૂંક સમયમાં એક ''એડહોક કમિટી'' ની રચના કરવામાં આવશે તથા આ સમિતિ વિવિધ મજૂરો સાથે મળી તેમની સમસ્યાઓને જાણકારી મેળવી અને આ સમસ્યાઓની ઉકેલની દિશામાં પ્રયત્ન કરશે તથા લાઈટ પાણી ગટર જેવી સુવિધા અને સમસ્યાઓ બાબતે પણ મજૂરોએ વાતચીત કરી હતી જેનો પણ ટૂંક સમયમાં ઉકેલ લાવવા માટે પ્રયત્ન કરવામાં આવશે તેવું અત્રે અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

કાર્યક્રમનું સંચાલન આભાર વિધિ સમાજીક કાર્યકર મહંમદ લાખાએ કરી હતી.

# કચ્છઃ ગાયો માટે ઘાસચારો તથા પાણીની સહાયની અપીલ



**અબતક,રાજકોટ**

કચ્છ આવેલ ગાયો માટે ઘાસચારો તથા પીવાના પાણીની સહાય મળે :- જીજ્ઞેશ વાગડીયા કચ્છ ગામ થી આશરે ૬૫૦ જેટલી ગાય ઘાસચારો તથા પાણી નાં અભાવે ન લીધે માલધારી પરિવાર નાં લોકો ન્યારા પાટીયે જામનગર રોડ પાસે આવેલ ત્યાં ગાય ખુલ્લા મેદાનમાં રહે છે.

''દરરોજ ગાય માટે ઘાસચારો તથા પાણી ની જરૂર પડે છે. ગો સેવક દાતા અપીલ કરી છીએ આ ગાયો માટે સહાય મળી જાય આને ગાય ને તેમને ઘાસચારો મળે*

દરેક સમાજનાં પ્રમુખ , મંત્રી ટ્રસ્ટ નાં હોદ્દેદારો કોઈપણ રાજકીય પક્ષના પ્રમુખ, મંત્રી, કારોબારી સમિતિ નાં હોદ્દેદારો તથા મહિલા હોદ્દેદારો, સભ્યો, વેપારી, વિધાર્થીઓ, અધિકારી દ્વારા ગાય નાં ઘાસચારો માટે સહાયતા મળશે તેવી અભિલાષા.

# ધ્રાંગધ્રાના હરસિધ્ધિ માતાજીના મંદિરે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ૫૦૦ થીવધુ સાધુ સંતોએ આપી હાજરી



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધાંગધ્રાના સુદામા કુટીર આશ્રમ રાજપર રોડ નજીક ખાતે ત્રિદિવસ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ હરસિધ્ધિ માતાજીની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ માં જેમાં તે દિવસે ચાલતા આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ભજન ભોજન અને ભકિત નો ત્રિવેણી સંગમ જોવા મળી રહ્યો છે જેમાં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ માં ગુજરાત ભરના ૫૦૦ થી વધુ સંતો ઉપસ્થિત રહ્યા હતા અને મહાપ્રસાદનો લાભ લીધો હતો ત્યારે આ પ્રસંગે મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા

# ઉના રેલવે સ્ટેશનના નવીનીકરણ અને પૂરતી સુવિધા માટે રેલ મંત્રીને રજૂઆત

## કોળી સમાજના આગેવાન રસીક ચાવડાએ પત્ર પાઠવી કરી રજૂઆત

**અબતક, ઉના**

ઉના ના અખિલ ભારતીય કોળી સમાજ ના રસિક ચાવડા એ ડી.આર.એમ. ભાવનગર અને રેલવે મંત્રી ને પત્ર લખી માંગ કરી છે કે ઉના તાલુકો વિકાસની દ્રષ્ટિએ પછાત તાલુકો છે.અને તેમા પણ રેલ્વે સેવાનુ પણ પછાતપણુ આ વિસ્તાર ને છે.લાંબા અંતરની મુસાફરી માટે સૈથી સસ્તુ અને સલામત મુસાફરી રેલ્વેની છે.પણ ખાટલે મોટી ખોટ કહેવત અનુસાર આ વિસ્તાર મા આ સુવિધાનો સદતર અભાવ જોવા મળે છે.

ઉના રેલ્વે સ્ટેશનને માત્ર ફલેગ સ્ટેશન આપવામા આવ્યુ છે.લાંબા અંતરની ટ્રેન ઉના -સુરત અને ઉના-મુંબઈ ની માંગણી આ વિસ્તારની રહી છે.પરંતુ રેલ્વે તંત્ર દ્વારા કોઈ જ કાર્યવાહી કરવામાં આવતી નથી.

દેશ જયારે આધુનિક રેલ્વે સ્ટેશનો બુલેટ ટ્રેનો,હાઈ-સ્પીડ ટ્રેન,મેટ્રો ટ્રેનો ચાલતી હોય ત્યારે અહી રેલ્વે સ્ટેશન મા બેસવાના તુટેલ બાકડા, ન તો પીવાના પાણીની વ્યવસ્થ,શોચાલયનો અભાવ જેવી પાયાની પ્રાથમિક સુવિધાઓ પણ નથી. તોકતે વાવાજોડા બાદ પડી ગયેલ વૃક્ષો ભી હટાવવામાં આવીયા નથી.શૈચાલય માં જાડી , જાખરા ઉગી નીકળીયા છે.રેલ્વે સ્ટેશનનો સ્ટેશનના નામનો બોર્ડ ભી પડી ગયો છે.

આ વિસ્તાર માં પ્રવાસન ની અનેક તકો છે ત્યારે આ વિસ્તાર મા લાંબા અંતરની ટ્રેન આપવામાં આવે તો પ્રવાસીઓ ને મુસાફરીની સારી સુવિધાઓ મળી રહે.

રેલ્વે સ્ટેશનનું આધુનિકરણ, પ્રાથમિક સુવિધાઓ,બ્રોડ ગેજની સુવિધા મળે એવી ઉના તાલુકાની જનતા વતી રસિક ચાવડા એ માંગ કરી છે.

# વાંકાનેરઃ શ્રીમદ્ વલ્લભાચાર્યજીના પ્રાગટ્ય ઉત્સવની કરાશે ઉજવણી

## ગોવર્ધનનાથજી તથા બાલકૃષ્ણ લાલજીની હવેલી ખાતે વધાઇ કિર્તન, પ્રભાત ફેરી, મંગળા દર્શન, તિલક દર્શન, મનોરથ, મહાપ્રસાદ સહિતના કાર્યક્રમ

**અબતક, લતીશ ચંદારાણા, વાંકાનેર**

વાંકાનેરમાં સમસ્ત વૈષ્ણવ પરિવારનું આસ્થાના કેન્દ્ર સમાન શ્રી ગોવર્ધનનાથજી તથા શ્રી બાલકૃષ્ણલાલજી ની હવેલી ખાતે આગામી તા. ૪ ને ચૈત્ર વદ એકાદશીના પાવન દિને શ્રીમદ્ વલ્લભાચાર્ય (મહાપ્રભુજી)નો ૫૪૭ મો પ્રાગટ્ય ઉત્સવ અનેક વિધ કાર્યક્રમ થકી ધામધુમથી ઉજવાશે.

આ મંગલમય ઘળીની ઉજવણી માટે સમસ્ત વૈષ્ણવ પરિવારોમાં અનેરો થગનાગટ જોવા મળી રહ્યો છે.શ્રી મહાપ્રભુજીના પ્રાગટ્ય દિનના આગલા દિવસે તા. ૩-૫-૨૪ ને શુક્રવારે રાત્રે ૯.૩૦ કલાકે હવેલી ખાતે શ્રી વધાઈ કિર્તનનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ તકે મોટી સંખ્યામાં વૈષ્ણવ ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહેશે.

બાદ તા.૪ ને શનિવારે તમામ વૈષ્ણવોની હાજરીમાં સવારે ૬ કલાકે પ્રભાત ફેરી, હવેલી ખાતેથી પ્રસ્થાન થઇ શહેરના રાજમાર્ગે ફરી હવેલી ખાતે પહોંચે ત્યાં ૬.૧૫ કલાક ધ્વજ વંદન યોજાશે ત્યારબાદ ૭.૪૫ કલાકે મંગળા દર્શન ખુલ્લા મુકવામાં આવશે.

ત્યારબાદ નિત્યક્રમ મુજબના વિવિ દર્શનનો લાભ લઇ શકાશે તેમજ સાંજે ૪ થી ૬ દરમ્યાન હવેલી ખાતે જ સર્વોત્તમના પાઠનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. બાદ ૬.૩૫ કલાકે શયન દર્શન




તથા મહાઆરતી યોજાશે.

ત્યારબાદ અત્રે રામચોક ખાતે આવેલ ઔદિચ્ય બ્રહ્મસમાજની વાડી ખાતે સમસ્ત વૈષ્ણવ પરિવારો માટે ધ્વજબંધ મનોરથ (મહાપ્રસાદ) નું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. જે સાંજે ૭ કલાકથી પ્રારંભ થશે.

તો ઉપરોકત તમામ કાર્યક્રમોનો તમામ વૈષ્ણવ પરિવારોને શ્રી ગોવર્ધનનાથજી તથા બાલકૃષ્ણલાલજીની હવેલીનો પ્રમુખ શ્રી ગુલાબરાય જી. સુબા તથા મંત્રી મુકેશભાઈ મહેતાએ આમંત્રીત કરતા જણાવ્યું છે.

આ અલૌકિક કાર્યક્રમને સફળ બનાવવા હવેલી દ્વારા ચાલતુ રાધે - ક્રિષ્ના ગ્રુપના યુવાનો કમરકશી રહ્યા છે.

# જાણીતા શિક્ષણવિદ્દ ઉષાબેન જાનીનું નિધન

**રાજકોટઃ** રાજકોટના જાણીતા શિક્ષણવિદ્, સમાજસેવિકા અને સ્ત્રી-સશક્તિકરણના પ્રખર હિમાયતી એવા શ્રીમતી ઉષાબેન ગુલાબભાઈ જાની (ઉં વર્ષ. ૯૦) નું તા. ૧ મે ના રોજ અવસાન થયેલ છે. તેઓ રાજકોટની જાણીતી શિક્ષણ સંસ્થા સિસ્ટર નિવેદિતા શૈક્ષણિક સંકુલના સ્થાપક અને અનેક સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા. તેઓ ગુલાબભાઈ જાનીના પત્ની, સ્વ. ડી. પી. જોશી ના પુત્રી, વિભાવરીબેન (યુ.એસ.એ) અને આનંદભાઈ (યુ.એસ.એ) ના માતૃશ્રી, કાનનબેનના સાસુ, આર્નવ અને આરુષના દાદી થતા હતા. સ્વર્ગસ્થની સ્મશાનયાત્રા તા.૨ મે ને ગુરુવારના રોજ સાંજે ૫:૦૦ કલાકે તેમના નિવાસસ્થાન ૧૯/નીલ્સ બંગલો, નીલ સીટી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ગેઈટ થી નીકળી કાલાવાડ રોડ સ્થિત મોટા મૌવા સ્મશાન જશે. ઉષાબહેનનો જન્મ તા.૧૮ એપ્રિલ, ૧૯૩૪માં સંસ્કૃતના પ્રકાંડ પંડિત અને પ્રિન્સિપાલ ડી. પી. જોશી તથા રમાબહેનને ત્યાં થયો હતો. નાની વયે માતાના અવસાન બાદ પિતાશ્રીએ પોતાની વ્હાલસોયી દીકરીઓનો ઉછેર કર્યો અને અભ્યાસ કરી ખૂબ આગળ વધે તેવી ભાવના હતી તે સાર્થક કરી. એમ.એ., બી.એડ્.નો અભ્યાસ એ સમયમાં કરીને અલિયાબાડા કોલેજમાં પ્રાધ્યાપિકા બન્યા અને હજારો છાત્રોના જીવન ઘડતરમાં નિમિત્ત બન્યાં.

શિક્ષણક્ષેત્રે તેઓ પર સ્વ.પિતા ડી. પી. જોશી, ડોલરભાઈ માંકડ, ગિજુભાઈ બધેકા, નાનાભાઈ ભટ્ટ, મેડમ મોન્ટેસરી, મૃદુલાબહેન ઠાકર વગેરેની બહુ મોટી અસર રહી છે. તે સમયમાં પોતાના સહાધ્યાયી ગુલાબભાઈ સાથે લગ્ન કરવાનો પિતાજીને વિચાર જણાવ્યો. પિતાએ સહર્ષ આશીર્વાદ આપ્યા. સામે ગુલાબભાઈ અત્યંત સાદાઈથી લગ્નમાં માને. ખાદીના લેંઘા-ઝભ્ભામાં લગ્ન માટે આવ્યા. ન જાન, ન જાનૈયા. ઉષાબહેનના લગ્ન પિતાજીએ જ કરાવ્યા. લગ્ન બાદ તેઓએ ક્યારેય સોના-ચાંદીના આભૂષણ પહેરેલ નથી.શ્રી રામકૃષ્ણ આશ્રમ, રાજકોટના અધ્યક્ષ પૂજ્ય સ્વામી આત્મસ્થાનંદજીની પ્રેરણાથી કોલેજના પ્રાધ્યાપિકાનું પદ છોડી ઈ. સ. ૧૯૬૮માં સિસ્ટર નિવેદિતા સ્કૂલનો બાલમંદિર સ્થાપી પ્રારંભ કર્યો. માત્ર ૧૭ વિદ્યાર્થીઓથી શરૂ કરેલ બાલમંદિર આજે સિસ્ટર નિવેદિતા શૈક્ષણિક સંકુલ શૈક્ષણિક તીર્થની સાથે સામાજિક પ્રવૃત્તિનું પાવરહાઉસ બની ગયેલ છે. એટલું જ નહીં, આ સંસ્થામાંથી શિક્ષણ અને સંસ્કાર મેળવીને વિદ્યાર્થીઓ દેશ-વિદેશમાં ઉચ્ચ પદે બિરાજી રહ્યા છે.ઉષાબહેનને મળેલ અવોર્ડ્સ-પુરસ્કારની યાદી બહુ લાંબી છે. તેઓને દર્શક અવોર્ડ, સાંદિપની વિદ્યાનિકેતન- પોરબંદર દ્વારા લાઈફ



ટાઈમ એચીવમેન્ટ અવોર્ડ, નારી ગૌરવ અવોર્ડ, શ્રેષ્ઠ મહિલા સેવક અવોર્ડ, અશોક ગોંધિયા અવોર્ડ, એસ. રાધાકૃષ્ણન એવોર્ડ, ગુજરાતના શ્રેષ્ઠ શિક્ષણશાસ્ત્રી એવોર્ડ, ધરતી રત્ન અવોર્ડનો સમાવેશ થાય છે.

# સુરેન્દ્રનગરઃ ફાટસર ગણપતિ મંદિરના મહંતનું નિધનઃ ઘેરો શોક

## પાર્થિવદેહના દર્શન કરવા ભકતો ઉમટી પડયા

**અબતક,સબનબ ચૌહાણ, સુરેન્દ્રનગર**

સૌરાષ્ટ્ર ભરમાં ગણપતિ મંદિરો અનેક જ્ગ્યાઓએ આવેલા છે પરંતુ વઢવાણનું એક ગણપતિ કે જ્યાં અનેક હિંદુ ધર્મના લોકો અને અન્ય લોકો પણ ગણપતિ ફાટસર ખાતે મંગળવારે દર્શન માટે મોટી માત્રામાં આવતા હોય છે ત્યારે આ મંદિરના મહંત લાલદાસ બાપુ થોડા સમયથી બીમાર રહેતા હતા જે આજે તેમને પોતાના જીવનના અંતિમ શ્વાસ લીધા ત્યારે ભાવિકોને આજે જાણકારી મળતાની સાથે જ વહેલી સવારથી જ ગણપતિ ફાટસર મંદિર આશ્રમ ખાતે મોટી માત્રામાં લોકો ભાવિકો ઉમટી પડ્યા હતા ત્યારે તેમના અવસાન થી ભાવિકોને ના



પુરાય તેવી મોટી ખોટ પડી છે અને આ ગણપતિ ભાટસર મંદિર આશ્રમ ખાતે આવેલું ગણપતિ દાદા નું મંદિર એક વિશાળ જગ્યામાં નિર્માણ કરવામાં તેમનો મોટામાં મોટો સિંહ ફાળો રહ્યો છે ત્યારે આજે તેમના અવસાન થી અનેક ભાવિકોની આંખો માં આંસુ જોવા મળ્યા હતા ત્યારે તેમના પાર્થિવ દેહને આજે અંતિમ દર્શન માટે ગણપતિ ફાસ્ટર મંદિર આશ્રમ ખાતેના વિશાળ પટાકડમાં દર્શન માટે સવારના ૧૦ વાગ્યાથી ૨:૦૦ વાગ્યા સુધી રાખવામાં આવ્યો છે જ્યારે તેમ જેમની અંતિમયાત્રામાં સાંજના ચાર કલાકે દાહોદ સંસ્કાર કરવામાં આવશે અને ગણપતિ ફાટસર મંદિર આશ્રમના મહંત લાલદાસજી બાપુનો દેહ પંચમહાભૂતિમાં વિનન થશે ત્યારે હાલમાં ગણપતિ ફાટસર મંદિર આશ્રમના મહંત શ્રી રામ આશ્રય જી બાપુ મહંત શ્રી નરહરી બાપુ સહિતના અને મંદિરના સેવકો હાલમાં મોટી માત્રામાં મંદિર ખાતે ઉપસ્થિત રહ્યા છે.

## યુ.જી.સી.ના નવા નિયમ અન્વયે

# અધ્યાપક થવા માટે મંગળવારથી નેટ પરીક્ષાના નિઃશુલ્ક તાલીમ વર્ગોનો પ્રારંભ

**અબતક, રાજકોટ**

યુ.જી.સી. એ એમ.ફીલ પી.એચ.ડી. રેગ્યુલેરટ-૨૦૦૯, ૨૦૧૬, ૨૦૧૮ મુજબ દેશભરની યુનિવર્સિટીઓ અને કોલેજોમાં અધ્યાપક થવા માટે યુ.જી.સી. નેટ પરીક્ષા ફરજીયાત કરી છે. તાજેતરમાં યુ.જી.સી. મારફત રાષ્ટ્રીય શિક્ષા નીતી-૨૦૨૦ અન્વયે દેશભરમાં પીએચડી કરવા માંગતા છાત્રો માટે નેટ પરીક્ષાનાં ગુણ ગણાશે અને મોટાભાગની દેશની યુનિવર્સિટીઓએ પીએચડી માટે યુજીસી નેટ પરીક્ષા ફરજીયાત કરેલ હોય સૌરાષ્ટ્ર વિસ્તારના છાત્રો શિક્ષણ ક્ષેત્રના ઉચ્ચતર ડિગ્રી ડોકટરેટમાં પ્રવેશ મેળવી શકે તે માટે આગોતરી તૈયારીના તાલીમ વર્ગો શરુ કરવામાં આવનાર છે. અધ્યાપક તથા પીએચડી તરીકે કારકીદી ઘડવા માંગતા ઉમેદવારો માટે સૌરાષ્ટ્ર યુનિ. કેમ્પસ ખાતે વિનામૂલ્યે તાલીમમાં જોડાઈ શકે છે.

આગામી જુન-૨૦૨૪ માસમાં યોજાનાર નેટ પરીક્ષાના વર્ગો સૌરાષ્ટ્ર યુનિ.માં એસ.સી, એસ.ટી, ઓબીસી (નોન ક્રિમીલેયર) ના વિદ્યાર્થીઓ માટે વિનામૂલ્યે નીટ જનરલ પેપટ નં.૧ ના વર્ગો તા. ૧૪ મે ને મંગળવારથી સવારના સમયમાં શરુ થશે. નેટ કોચીંગના વર્ગોમાં પી.જી.ના ફાઈનલ વર્ષના વિદ્યાર્થીઓ તેમજ અનુસ્નાતક, એમ.ફિલ. પીએચડીના વિદ્યાર્થીઓ જોડાઈ શકશે.

ઉપરોકત તાલીમ વર્ગમાં જોડાવા ઈચ્છતા ઉમેદવારોએ તા. ૧૩મે સુધીમાં નેટ કોચીંગ સેન્ટર, સી.સી. ડી.સી. બિલ્ડીંગ, ગ્રાઉન્ડ ફલોર, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પાછળ, સૌરાષ્ટ્ર યુનિ. કેમ્પસ ખાતે તેમનું રજીસ્ટ્રેશન ફોર્મ સાથે બે પાસપોર્ટ સાઈઝના ફોટા, નેટ પરીક્ષાનું ઓનલાઈન ભરેલ એપ્લીકેશન ફોર્મની ઝેરોક્ષ એસ.સી., એસ.ટી., ઓબીસી નો દાખલો સાથે લાવવાનો રહેશે.

(પહેલા પાનાનું ચાલું)

### પશ્ચિમી દેશો...

રશિયામાં ઉદ્ભવતા તમામ હીરાને શોધી કાઢવા માટે બ્રસેલ્સમાં ''ડાયમંડ ટ્રેસેબિલિટી સેન્ટર'' સ્થાપી રહ્યું છે. પશ્ચિમી પ્રતિબંધોને પગલે, ભારતીય હીરાના વેપારીઓએ કોઈપણ રીતે રશિયા પાસેથી રફ હીરા ખરીદવાનું બંધ કરી દીધું હતું અને તેના બદલે પોલિશિંગ અને નિકાસ માટે એંગ્લો-અમેરિકન માઈનિંગ જૂથ ડી બીયર્સના ટ્રેડિંગ વિભાગમાંથી રફ હીરાની ખરીદી કરી રહ્યા હતા. પરંતુ સપ્ટેમ્બરથી બેલ્જિયમના નવા ટ્રેસેબિલિટી કેન્દ્રો પર તમામ રફ હીરાને પ્રમાણિત કરવાના જી૭ આદેશનો અર્થ એ છે કે ભારતીય નિકાસકારોએ તેમને શુદ્ધ અને નિકાસ કરતા પહેલા રશિયન મૂળના ન હોવાનું પ્રમાણપત્ર મેળવવા માટે બ્રસેલ્સ મોકલવા પડશે. આ તેમના કુલ ખર્ચમાં વધારો કરશે.

બીજી તરફ યુરોપિયન યુનિયન દ્વારા લાદવામાં આવેલ નવો કાર્બન ટેક્સ વિકાસશીલ દેશોને સજા કરવા માટે રચાયેલ છે. કાર્બન બોર્ડર એડજસ્ટમેન્ટ મિકેનિઝમ નામનો આ ટેક્સ ૨૦૨૬થી લાગુ કરવામાં આવશે. પરંતુ સ્ટીલ, સિમેન્ટ અને અન્ય ઉત્પાદનોના નિકાસકારો કે જેમની ઉત્પાદન પ્રક્રિયામાં નોંધપાત્ર કાર્બન ફૂટપ્રિન્ટ છે તેઓએ ઓક્ટોબર ૨૦૨૩ થી દર બે મહિને તેમની પ્રક્રિયાના વિગતવાર દસ્તાવેજો સબમિટ કરવાના રહેશે.

કાર્બન ટેક્સને આબોહવા પરિવર્તન સામે લડવા માટેના સાધન તરીકે ડિઝાઈન કરવામાં આવ્યો છે વાસ્તવિક ઈરાદો ભારત જેવા દેશોને ટાર્ગેટ કરવાનો છે, તેઓના સ્ટીલ, સિમેન્ટ અને અન્ય ઉત્પાદનોના ઉત્પાદનની કિંમતમાં વધારો કરીને તેઓ વૈશ્વિક સ્તરે ઓછી સ્પર્ધાત્મક બને છે.

કાર્બન ટેક્સ ખાસ કરીને માર્મિક છે કારણ કે પશ્ચિમે આબોહવાની કટોકટી ઊભી કરી છે જેને આ કર ઘટાડવાનો પ્રયાસ કરે છે. ૧૭૫૦ અને ૨૦૦૦ ની વચ્ચે, યુરોપ અને ઉત્તર અમેરિકા વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડ ઉત્સર્જનમાં લગભગ ૯૦% હિસ્સો ધરાવે છે. આજે એક ભારતીય દ્વારા ઉત્સર્જિત સરેરાશ કાર્બન ૧.૬ ટન છે, જે સરેરાશ અમેરિકન (૧૪.૯ ટન) અથવા યુરોપિયન (૬.૨ ટન) દ્વારા ઉત્સર્જિત કાર્બન કરતા ઓછો છે.

### ખનીજ...

ભારત લિથિયમ, નિઓબિયમ અને દુર્લભ પૃથ્વી તત્વો જેવા નિર્ણાયક ખનિજોની જરૂરિયાતને પહોંચી વળવા માટે આયાત પર ખૂબ આધાર રાખે છે. આ ખનિજોનો ઉપયોગ નવા યુગની તકનીકોમાં થાય છે, જેમ કે ઈલેક્ટ્રિક વાહનો, ફાર્માસ્યુટિકલ્સ અને સંરક્ષણ ઉત્પાદનમાં વપરાતા ખનિજો. દેશમાં ખનિજ ખાણકામ હાલમાં ખાણ અને ખનીજ (વિકાસ અને નિયમન) અધિનિયમ દ્વારા સંચાલિત છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, કારણ કે જટિલ ખનિજોને વધુ કુશળતાની જરૂર હોય છે અને પરંપરાગત રીતે દેશમાં તેની શોધ કે કાઢવામાં આવી નથી, સરકાર માને છે કે તેને પ્રોત્સાહિત કરવા માટે વધુ સારા સપોર્ટ ફ્રેમવર્કની જરૂર છે. ''આ લાભો પછીથી નિર્ણાયક ખનિજ નિષ્કર્ષણ સાથે સંકળાયેલા તમામ ઉદ્યોગો માટે નિષ્કર્ષણ અને ટેકનોલોજી ટ્રાન્સફરમાં મદદ કરશે,'' રાવે જણાવ્યું હતું. ખાણ મંત્રાલયે નવેમ્બર ૨૦૨૩માં ક્રિટિકલ મિનરલ્સ ધરાવતા ૨૦ બ્લોક્સ માટે હરાજીના પ્રથમ રાઉન્ડની શરૂઆત કરી હતી. પરંતુ તેણે આ વર્ષે માર્ચમાં આમાંના ૧૩ બ્લોકની હરાજી રદ કરી દીધી હતી કારણ કે બે બ્લોક માટે કોઈ બિડ આવી ન હતી અને ૧૧ બ્લોકમાંના દરેક માટે ત્રણ કરતાં ઓછી બિડર્સ આવી હતી. તે જ મહિનામાં, વધુ છ બ્લોક માટે બિડનો બીજો રાઉન્ડ મંગાવવામાં આવ્યો હતો જે સમયપત્રક મુજબ પૂર્ણ થયો હતો. સાત બ્લોકની હરાજીનો ત્રીજો રાઉન્ડ, જેના માટે પ્રથમ પ્રયાસમાં બિડ નકારી કાઢવામાં આવી હતી, હાલમાં ચાલી રહી છે.

### ચીની...

પક્ષે આ યોજનાને સરકારની મંજૂરી ન મળવાને કારણે રદ કરી દીધી હતી.

એક વરિષ્ઠ ઉદ્યોગ અધિકારીએ જણાવ્યું હતું કે, વિશ્વના સૌથી મોટા એસી કોમ્પ્રેસર નિર્માતાઓમાંના એક શાંઘાઈ હૈલીએ આ યોજનાને પુનર્જીવિત કરવા માટે શું જરૂરી છે તે અંગે મંત્રાલયના પ્રશ્નોના જવાબ આપ્યા હતા.

એસી માટે પ્રોડક્શન લિન્ક્ડ ઈન્સેન્ટિવ સ્કીમ માટે અરજદાર વોલ્ટાસ, શાંઘાઈ હેલી પ્રોજેક્ટ અટવાઈ ગયા પછી ગયા વર્ષથી નવી ભાગીદારી બનાવવાનો નિષ્ફળ પ્રયાસ કરી રહી છે. સંયુક્ત સાહસમાં ૫૦૦ કરોડથી વધુનું રોકાણ થવાનું હતું.

સરહદી તણાવને જોતા ભારત સરકાર ભારતમાં ચીનની કંપનીઓના રોકાણને શંકાની નજરે જોઈ રહી છે. ૨૦૨૦માં જારી કરાયેલ ૩ નોમ્સ જણાવે છે કે ભારત સાથે જમીનની સરહદ વહેંચતા દેશમાં સ્થિત કંપની સરકારની મંજૂરી પછી જ રોકાણ કરી શકે છે.

શાંઘાઈ હાઈ-વોલ્ટાસ પ્રોજેક્ટના ભાવિએ ઘણી ભારતીય કંપનીઓને ભારતમાં ઘટક ઈકોસિસ્ટમનું નિર્માણ કરવા માટે ચીન સાથે ભાગીદારી કરવાની યોજનાઓને પડતી મૂકવાની ફરજ પાડી હતી.

સરકારના વલણમાં બદલાવ જોવા મળી રહ્યો છે. મોટા કોન્ટ્રાક્ટ ઉત્પાદકોના ત્રણ વરિષ્ઠ એક્ઝિક્યુટિવ્સે જણાવ્યું હતું કે નોકરશાહી તરફથી એવા સંકેતો મળ્યા છે કે સરકાર ભારતમાં કેટલાક ચાઈનીઝ રોકાણને મંજૂરી આપી શકે છે અને દરેક સાહસને તેની ગુણવત્તાના આધારે ધ્યાનમાં લેવામાં આવશે.

તેમણે જણાવ્યું હતું કે જો રોકાણ સ્થાનિક ઘટકોના ઉત્પાદનમાં નોંધપાત્ર મૂલ્યવૃદ્ધિ લાવે અને દક્ષિણ કોરિયા, તાઈવાન અથવા અન્ય જગ્યાએ આવી તકનીકી કુશળતા ઉપલબ્ધ ન હોય તો કોમ્પ્રેસર, ડિસ્પ્લે પેનલ્સ અને સેમિકન્ડકટર્સ માટે હાઈ-ટેક ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રમાં આવી છૂટ આપવામાં આવી શકે છે.

મોટા કોન્ટ્રાક્ટ ઉત્પાદકના વડાએ જણાવ્યું હતું કે સરકારે સંદેશ આપ્યો છે કે આવા કિસ્સાઓમાં ભારતીય ભાગીદારે સંયુક્ત સાહસમાં પ્રબળ બહુમતી હિસ્સો હોવો જરૂરી છે.

અલબત્ત, જૂનમાં ચૂંટણીઓ બાદ આગામી સરકાર સત્તામાં આવ્યા બાદ જ કંપનીઓ આ અંગે કોઈ પગલાં લેશે તેવી અપેક્ષા છે.

### અમિત શાહ...

ગઈકાલે સવારે ૯ વાગ્યે, છત્તીસગઢના માઓવાદીઓએ ઓડિશામાં આત્મસમર્પણ કર્યું. સુરક્ષાની સાથે સાથે અમે શિક્ષણ, આરોગ્ય, ખોરાક, ઉર્જા અને સંદેશાવ્યવહાર વધારી રહ્યા છીએ અને પ્રદાન કરી રહ્યા છીએ. હું લોકોને તેમના હથિયારો નીચે મૂકવા, આત્મસમર્પણ કરવા અને મુખ્ય પ્રવાહમાં જોડાવા વિનંતી કરવા માંગુ છું.

તમામ પોલિંગ એજન્ટો પાસેથી મશીન સીલ કરવામાં આવ્યું છે. તેની સાથે છેડછાડ કરી શકાતી નથી. તેઓ માત્ર બહાના શોધી રહ્યા છે. લોકો પૂછશે કે તમને કેવી રીતે ખબર પડી કે તમને કેટલી સીટો મળશે? તો પછી રાહુલ ગાંધીને કેવી રીતે ખબર પડી કે અમને ૧૫૦ બેઠકો મળશે? શું રાહુલે ઈવીએમ સાથે છેડછાડ કરી છે? જમીન પર કામ કરતા લોકોનો પોતાનો અંદાજ છે. તે માત્ર એટલું જ છે કે અમારા અંદાજો મોટે ભાગે સચોટ હોય છે.

રાયબરેલીમાં અમે નક્કી કર્યું છે કે કોંગ્રેસની ઉમેદવારી જાહેર થયા બાદ અમે જાહેરાત કરીશું. અમારી પાસે ૩ ઉમેદવારો છે. જલદી તેઓ જાહેરાત કરશે, અમે જાહેરાત કરીશું. તેઓ એવા ઉમેદવારની શોધમાં છે જે હારવા તૈયાર હોય.

આ વખતે ચૂંટણી ૩ કરોડ ગરીબોને ઘર આપવા, ૭૦ વર્ષથી વધુ ઉંમરના લોકોને ૫ લાખ રૂપિયાનો વીમો, આગામી ૫ વર્ષ સુધી ગરીબોને મફત અનાજ આપવાનો છે. ભારતને ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાની જરૂર છે, 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી' હોવી જોઈએ અને દેશમાં સમાન નાગરિક સંહિતા લાગુ કરવાની પણ જરૂર છે.

આ દેશને કોઈ વિભાજિત કરી શકે નહીં, ભાજપ ખૂબ જ મજબૂત થઈ ગઈ છે અને જે કોઈ દેશને વિભાજિત કરવાનો પ્રયાસ કરશે તેને જડબાતોડ જવાબ આપવામાં આવશે. આ ઈન્દિરા ગાંધીનો યુગ નથી, નરેન્દ્ર મોદીનો યુગ છે. મોદીજીએ આપણને ચારેય રોગોથી મુક્ત કર્યા છે - વંશવાદ, જાતિવાદ, ભ્રષ્ટાચાર અને તુષ્ટિકરણ.

### સુપ્રીમ કોર્ટ...

એક મહિલા અને પુરુષ વચ્ચેના મિલાપ અને પતિ-પત્નીનો દરજ્જો આપતી સંસ્થા છે. યુવક યુવતીઓ કાયદેસરની લગ્ન પ્રક્રિયા કર્યા વગર જ પોતાને પતિ અને પત્ની માનવા લાગ્યા છે જે યોગ્ય નથી. હિન્દુ લગ્ન કાયદા મુજબ હિન્દુ લગ્ન માટે વીધીમાંથી પસાર થવું જરૂરી છે. આ પહેલા ૧૯મી એપ્રીલે સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે ફેરાની વીધી કરવામાં ના આવી હોય તો હિન્દુ લગ્ન કાયદા મુજબ તેને હિન્દુ લગ્ન ના ગણી શકાય. હિન્દુ કાયદા મુજબ લગ્ન એ સંસ્કાર છે, જે નવા પરિવારનો પાયો નાખે છે.

અમારી સામે ઘણા એવા કેસો આવ્યા છે જેમાં પ્રેક્ટિકલ કારણોસર એક પુરુષ અને સ્ત્રી એ દસ્તાવેજોના આધાર પર ભવિષ્યમાં લગ્ન સંપન્ન કરવાના ઈરાદાથી કાયદાની કલમ આઠ હેઠળ લગ્નનું રજિસ્ટ્રેશન કરાવવા માગે છે, જે લગ્ન સંપન્ન થયા હોવાના પુરાવા તરીકે જારી કરી શકાય. આ કેસમાં પણ આવુ જ સામે આવ્યું છે. રજિસ્ટ્રાર ઓફ મેરેજિસ પાસે આ પ્રકારનું કોઈ રજિસ્ટ્રેશન અને અને બાદમાં જારી થનારા સર્ટિફિકેટ એ વાતની પુષ્ટી નથી કરતા કે બન્નેએ હિન્દુ લગ્ન સંપન્ન કર્યા છે. કપલે કેટલાક સંજોગોને કારણે વૈદિક જનકલ્યાણ સમિતિ પાસેથી લગ્ન સંપન્ન થયા હોવાનું સર્ટિફિકેટ લઈ લીધુ હતું, વિદેશી કામમાં તેનો ઉપયોગ કરવાનો હોવાથી તેઓ આવુ કરવા મજબૂર થયા હોવાનો દાવો કોર્ટમાં કર્યો હતો. જોકે કોર્ટે તેમને લગ્નનો ઉપયોગ કોઈ ફાયદા લાભ કે કમર્શિયલ હેતુ માટે ના કરવાની ટકોર કરી હતી.

સુપ્રીમ કોર્ટમાં કપલે દાવો કર્યો હતો કે સંજોગોને કારણે અમે જન કલ્યાણ સમિતિ પાસેથી લગ્નની વિધિ કરી હોવાનું સર્ટિફિકેટ લઈ લીધુ હતું, આ સર્ટિફિકેટના આધારે અમે બાદમાં ઉત્તર પ્રદેશ રજિસ્ટ્રેશન નિયમ ૨૦૧૭ હેઠળ નોંધણી કરાવી લીધી હતી અને મેરેજ રજિસ્ટ્રાર દ્વારા અમને લગ્નનું સર્ટિફિકેટ આપવામાં આવ્યું હતું.

કપલના છૂટાછેડાનો કેસ નીચલી કોર્ટમાં ચાલી રહ્યો છે, જેને ટ્રાન્સફર કરાવવાની માગ કરતી અરજી મહિલા દ્વારા કરવામાં આવી હતી. જેમાં બાદમાં પુરુષ પણ જોડાયો હતો. બન્નેએ સુપ્રીમ કોર્ટમાં દાવો કર્યો હતો કે અમે લગ્નની વિધિ કરી જ ના હોવાથી લગ્ન માન્ય ના ગણાય. જેને પગલે બાદમાં સુપ્રીમ કોર્ટે આ લગ્નને અમાન્ય જાહેર કર્યા હતા.

(છેલ્લા પાનાનું ચાલુ)

### નરેન્દ્રભાઈનો હુંકાર......

આપુ છું. સરકાર બન્યા પછી પહેલા ૧૦૦ દિવસ કયા કામ કરવા તેની યાદી પણ તૈયાર કરી રાખી છે.ખાલી બધી બેઠકો જીતાડવી એટલુ નહી આપણે બધા પોલીંગ બુથ જીતવા છે.ભાજપના ઉમેદવારોને આશિર્વાદ આપી દિલ્હી મોકલવા વિનંતી. ભાજપના ઉમેદવારને આપેલો મત મોદીને જશે એટલે તમારી ગેરંટી પાક્કી. ગુજરાતની જનતાને સલામ છે કે તેમણે ગુજરાતમા અસ્થિર સરકાર આવવા નથી દીધી. દેશના ઘણા રાજયોમા રાજનીતીની અસ્થિરતાએ ઘણુ નુકશાન કર્યુ છે. આજે પણ કોંગ્રેસ પાસે ન મુદ્દા છે ન કોઈ વિઝન ન કોઈ કામ કરવાની ઈચ્છા શક્તિ. ૨૦૧૪મા લોકસભા ચૂંટણીની સભામા કોંગ્રેસના નેતાઓ કહેતા કે આ ચા વાળો શુ કરશે?, આ ગુજ્જુ શુ કરશે ?, દાળભાત ખાવા વાળો શુ કરશે ? આવા મુદ્દે મજાક કરતા પણ જનતાએ એવો સબક આપ્યો કે આજે ૪૦ બેઠકો પર સમેટાઈ ગયા છે. ૨૦૧૯મા બીજી ચૂંટણીમા પણ સબક ન લીધો અને ચોકીદાર ચોર છે... કહેતા કે મોદી ખૂન ની દલાલી કરે છે, રાફેલના રમકડા લઈ ફરતા હતા પણ જનતાએ ફરી એવી સ્થિતિ કરી કે એક મજબૂત વિપક્ષ પણ નથી બનાવી શકયા. ૨૦૧૯ પછી તેમણે મોદીનુ અપમાન કરવાનુ અભિયાન ચલાવ્યું. ગર્વ સાથે મોદી સમાજ અને ઓબીસી સમાજને ચોર કહી દીધુ અને આખા દેશમા ગુજરાતીઓ માટે નફરત ફેલાવાની એક તક નથી ગુમાવી. ૨૦૨૪મા કોંગ્રેસ અને ઈન્ડિયા ગઠબંધન ફરી અફવાઓ ચલાવે છે. આ વખતે પણ કોંગ્રેસ અને તેમનું ગઠબંધન પહેલા કરતા ઓછી બેઠકો મેળવશે. લોકસભાના બે ચરણ પુરા થયા છે તેમા પહેલા ચરણમા ઈન્ડિયા ગઠબંધન પસ્ત થયુ અને બીજામા ધ્વસ્ત થયુ છે. રાજસ્થાનમા એક બેઠક તેમના ફાળે આવવાની નથી.

વડાપ્રધાને વધુમા જણાવ્યું કે, આ વખતની ચૂંટણીમા કોંગ્રેસ ફરજી વિડિયો બનાવી રાજકારણ કરી રહ્યા છે. કોંગ્રેસની મોહબ્બતની દુકાનમા ફેક ફેકટરી કામ કરી છે. કોંગ્રેસના વિડિયો ફેક,કોંગ્રેસના વચનો ફેક,કોંગ્રેસની વાતો ફેક,કોંગ્રેસના નારા અને નિયત પણ ફેક. ફેક વિડિયોની રાજનીતી ન કરવી જોઈએ આની સજા દેશ આપશે. બાબા સાહેબે આબેંડકરજીએ જે સંવિધાન આપ્યુ છે,દેશના નિર્માતાએ જે સંવિધાન આપ્યુ છે તે સંવિધાનનુ સરક્ષણ કોંગ્રેસના નેતા કાન ખોલી સાભંળી લે મોદી જ્યા સુધી જીવે છે ત્યા સુધી ધર્મના આધાર પર આરક્ષણની રમત રમવા નહી દઉ. એસ.સી,એસ.ટી,ઓબીસી અને સામાન્ય વર્ગના ગરીબોને જે આરક્ષણ મળ્યુ છે સંવિધાનથી મળ્યુ છે તેમા રદી પણ બદલાવ નહી આવે. દલિત ,આદિવાસી સમાજ,સામાન્ય વર્ગના લોકોના આરક્ષણ માથી લુંટ ચલાવી ધર્મના આધારે મુસલમાનોને આરક્ષણ આપવા માગો છે. કોંગ્રેસ પાર્ટીના તમામ નેતાઓને ચેલેન્જ આપુ છુ કે તેમનામા હિમત હોય તો જાહેર કરે કે તેઓ ક્યારેય પણ ધર્મના આધાર પર આરક્ષણનો દુર ઉપયોગ કરશે નહી, સંવિધાનમા બદલાવ કરશે નહી અને ન તો ધર્મના આધાર પર કોઈને આરક્ષણ આપશે. હું દેશવાસીઓને કહેવા માગુ છું કે જ્યા સુધી મોદી અને ભાજપ છે ત્યા સુધી બાબા સાહેબ આબેંડકર ,ભારતના સંવિધાને એસી.સી,એસ.ટી,ઓબીસી અને સમાન્ય વર્ગના લોકોને જે આરક્ષણ આપ્યુ છે તેની રક્ષા કરવામા આવશે.

તેઓએ વધુમા જણાવ્યું કે, વોટબેંક માટે કર્ણાટકમા રાતોરાત મુસલમાનોને ઓબીસીમા સમાવેશ કરી દીધો.દેશના લોકોએ કાળી મજુરી કરી ટેક્ષ આપ્યો હોય તેમને લુટવા ન દઉ. આ ચૂંટણીમા ભાજપ સિવાય કોઈ પણ રાજકીય પાર્ટી ૨૭૨ ઉમેદવાર ઉભા રાખ્યા નથી અને સરકાર બનાવવાની વાતો કરે છે.કોંગ્રેસના શાહી પરિવાર આ વખતે કોંગ્રેસને મત નહી આપી શકે.. તે મોદીની કમાલ છે ને તેમ સવાલ કર્યો. અહેમદ ભાઈના પરિવાર પણ આ વખતે કોંગ્રેસને મત નહી આપી શકે આવી કોંગ્રેસની દશા છે. કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરો બહાર આવ્યો ત્યારે મે કહ્યુ હતુ કે આમા મુસ્લીમ લીગની છાપ છે.

મોદીએ સામ પિત્રોડાના નિવેદનને ટાકતા કહ્યુ કે કોઈ પણ પરિવારના વડિલો તેમના બાળકોને મૃત્યુ પછી તેમના બાળકોને કશુ આપી જવાની ઈચ્છા વ્યકત કરે પણ કોંગ્રેસ વાળાએ એ મિલકતો પર નજર બગાડી છે. કોંગ્રેસ સરકાર બનશે તો ૫૫ ટકા તે મિલકત પર ટેક્ષ વસુલ કરવાની વાત કરી છે. ભાજપ તો જનતાની તાકાત વધારવાનુ કામ કરે છે તો કોંગ્રેસ તમારી ભેગી કરેલ તાકાતને લુટવાનુ કામ કરે છે એટલે કોંગ્રેસથી ચેતતા રહેજો. ગુજરાતે જે વિકાસ કર્યો છે તેની પાછળ એક વિઝન રહ્યુ છે એક લાબા ગાળાની મહેનત છે તેના કારણે ગુજરાત આગળ વધ્યુ છે.

### મલ્લીકાર્જુન....

કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીના સમર્થનમાં ચુંટણી સભા સંબોધશે.

ત્યારબાદ બપોરે ૧ કલાકે પત્રકાર પરિષદ સંબોધશે જેમાં તેઓ કોંગ્રેસના ચુંટણી ઢંઢેરા અંગે માહીતી આપશે. ત્યારબાદ સાંજે ૭.૩૦ કલાકે અમદાવાદમાં ચુંટણી સભા ગજવશે.

રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના દિગ્વજ નેતા અશોક ગેહલોત પણ ગુજરાતમાં ચુંટણી પ્રચાર માટે આપી રહ્યા છે.

રાજકોટ શહેર અને જીલ્લા કોંગ્રેસ દ્વારા રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લીકાર્જુન ખડગેની સભાને લઈ તડામાર તૈયારીઓ શરુ કરી દેવામાં આવી છે. સૌરાષ્ટ્રભરમાંથી કોંગ્રેસના આગેવાનો તથા કાર્યકરો ઉપસ્થિત રહેશે.

### નરેન્દ્ર મોદી....

રત્નાકરજી સહિત પ્રદેશના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

'કમલમ' ખાતે ચૂંટણી લક્ષી કરવામાં આવેલી વ્યવસ્થા અંગે કાર્યાલય ટીમ પાસેથી માહિતી મેળવી હતી. જરૂરી માર્ગદર્શન આપ્યું હતુ. ગુજરાતમાં લોકસભાની છેલ્લી બે ચૂંટણીથી ભાજપ તમામ ૨૬ બેઠકો જીતી રહ્યું છે. સતત ત્રીજી વખત તમામ બેઠકો જીતવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.દરમિયાન રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી પરસોતમભાઈ રૂપાલાએ રાજી રજવાડા અંગે કરેલી ટીપ્પણી બાદ રાજયભરમાં ક્ષત્રિય સમાજમાં ભારે રોષની લાગણી વ્યાપી જવા પામી છે. જેના કારણે સ્થિતિ થોડી બગડી છે.મતદાનના આડે હવે પાંચ દિવસ જ બાકી રહ્યા છે.ત્યારે વડાપ્રધાન નરેન્દ્રભાઈએ કમલમ ખાતે સીઆર અને સીએમ સાથે બેઠક યોજી ગુજરાતની વર્તમાન રાજકીય સ્થિતિ અંગે રજે રજની માહિતી મેળવી હોવાનું જાણવા મળી રહ્યું છે.

વડાપ્રધાન ગુજરાતની સતત ચિંતા કરતા રહે છે. માદરે વતનમાં થોડીઘણી નુકશાની પણ પીએમને પાલવે તેમ નથી. ગુજરાતનાં બે દિવસના પ્રવાસ દરમિયાન 'કમલમ'નીમૂલાકાતનો કોઈ જ સતાવાર કાર્યક્રમ હતો જ નહી. છતા મોડીરાત્રે નરેન્દ્રભાઈ પ્રદેશ ભાજપ કાર્યાલય ખાતે પહોચી ગયા હતા. તેઓએ રાજયની લોકસભાની તમામ બેઠકો અંગે વિસ્તૃત તાગ મેળવ્યો હતો.

### ભાઈની હત્યા ......

હતો અને મૃતક હરેશ પણ તેની સાથે જ હાજર હતો અને કામ કરતો હતો. સાંજના સમયે બંને મજૂરી પૂર્ણ કરીને ત્યાં જ સુઈ ગયાં હતા. બાદમાં તા. ૧ મેના રોજ વહેલી સવારના પાંચેક વાગ્યે બંને પિતા-પુત્ર ઘરે પરત ફર્યા હતા. જે બાદ મૃતકે રસોઈ બનાવવાનું કહેતા તારી માતા ને બહેનો સૂતી છે અને જાગશે ત્યારે બનાવી આપશે તેવું કહેતા મૃતક હરેશ પિતા સાથે ઝઘડો કરવા લાગેલ હતો.

ઉગ્ર બોલાચાલીએ મારા-મારીનહીં સ્વરૂપ ધારણ કરી લેતા હરેશ પિતા બાબુભાઈને માર મારવા લાગેલ હતો દરમિયાન મૃતકનો ભાઈ હસમુકજ અંદરના રૂમમાંથી દોડી આવ્યો હતો. પિતા બાબુભાઈને છોડાવવા જતાં મૃતક હરેશે હસુમખના હાથમા બટકું ભરી લીધું હતું. જે બાદ હસમુખે ધક્કો મારી હરેશને જમીન પર પછાડી દીધો હતો અને બાદમાં નજીકમાં રહેલું એક બેલું ઉપાડી હરેશને માથાના ભાગે મારી દેતા થોડીવારમાં હરેશનું મોત નીપજ્યું હતું. જે બાદ ઘરના લોકોને જગાડી તેમજ અન્ય પરિજનોને બોલાવી અંતિમ વિધિ પણ કરી નાખી હતી.

આ હકીકત મળતા સરપંચ પરસોતમભાઈએ સુલતાનપૂર પોલીસને જાણ કરતા સમગ્ર મામલે પોલીસે હત્યા અને પુરાવાનો નાશ સહીતની કલમો હેઠળ ગુન્હો નોંધી બંને પિતા-પુત્રને સકંજામાં લીધા છે.

### સુનિતા કેજરીવાલ.....

સુનિતા કેજરીવાલ ભાગ લીધો હતો. આ રોડ શો કર્યા બાદ સુનિતા કેજરીવાલ ભરૂચ લોકસભામાં આયોજીત રોડ શોમાં ભાગ લેવા ડેડીયાપાડા ખાતે પહોંચશે. ડેડીયાપાડામાં બપોરેના સમયે આયોજિત રોડ શોમાં સુનિતા કેજરીવાલ ભાગ લેશે. સુનિતા કેજરીવાલ ની સાથે સાથે આમ આદમી પાર્ટીના ભરૂચ લોકસભાના ઉમેદવાર ચૈતરભાઈ વસાવા સહિત પ્રદેશના નેતાઓ આ રોડ શોમાં જોડાશે. ડેડીયાપાડાના રોડશો બાદ સુનિતા કેજરીવાલ સાંજે દિલ્હી જવા રવાના થશે. સુનિતા કેજરીવાલજીના આગમનથી ગુજરાતના કાર્યકર્તાઓમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

### હિટવેવની આગાહી......

આસપાસ રહે તેવી શક્યતા છે. આજે પણ અમદાવાદ સહિત રાજ્યના મોટા ભાગના શહેરના મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીની આસપાસ રહેતા ગરમી વર્તાઈ હતી. ત્યારે હવે મે મહિનો પણ સૌથી વધુ ગરમીનો રેકોર્ડ તોડશે તેવી આગાહી છે. મે મહિનામાં રાજસ્થાન, મધ્ય પ્રદેશ, વિદર્ભ, મરાઠવાડા તેમજ ગુજરાતના વિવિધ ભાગોમાં આકરી ગરમી પડશે. જેમ અતિથી ભારે વરસાદની આગાહી હોય છે, તેમ મે મહિનામાં આ વિસ્તારોમાં અતિથી ભારે હીટવેવની આગાહી છે. હીટવેવ બાબતે મેમહિનો તમામ રેકોર્ડ તોડશે તેવુ અનુમાન છે. આ કારણે સરકારી એજન્સીઓ દ્વારા સ્વાસ્થયને લઈને ચેતવણી જાહેર કરાઈ છે.

### કાળો કહેર......

શાસ્ત્રી વિદ્યાલયમાં ધોરણ ૧૧માં અભ્યાસ કરતા હર્ષિલ કમલેશભાઈ ગોરી (ઉ.વ.૧૭) કુવાડવા રોડ સ્થિત નવાગામ પંચાયત ઓફિસ સામે નારણજી ટ્રાન્સપોર્ટ ખાતે કાકાને મળવા ગયો હતો ત્યારે ગત રાત્રે આશરે ૯ વાગ્યાં આસપાસ પાણી પિતા જમીન પર ઢળી પડતા તાતકાલિક સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે કિશોરને મૃત જાહેર કરતા એકમાં એક સંતાનના મોતથી પરીવારમાં અરેરાટી મચી જવા પામી છે.

બીજા બનાવમાં જાણવા મળ્યા મુજબ રૈયા રોડ પર કૈલાસ પાર્ક શેરી નં. ૨ માં રહેતાં દિનેશભાઈ ગોપાલદાસ સામાણી (ઉ.વ.૫૯) ગત સાંજે સાડા આઠેક વાગ્યે બંગડી બજારમાં ચાલીને જતાં હતાં ત્યારે કામ ચાલુ હોઈ ત્યાં નજીકમાં ખાડો હોઈ તેમાં પડી ગયા હતાં. બનાવને પગલે લોકો ભેગા થઈ જતાં તેમને બહાર કાઢ્યા હતાં. તેમને કાન પાસે થોડી ઈજા પહોંચી હતી. સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. પણ અહિ અચાનક હાર્ટએટેક આવી જતાં તેમના શ્વાસ થંભી ગયા હતાં.

મૃત્યુ પામનાર દિનેશભાઈ સામાણી ત્રણ ભાઈ અને એક બહેનમાં વચેટ હતાં. તેઓ બંગડી બજારમાં જી. એમ. એન્ડ સન્સ નામે પ્રોવીઝન સ્ટોર ધરાવતાં હતાં. સંતાનમાં બે પુત્ર છે.

ત્રીજા બનાવમાં ગોકુલધામ કવાર્ટરના પરેશભાઈ ત્રિવેદીનું પણ હાર્ટએટેકથી મોત નીપજ્યાનું સામે આવ્યું છે. ગોકુલધામ આવાસ યોજના કવાર્ટરમાં રહેતાં પરેશભાઈ ગીરજાશંકર ત્રિવેદી (ઉ.વ.૪૪) સવારે ઘરે બેભાન થઈ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દીધો હતો. મૃત્યુ પામનાર પરેશભાઈ અગાઉ કારખાનામાં કામ કરતાં હતાં. હાલમાં કામે જતાં નહોતાં. તે ત્રણ ભાઈમાં બીજા અને અપરિણીત હતાં. હાલ હાર્ટએટેક આવી ગયાની શકયતા જણાવાઈ હતી.

જયારે ચોથા બનાવમાં પોપટપરામાં રહેતા અશોકભાઈ સોમાભાઈ બારૈયા(ઉ.વ. ૩૫) ઘરે જ બેભાન થઈ જતાં હોસ્પિટલે ખસેડાતા મૃત જાહેર કરવામાં આવ્યા હતા. પ્રનગર પોલોસે હાર્ટ એટેકથી મોત થયાનું જાહેર કર્યું છે.

અન્ય એક બનાવમાં શહેરના હનુમાનમઢી પાસે શિવપરામાં રહેતા મુકેશભાઈ નાથાભાઈ ફોરીયાતર(ઉ.વ.૪૦) ગઈકાલે બપોરે ચારેક વાગ્યે ઘરે બેભાન થઈ જતાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતા. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. મૃતક કલરકામનો વ્યવસાય કરતા હતા અને સંતાનમાં બે પુત્ર અને ચાર પુત્રી છે અને બે ભાઈમાં પોતે નાના હોવાનું જાણવા મળ્યું છે.

### હાર્ટ એટેકથી મોત

છાતીમા એકદમ દુખાવો થવા લગતા બેભાન થઈ ઢળી પડી ગયા હતા. જ્યાંથી રમેશભાઈને બેભાન હાલતમાં ટંકારા સરકારી હોસ્પિટલ લાવતા જ્યાં ફરજ પર હાજર તબીબે રમેશભાઈને જોઈ તપાસી મરણ જાહેર કરવામાં આવ્યા હતા.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# આજથી ૩૮ વર્ષ પૂર્વે ટ્રેનમાં પાણી લાવી રાજકોટવાસીઓની તરસ બુઝાવાય હતી !

## રાજુલાના ધાતરવડી ડેમથી ૨૦ હજાર લીટરના ૭૦ ટેન્કર આવતા હતા: ૨ મે ૧૯૮૬ના રોજ પાણી ભરેલી પ્રથમ ટ્રેન આવી હતી






**અબતક, રાજકોટ**

શહેરની જીવાદોરી સમાન આજી અને ન્યારી ડેમ ભલે આખું વર્ષ ગમે ત્યારે નર્મદાના નીરથી છલકાવવા માટે સક્ષમ બની ગયા હોય પરંતુ આજની યુવા પેઢીને એક વાત યાદ કરાવવી પડે તેમ છે. આજથી ૩૮ વર્ષ પહેલા ૧૯૮૬ના કારમા દુષ્કાળમાં રાજકોટવાસીઓની તરસ છીપાવવા માટે કોર્પોરેશનના ભાજપના શાસકો દ્વારા ટ્રેન મારફત પાણી મંગાવવામાં આવ્યું હતું. રોજ ૨૦,૦૦૦ હજાર લીટર પાણીના ૭૦ ટેન્કર ધાતરવાડી ડેમથી લાવવામાં આવતું હતું.

પીવાનું પાણી ટ્રેન મારફત મંગાવવું પડે તેવી કલ્પના પણ કોઈએ કરી નહીં હોય પરંતુ આ વાત તદ્ન સાચી છે. ભારતના ઈતિહાસમાં રાજકોટના નગરજનોની તરસ છીપાવવા માટે રાજુલાના ધાતરવડી ડેમથી ટ્રેન મારફત પીવાના પાણી મંગાવવામાં આવ્યા હતા.

સૌરાષ્ટ્રમાં સતત ૧૯૮૫, ૧૯૮૬ અને ૧૯૮૭ એમ સતત ત્રણ વર્ષ કારમો દુષ્કાળ પડ્યો હતો. પીવાનું પાણી પણ લોકોને નસીબ થતું ન હતું. આવામાં રાજકોટના તે સમયના મેયર વજુભાઈ વાળાએ રાજકોટવાસીઓની તરસ છીપાવવા માટે ટ્રેન મારફત પાણી લાવવાનો ઐતિહાસિક નિર્ણય લીધો. જેમાં તે સમયના મુખ્યમંત્રી અમરસિંહ ચૌધરી અને પાણી પૂરવઠા મંત્રી વલ્લભભાઈ પટેલે ખૂબ જ સમર્થન આપ્યું હતું. રાજ્ય સરકાર કોંગ્રેસની હતી અને કોર્પોરેશનમાં ભાજપનું શાસન હતું. છતા બીજો પક્ષના નેતાઓના હૈયે માત્ર પ્રજાનું હિત વસેલું હતું.

આજથી ૩૮ વર્ષ પૂર્વે એટલે કે બીજી મે ૧૯૮૬ના રોજ રાજુલાના ધાતરવાડી ડેમ ખાતેથી પીવાનું પાણી લઈને ટ્રેન રાજકોટ ખાતે આવી પહોંચી હતી. ૨૦ હજાર લીટરના ૭૦ ટેન્કરો દ્વારા રોજ પીવાનું પાણી ટ્રેન મારફત રાજકોટ લાવવામાં આવતુ હતું. તે સમયે રાજ્ય સરકાર દ્વારા પણ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થામાં ક્યાં પક્ષનું શાસન છે તે જોયા વિના લોકો દુષ્કાળમાં તરસ્યા ન રહે તે માટે પાલિકા, મહાપાલિકાને સાચુ માર્ગદર્શન આપવામાં આવતું હતું. પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની દુરંદેશીના કારણે આજે રાજકોટમાં પાણીની સમસ્યા ભૂતકાળ બની જાય તે માટે આજી, ન્યારી અને ભાદરને આખા વર્ષમાં ગમે ત્યારે નર્મદાના નીરથી ભરી શકાય તે માટે ત્રણેય ડેમને સૌની યોજના સાથે જોડી દેવામાં આવ્યા છે.

# બાર જ્યોર્તિલીંગના દર્શને બુલેટ પર નિકળેલી "ભાગીરથ"નું સોમનાથમાં ભવ્ય સ્વાગત

### કર્ણાટકની ૨૨ વર્ષીય દિકરી ભાગીરથએ છ જ્યોર્તિલીંગના દર્શન કરી સોમનાથમાં માથુ ટેકવી હવે જશે નાગેશ્વર

**અબતક, જયેશ પરમાર સોમનાથ**



વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિરે કર્ણાટકના ૨૨ વરસના યુવતી ભાગીરથ રમેશ અજગોડે દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

તેઓ ૨૦ દિવસમાં ભારતના તમામે-તમામ બાર જ્યોર્તિલીંગ અને સાથે કોઈપણ નહીં તેવી બાઈક યાત્રા કરતી એકલી યુવતી બાઈક યાત્રા કરી વિશ્વ રેકોર્ડમાં સ્થાન મેળવવા મહેનત કરી રહી છે.

કર્ણાટકના હુબલીના રહેવાસી તેઓ ત્યાં એન.સી.સી. ભરતીમાં ગયા હતા. જે તેનું સ્વપ્ન હતું. પરંતુ તેને બે વરસ વધુ હોય ઉંમરબાધ કારણે પસંદગી ન થતાં હતાશા થઈ. પ્રથમ તબક્કે નિરાશા અને ગુસ્સો પણ થયો પણ બીજી જ પળે તેને ભગવાન ભોળાનાથને યાદ કર્યા અને નક્કી કર્યું કે 'ચેલેન્જ સ્વીકારો અને પડકારોનો દરિયો પાર કરો' અને ભારતના બાર જ્યોર્તિલીંગોની બાઈક ઉપર ૨૦ દિવસમાં અને એ પણ માત્ર એકલી જ યુવતી કોઈ સાથે નહીં તેવી બાઈક યાત્રા કરી આટલા દિવસમાં કોઈ યુવતીએ બાઈક યાત્રા આ રીતે કરી વિશ્વ રેકોર્ડમાં નામ નથી તે રેકોર્ડ બનાવવા યાત્રા શરૂ કરી છે.

હુબલીથી સવારે ૯ વાગ્યે યાત્રાનો પ્રારંભ થયો. દરરોજ ૫૦૦ થી ૫૫૦ કિલોમીટર યાત્રા કરે છે.

પિતા રમેશ અને માતા સીમાના તેમને આશિર્વાદ છે. છ જ્યોર્તિલીંગ પુરા થયાં છે. સોમનાથ સાતમું અને હવે નાગેશ્વર તરફ પ્રયાણ કર્યું છે. સોલો રાઈડ્ઝની બાઈક રોયલ ઈન્ફીલ્ડ છે.

# અદાણી પોર્ટ સેઝને સુદ્દઢ માળખાકીય સુવિધા ઉત્તમ સેવા બદલ ત્રીપલ એ રેટીંગ એનાયત

### સતત વિકાસ, વિશ્વાસ અને નફા સામે ઉતમ સેવાની કદર કરાય

**અબતક,રાજકોટ**

અદાણી પોર્ટ્સ અને સ્પેશિયલ ઈકોનોમિક ઝોન કેર રેટિંગ્સ દ્વારા તેનું ક્રેડિટ રેટીંગ સુધરીને અઅઅ થયાની ગૌરવભેર જાહેરાત કરી છે. સૌથી ટોચનું આ રેટિંગ ઉચ્ચતમ સ્તરની ક્રેડિટ યોગ્યતા અને તેના તમામ નાણાકીય માર્ગદર્શનને પરિપૂર્ણ કરવાની ક્ષમતા દર્શાવે છે.આ પ્રગતિ સાથે APSEZ આ માન્યતા મેળવનાર મોટા કદની પ્રથમ ખાનગી ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસકાર બની છે. APSEZના મજબૂત સંકલિત બિઝનેસ મોડલ, પ્રબળ ઉદ્યોગની સ્થિતિ, તંદુરસ્ત નફાકારકતા સાથે કામગીરીમાં મજબૂત વૃદ્ધિ, ઉચ્ચ પ્રવાહિતા અને નીચા લિવરેજ જેવા આદર્શ પરિબળો આ રેટિંગ હાંસલ કરવાના ચાલક બળ બની રહ્યા છે.પોર્ટના દરવાજેથી ગ્રાહકના ઉંબરા સુધી સેવાઓ પૂરી પાડતી અને એક ટ્રાન્સપોર્ટ યુટિલિટી તરીકે સંપાદન બાદ અસ્કયામતોને સફળતાપૂર્વક નફાકારકતામાં તબદીલ કરવાનો APSEZનો સફળ ટ્રેક રેકોર્ડ અને તેના સંકલિત અભિગમને કારણે નાણા વર્ષ ૧૯-થી નાણા વર્ષ ૨૪ દરમિયાન વોલ્યુમમાં ૧૫%ની વાર્ષિક ચક્રવૃદ્ધિ વૃદ્ધિ થઈ છે, જે તમામ ભારતીય બંદરો માટે ૪% CAGRની તુલનાત્મક છે. વિત્ત વર્ષ-૨૪માં, APSEZએ ૪૧૯.૯૫ મિલીયન મેટ્રીક ટન કાર્ગો વોલ્યુમ કર્યું હતું, જે ગત વર્ષ કરતાં ૨૪% વધુ રહ્યું છે.

APSEZના મેનેજિંગ ડિરેક્ટર કરણ અદાણીએ જણાવ્યું હતું કે અમારી નાણાકીય શિસ્ત અને સુચારું ડિલિવરેજિંગ, વૈવિધ્યસભર અસ્કયામતો તેમજ મજબૂત ગ્રાહક આધાર અને વૈશ્વિક સ્તરે આ ક્ષેત્રમાં સૌથી વધુ નફાકારકતા માટેની પ્રતિબદ્ધતાની માન્યતાને અમે વળગીને આગળ વધતા રહીએ છીએ.

ISO 9001:2015 CERTIFIED
Investment Point®
Stock Market Trading Consultancy
Since 2002
www.nikhilbhatt.in
Nikhil Bhatt
Research Analyst
+ 9199793 80808



## નિફ્ટી ફ્યુચર ૨૨૮૦૮ પોઈન્ટ મહત્વની સપાટી...!!!

રોકાણકાર મિત્રો, આનંદ ને...!!

તા.૦૨.૦૫.૨૦૨૪ ના રોજ સવારે ૧૦ કલાકે....

સ્થાનિક / વૈશ્વિક પરિબળોની વાત કરીએ તો....

ગઈકાલે બુધવારે ૧લી, મે ૨૦૨૪ના રોજ મહારાષ્ટ્ર દિન નિમિતે ભારતીય શેરબજાર બંધ રહ્યા બાદ આજે સપ્તાહના ચોથા દિવસે એટલે કે ગુરુવારે ભારતીય શેરબજારની શરૂઆત તેજી સાથે થઈ હતી, પરંતુ બે તરફી અફડાતફડી સાથે બીએસઈ સેન્સેક્સ અને એનએસઈ નિફ્ટી ફ્યુચર પ્રોફિટ બુકિંગના કારણે દરેક ઉછાળે ઘટાડો જોવા મળ્યો હતો.

વૈશ્વિક મોરચે યુ.એસ. ફેડરલ ઓપન માર્કેટ કમિટીની મીટિંગ બાદ વ્યાજ દર યથાવત રાખતા અમેરિકી બજારમાં મજબૂતી અને કોર્પોરેટ પરિણામોની સીઝનમાં ગત સપ્તાહના અંતે આઈસીઆઈસીઆઈ બેંકના ત્રિમાસિક પરિણામ અને બેંકોની એસેટ ગુણવતા સુધરી રહી હોવાના પોઝિટીવ પરિબળે તેમજ અલ્ટ્રાટેક સિમેન્ટ સહિતના સારા પરિણામે લોકલ ફંડો સાથે ફોરેન ફંડોએ નીચા મથાળે લેવાલી કરતા સપ્તાહની શરૂઆતથી જ ઈન્ડેક્સ બેઝ્ડ આક્રમક તેજી જોવા મળી હતી, જો કે મંગળવારે ઈન્ડેક્સ બેઈઝડ બે તરફી અફડાતફડીના અંતે બજારમાં ફરી વધ્યામથાળે ઘણા સ્મોલ, મિડ કેપ શેરોમાં સાવચેતીમાં ખેલંદાઓ, ઓપરેટરોએ પ્રોફિટ બુકિંગ કરતાં ભારતીય શેરબજારમાં ઘટાડો નોંધાયો હતો.

વૈશ્વિક શેરબજારની વાત કરીએ તો ગઈકાલે અમેરિકન માર્કેટમાં ડાઉ જોન્સ ૦.૪૩%ના વધારા સાથે બંધ રહ્યો હતો. જ્યારે એસપી ૫૦૦ ૦.૩૪% અને નેસ્ડેક ૦.૩૩% ઘટીને સેટલ થયા હતા. બીએસઈ પર મીડકેપ ઈન્ડેક્સ ૦.૬૫% અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૪૬% વધીને ટ્રેડ થઈ રહ્યા હતા. વિવિધ સેક્ટરલ ઈન્ડાયસીસની વાત કરીએ તો બીએસઈ પર માત્ર રિયલ્ટી, ટેક અને આઈટી શેરોમાં વેચવાલી જોવા મળી હતી, જ્યારે અન્ય બીજા તમામ સેક્ટરલ ઈન્ડાયસીસ વધારા સાથે કારોબાર કરી રહ્યા હતા.

બીએસઈમાં સવારે ૧૦ કલાકે કુલ ટ્રેડીંગ થયેલી ૨૬૮૫ સ્ક્રિપોમાંથી ઘટનારની સંખ્યા ૬૮૦ અને વધનારની સંખ્યા ૧૮૬૬ રહી હતી, ૧૩૯ શેરના ભાવમાં કોઈ ફેરબદલ જોવાયો ન હતો. જ્યારે ૩૫ શેરોમાં ઓનલી સેલરની મંદીની નીચલી સર્કિટ સામે ૯૧ શેરોમાં ઓનલી બાયરની તેજીની ઉપલી સર્કિટ રહી હતી.

બજારની ભાવિ દિશા.... મિત્રો, વૈશ્વિક મોરચે હજુ ફુગાવાનું જોખમ સતત ઝળુંબી રહ્યું હોઈ વૈશ્વિક સેન્ટ્રલ બેંકો દ્વારા વ્યાજ દરમાં હાલ તુરત ઘટાડો કરવાથી દૂર રહી ગત સપ્તાહના અંતે બેંક ઓફ જાપાને પ્રમુખ રેટ જાળવી રાખતાં ફરી અમેરિકી ડોલર સામે યેનમાં કડાકો બોલાયો છે. ક્રુડ ઓઈલના ભાવ સપ્તાહ દરમિયાન અથડાતાં રહ્યા બાદ અંતે ફરી વધતાં જોવાયા છે. અમેરિકાનો જીડીપી વૃદ્ધિનો દર નબળો આવતાં અને ફુગાવો વધતાં અમેરિકી બજારોમાં આંચકા બાદ ગુગલ પેરન્ટ આલ્ફાબેટ સહિતના પરિણામોએ સપ્તાહના અંતે ફરી તેજી આવી છે.

વૈશ્વિક બજારો પર નજર સાથે ક્રુડ ઓઈલ, અમેરિકી ડોલર સામે રૂપિયા સહિતના વૈશ્વિક ચલણોમાં ઉથલપાથલ પર નજર સાથે સ્થાનિક સ્તરે કોર્પોરેટ પરિણામોની સીઝનમાં આગામી દિવસોમાં આજરોજ ૨, મે ૨૦૨૪ના અદાણી એન્ટરપ્રાઈસીઝ, અદાણી પોર્ટ્સ તેમજ ૩, મે ૨૦૨૪ના ટાઈટન કંપની, ટાટા ટેકનોલોજીના જાહેર થનાર પરિણામો પર બજારની નજર રહેશે.

એમસીએક્સ ગોલ્ડ :- ઈન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે જુન ગોલ્ડ રૂ.૭૧૨૭૮ પોઈન્ટના મથાળેથી ખુલીને રૂ.૭૧૨૭૮ પોઈન્ટના ઊંચા મથાળેથી ઘટાડો નોંધાવી રૂ.૭૧૦૭૭ પોઈન્ટના નીચા મથાળે નોંધાવી ૪૧૦ પોઈન્ટના ઉછાળા સાથે રૂ.૭૧૧૩૫ આસપાસ ટ્રેન્ડ નોંધાયેલ..!!

એમસીએક્સ સિલ્વર :- ઈન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે જુલાઈ સિલ્વર રૂ.૮૧૪૯૫ પોઈન્ટના મથાળેથી ખુલીને રૂ.૮૧૪૯૫ પોઈન્ટના ઊંચા મથાળેથી ઘટાડો નોંધાવી રૂ.૮૧૩૨૪ પોઈન્ટના નીચા મથાળે નોંધાવી ૧૫૮ પોઈન્ટના ઉછાળા સાથે ૮૧૩૮૫ આસપાસ ટ્રેન્ડ નોંધાયેલ..!!

ખેર મિત્રો, હવે જોઈએ ભારતીય શેરબજારની આગામી ટ્રેડીંગ સંદર્ભે સ્ટોક સ્પેશીફીક અંદાજીત રુખ....

-કોટક મહિન્દ્ર બેન્ક ( ૧૬૩૬ ) :- કોટક મહિન્દ્ર ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૬૦૬ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૫૮૦ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૬૫૩ થી રૂ.૧૬૬૦ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે...!! રૂ.૧૬૭૭ ઉપર તેજી તરફી ધ્યાન...!!

-ઈન્ડસઈન્ડ બેન્ક ( ૧૫૨૨ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૪૯૦ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ!! રૂ.૧૪૭૭ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૫૩૭ થી રૂ.૧૫૫૦ ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!

-ઈન્ફોસિસ લિ. ( ૧૪૩૨ ) :- રૂ.૧૪૦૪ નો પ્રથમ તેમજ રૂ.૧૩૮૮ બીજા સપોર્ટથી કમ્પ્યુટર્સ - સોફ્ટવેર એન્ડ કન્સલ્ટિંગ સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૪૪૭ થી રૂ.૧૪૬૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે...!!

-એચસીએલ ટેક્નોલોજી ( ૧૩૫૯ ) :- કમ્પ્યુટર્સ - સોફ્ટવેર એન્ડ કન્સલ્ટિંગ સેક્ટરનો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૧૩૭૩ થી રૂ.૧૩૮૦ ના ભાવની સંભાવના ધરાવે છે!! અંદાજીત રૂ.૧૩૨૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!!

-રામકો સિમેન્ટ્સ ( ૭૯૮ ) :- રૂ.૦૧ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૭૮૦ સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક સિમેન્ટ એન્ડ સિમેન્ટ પ્રોડક્ટ્સ સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૮૧૪ થી રૂ.૮૨૦ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ...!!!

**લેખક સેબી રજીસ્ટર્ડ રિસર્ચ એનાલીસ્ટ અને ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટના પ્રોપરાઈટર છે**

ખાસ નોંધ : - ડિસ્ક્લેમર / પોલીસી / શરતો www.nikhilbhatt.in ને આધીન...!!

### અબ કી બાર ૪૦૦ કે પાર

# પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ચંડીગઢ ભાજપ આગેવાનો સાથે કર્યા ચૂંટણી પરામર્શ



**અબતક, રાજકોટ**

દેશભરમાં લોકસભા ચુંટણીનો માહોલ દિવસે દિવસે જામતો જાય છે, વધુમાં વધુ લોકો મતદાન કરે તે માટે સતત પણે મતદાર જાગૃતિ અભિયાન ચલાવાય રહ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૪૦૦ પ્લસ ના લક્ષ્ય ને પાર પાડવા ભાજપ દ્વારા સઘન રણનીતી અમલમાં મુકાર્યા અને સ્ટાર પ્રચારકોને જનસંપર્ક માટે મેદાનમાં ઉતર્યા છે.

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી પંજાબ - હરીયાણાની જવાબદારી સોંપવામાં વિજયભાઈ રૂપાણીએ ચુંટણી પ્રચાર દરમ્યાન ચંડીગઢ ખાતે ભાજપ પદાધિકારી કાર્યકરોને ચુંટણી લક્ષી રણનીતી અને માર્ગદર્શન આપ્યું હતું. જેમાં જીલ્લા પ્રમુખો, મહામંત્રીઓ, પ્રભારીઓ સાથે વધુમાં વધુ મતદાન સાથે ભાજપને લીડ માટે પરામર્શ કર્યો હતો. વિજયભાઈ રૂપાણી સાથે ચંડીગઢ પ્રદેશ પ્રમુખ જતિંદરપાલ મલ્હોત્રા, સંગઠન મંત્રી શ્રીનિવાસ, પૂર્વ પ્રદેશ પ્રમુખ અરૂણ સુદ, મહામંત્રી અનિત જીંદાલ સહીતના આગેવાનો સાથે વિજયભાઈ રૂપાણીએ પરામર્શ કરી માર્ગદર્શન આપ્યું હતું.

# ચોટીલા: સરકારી હોસ્પિટલમાં ટી.બી.ની દવા ખલ્લાસ

### ડોક્ટરે સોશ્યલ મીડિયા પર દાન આપવા અપીલ કરતા દાનની સરવાણી

**અબતક, રણજીતસિંહ ધાંધલ, ચોટીલા**

સુરેન્દ્રનગર જિલ્લા ના ચોટીલા સરકારી હોસ્પિટલમાં હાલ સરકાર દ્વારા ટી.બી. ની દવાનો જથ્થો ઉપ્લબ્ધ કરવામાં આવતો નથી ત્યારે હોસ્પિટલ ના ડોક્ટર તરફથી માનવતા ની રીતે સોશિયલ મિડિયાનો સહારો લઈ એક મેસેજ મુકવામાં આવેલ અને જણાવેલ કે ટી.બી. ની દવા હોસ્પિટલ માં છે

નહીં કે સરકાર તરફથી કોઈ ફાળવણી કરવામાં આવી નથી ત્યારે ટી.બી. ના દર્દી ઓને દવા વગર પરત ફરવું પડે છે ત્યારે સેવાભાવી દ્વારા દવા માટે ૧૦ હજાર ની તાત્કાલિક ધોરણે વ્યવસ્થા કરવામાં આવી હતી અને ૧૫ દિવસ સુધી ચાલે તે માટે દવાનો જથ્થો મંગાવી લીધેલ છે ત્યારે ડોક્ટર દ્વારા એક માનવતા ભર્યું પગલું ભરી દર્દી ઓને દવા પુરી પાડવામાં ખુબ સરસ કાર્ય કરેલ છે જયારે સવાલ એ થાય છે કે સરકાર દ્વારા ટી.બી. મુકત ભારત ની મોટીમોટી વાતો થાય છે તે પોકળ સાબિત થાય છે ગુજરાત ની કોઈપણ સરકારી હોસ્પિટલ માં ટી.બી.ની દવા નો જથ્થો સરકાર તરફથી ફાળવણી કરવામાં આવેલ નથી અને ધારાસભ્ય શામજીભાઈ ચૌહાણ નું વિધાનસભા ક્ષેત્ર નું મોટું શહેર ચોટીલા ની હોસ્પિટલ માં જ દવા માટે ડોક્ટર ને સંસ્થા ઓ પાસે દાન લઈ ને મંગાવવી પડતી હોય ત્યારે ધારાસભ્ય આ બાબતે તેઓની ગ્રાન્ટ ફાળવવામાં કેમ આવતી નથી? આરોગ્ય સુરક્ષા માટે સરકાર કટ્ટીબધ્ધ નથી તે આ કિસ્સા ઉપરથી જણાય આવે છે ચોટીલા તાલુકાનાં ગામોમાં ટી.બી. ના દર્દીઓ મોટા પ્રમાણમા હોય છે ત્યારે ટી.બી. ની દવા જ ન હોય તે બાબત દુખનિય છે આવી રીતે ટી.બી.મુકત ભારત થશે?

# અમરેલીના રાંઢીયા ગામે સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

**અબતક, પ્રદિપ ઠાકર અમરેલી**




અમરેલી તાલુકાના રાંઢીયા ગામે ચૈત્ર વદ આઠમને બુધવારના દિવસે શ્રી સ્વામિનારાયણ મંદિરે શ્રી સ્વામિનારાયણ ભગવાન ની દિવ્ય મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ નું ભવ્ય થી ભવ્ય રીતે આયોજન કરવામાં આવ્યું હતું અને શ્રીમદ સત્સંગિજીવન કથા પારાયણનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

રાંઢીયા ગામના આંગણે સવોવતારી અક્ષરાધિપતિ પૂર્ણે પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ ની પૂર્ણ કૃપાથી જુનાગઢ વાસી શ્રી રાધા રમણ દેવના તાંબાનું નૂતન હરિ મંદિરની દિવ્ય મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ અને યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું અને રાંઢિયા ગામમાંથી હરી ભક્તો દ્વારા શ્રી સ્વામિનારાયણ ભગવાનને ૫૬ ભોગ ધરવામાં આવ્યા હતા અને દરેક ગામમાંથી સ્વામિનારાયણ મંદિર ના સાધુ સંતો આ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ માં જોડાયા હતા અને રાંઢીયા ગામ દ્વારા સાધુ-સંતોનું પુષ્પા વષો થી સ્વાગત કરવામાં આવ્યું હતું.

રાંઢીયા ગામ તેમજ આજુ બાજુ ના ગામ ચિતલ લુણીધાર રીકડીયા અને જીથુડી ગામ માંથી બહોળી સંખ્યામાં હરી ભકતો ઉત્સાહ ભેર જોડાયા હતા ૨૦૦૦ થી ૨૫૦૦ હરી ભક્તો એ મહાપ્રસાદ લીધો હતો.

# પોપટ પરિવારના સુરાપૂરા નાકરબાપાનો શનિવારે હવન

**અબતક રાજકોટ**

પોપટ પરિવારના પ્રમુખ વજુભાઈ પોપટ, ઉપપ્રમુખ અજયભાઈ પોપટ અને મંત્રી હરેનભાઈ પોપટના જણાવ્યાં પ્રમાણે શ્રી પોપટ પરિવારના સૂરાપુરા શ્રી નાકરબાપાનો વાર્ષિક હવન આ વર્ષે ચૈત્ર વદ ૧૧ ને શનીવાર તા.૪ના રોજ ધ્રાફા મુકામે યોજાશે. આ વર્ષે ચૈત્ર વદ ૧૪ના દિવસે જ લોક્સભાની ચૂંટણીની તારીખ આવતી હોવાથી તીથીમાં આ વર્ષ પુરતો ફેરફાર કરવામાં આવ્યો છે. આથી સર્વે કુટુંબીજનોને તા.૪ના રોજ ધ્રાફા મુકામે દર્શનનો લાભ લેવા હાર્દિક આમંત્રણ પાઠવ્યું છે. હવનની પુર્ણાહુતી બાદ જામજોધપુર મુકામે શ્રી મોમાઈ માતાજીના મંદિરે ફળાહાર રૂપી ભોજન પ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવી છે.

# સિન્ધી સમાજ દ્વારા મેરેજ બ્યુરોની નિ:શુલ્ક સેવા

**અબતક, રાજકોટ**

નાનકરામ મોટવાણી દ્વારા સિન્ધી સમાજના યુવક યુવતિઓને જીવનસાથી પસંદગી માટે ઉપયોગી થવા વિનામૂલ્યે મેરેજ બ્યુરોની સેવા ફ્રી આપી રહ્યા છીએ. અને વધુને વધુ સમાજના લોકો લાભ લેવા માટે આપના બાળકોની બાયોડેટા જન્માક્ષર સાથે લાવવા અથવા અમારા સરનામે મોકલવા વિંનીત આ કાર્યમાં છુટાછેડા, સગાઈ, વિધવા, ખોડખાપણ, ડાયાબીટીસ, વિકલાંગ વગેરેનું કાર્ય ફ્રી સેવામાં કરવામાં આવે છે તે લોકોને પણ લાભ લેવા વિનંતી કરવામાં આવી રહી છે.

# અર્થવ્યવસ્થા ટનાટનઃ પ્રથમ વખત દેશનું જીએસટી કલેક્શન રૂ.૨ લાખ કરોડને પાર

## ગત નાણાકીય વર્ષની આવક કરતાં ૧૨.૪% જેટલી વધુઃ પ્રથમ ક્રમે મહારાષ્ટ્ર જ્યારે ગુજરાત ત્રીજા ક્રમે

**અબતક, નવીદિલ્હી**

ભારતની અર્થવ્યવસ્થા સતત આગળ વધી રહી છે, જેનો દાખલો તાજેતરમાં ફરી જોવા મળ્યો. બુધવારે (૧ મે, ૨૦૨૪) કેન્દ્રીય વિત્ત મંત્રાલયે જારી કરેલા આંકડાઓ અનુસાર, એપ્રિલ ૨૦૨૪માં અત્યાર સુધીનું સૌથી વધુ જીએસટી કલેક્શન નોંધાયું અને જેની સાથે જ કલેક્શને રૂ.૨ લાખ કરોડનો આંકડો પણ પાર કરી લીધો છે. મંત્રાલય અનુસાર, એપ્રિલ, ૨૦૨૪માં જીએસટી રેવન્યુ કલેક્શન રૂપિયા ૨.૧૦ લાખ કરોડ નોંધાયું.




જુલાઈ, ૨૦૧૭માં જીએસટી લાગુ કરવામાં આવ્યા બાદ આ સૌથી વધુ જીએસટી કલેક્શન નોંધાયું છે. આ પહેલાં એપ્રિલ, ૨૦૨૩માં સૌથી વધુ રૂપિયા ૧.૮૭ લાખ કરોડ નોંધવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૨૩-૨૪ના નાણાકીય વર્ષમાં જીએસટી રેવન્યુ કુલ રૂપિયા ૧૮.૦૧ લાખ કરોડ થઈ છે, જે તેના આગલા નાણાકીય વર્ષની આવક કરતાં ૧૨.૪% જેટલી વધુ છે. એપ્રિલ, ૨૦૨૪ની વાત કરવામાં આવે તો કુલ ૩૮ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી ૧૯ રાજ્યો/ કેન્દ્રશાસિત પ્રદેશોએ જીએસટી કલેક્શનમાં અત્યાર સુધીની સૌથી મોટી વૃદ્ધિ નોંધાવી છે. જેમાં સૌથી ટોચ પર મહારાષ્ટ્ર છે, જેણે ૧૩ ટકા ગ્રોથ સાથે કુલ રૂપિયા ૩૭,૬૭૧ કરોડ કલેક્શન કર્યુ છે. ત્યારબાદ કર્ણાટક ૯ ટકાના ગ્રોથ સાથે રૂપિયા ૧૫,૯૭૮ કરોડ અને ત્રીજો ક્રમ ગુજરાતનો આવે છે, જ્યાં ૧૩%ના ગ્રોથ સાથે કલેક્શન રૂપિયા ૧૩,૩૦૧ કરોડ નોંધાયું છે.

ઉત્તર પ્રદેશે તમિલનાડુને પાછળ છોડી દીધું છે અને ૧૯%ના ગ્રોથ સાથે કુલ રૂ.૧૨,૨૯૦ કરોડનું કલેક્શન કર્યું છે. તમિલનાડુ ૬ ટકા ગ્રોથ સાથે રૂ.૧૨,૨૧૦ કરોડ તેમજ હરિયાણાએ ૨૧ ટકા ગ્રોથ સાથે રૂ.૧૨,૧૬૮ કરોડ કલેક્શન નોંધ્યું છે. ટેક્સ એક્સપર્ટ્સનું માનવું છે કે ઈકોનોમિક એક્ટિવિટી તેમજ તંત્ર દ્વારા થતા જીએસટી ઓડિટના કારણે આટલો રેકોર્ડ વધારો નોંધાયો છે. એપ્રિલમાં કુલ જીએસટી કલેક્શન રૂ. ૨,૧૦,૨૬૭ કરોડ રહ્યું છે. જેમાંથી સેન્ટ્રલ જીએસટી રૂ.૪૩,૮૪૬ કરોડ તેમજ સ્ટેટ જીએસટી કલેક્શન રૂ.૫૩,૫૩૮ કરોડ નોંધાયું છે. ઈન્ટિગ્રેટેડ ગુડ્સ એન્ડ સર્વિસના ઈન્ટર સ્ટેટ સપ્લાય પર લાગુ કરવામાં આવે છે રૂ. ૯૯,૬૨૩ કરોડ તેમજ સેસ રૂ.૧૩,૬૨૦ કરોડ નોંધાયો છે. દેશમાં ટેક્સ સિસ્ટમમાં સુધારો લાવવા માટે મોદી સરકારે જુલાઈ, ૨૦૧૭માં જીએસટી (ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ) લાગુ કર્યો હતો. જેનાથી અનેક જટિલતા દૂર કરીને સિસ્ટમ સરળ કરી દેવામાં આવી. તે લાગુ કર્યા બાદ સતત કલેક્શન વધતું જ રહ્યું છે, જેનાથી કેન્દ્ર અને રાજ્ય બંનેને ફાયદો મળે છે.


# આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સે યુવતીને “છેતરી”

## ડેટ પર ગયેલી યુવતીને નિસ્તેજ અને નિષ્ક્રિય છોકરો મળ્યો

**અબતક, નવીદિલ્હી**

આ એક એવી છોકરીની વાત છે કે જેને પ્રેમ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના માધ્યમથી કર્યો અને જોયું કે તે ખૂબ ભાગ્યશાળી છે કે તેને એક એવો વ્યક્તિ મળ્યો કે જે અને સારી રીતે ઓળખી શક્યો છે અને તેની સાથે સાથે સારી રીતે જીવન ગુજારવા તૈયાર થયો છે. પરંતુ વાસ્તવિકતા તો કંઈક અલગ જ છે જેમાં તે યુવતીએ પોતાની આપવી હતી જણાવતા કહ્યું કે, હું કોઈની સાથે ડેટ પર ગઈ હતી જેને મેં વિચાર્યું હતું કે હું જેની સાથે મિત્રતા ધરાવું છું. વાતચીત ખરેખર સારી રીતે ચાલી અને આખરે મને એક એવી વ્યક્તિ મળી જે ખરેખર મનોરંજક અને અત્યંત મનોરંજક હતી.‘‘ રેડીત વપરાશકર્તા ‘‘હસ્લગલ્ર‘‘ દ્વારા શેર કરાયેલ આ શબ્દો એક આશાસ્પદ ઓનલાઈન કનેક્શનનું ચિત્ર દોરે છે જેમાં રોમેન્ટિક કોમેડીની તમામ રચનાઓ હતી. પરંતુ બહુ ઓછા શું તેણીને ખબર હતી કે તેણીની સ્વપ્ન ડેટ ‘‘કૃત્રિમ‘‘ પ્રમાણનું દુઃસ્વપ્ન બની જશે.

એક શહેરમાં જ્યાં ટેક-સેવી સિંગલ્સ પ્રેમ શોધવા માટે સ્વાઈપ કરવા અને ટાઈપ કરવા માટે અજાણ્યા નથી, છોકરી પોતાને અઈ-સહાયિત ડેટિંગ આપત્તિના ક્રોસહેયર્સમાં ફસાયેલી જોવા મળી. ‘‘હું ખરેખર તારીખની રાહ જોઈ રહી હતી અને તેને મળ્યા પછી, વસ્તુઓ ખૂબ જ અલગ હતી,‘‘ તેણીએ કહ્યું. ‘‘તે ભાગ્યે જ યોગ્ય વાક્ય બોલી શકતો હતો. એવું નથી કે તે શરમાળ અથવા બેડોળ હતો. તે તદ્દન વિપરીત હતું. તે અત્યંત આત્મવિશ્વાસુ અને બહિર્મુખ હતો. પરંતુ તે બધી ભાષા અને બુદ્ધિ ગાયબ થઈ ગઈ.‘‘ તે વ્યક્તિ ‘‘એટલો વિચિત્ર‘‘ હતો તેણીની તારીખની ઓનલાઈન વ્યક્તિત્વ અને તેના વાસ્તવિક જીવનના દેખાવ વચ્ચેના સ્પષ્ટ તફાવતે આ છોકરીને ચેટબોટની ખામીની જેમ મૂંઝવણમાં મૂકી દીધી. ‘‘તે એટલું વિચિત્ર હતું કે મને થોડું આશ્ચર્ય થયું,‘‘ તેણીએ સ્વીકાર્યું.



જેમ જેમ તારીખ આગળ વધતી ગઈ અને વાર્તાલાપ એઆઈ અને બેંગ્લોરના ધમાકેદાર સ્ટાર્ટઅપ સીનની દુનિયા તરફ વળ્યો, કોયડાના ટુકડાઓ જગ્યાએ પડવા લાગ્યા. ‘‘અમે થોડી વાઈન પીધી અને સામાન્ય રીતે એ. એલમાં સ્ટાર્ટઅપ્સ વિશે વાત કરવાનું શરૂ કર્યું અને તેણે અક માં વસ્તુઓ અને કેટલાક સાધનો વિશે વિગતવાર વાત કરી, પછી તેણે મને કહ્યું કે તે તેની ચેટ્સમાં પણ કેવી રીતે ઉપયોગ કરે છે. ‘‘ અને પછી તેણીને સમજાયું કે કંઈક ચોક્કસપણે થઈ રહ્યું છે.

ત્યારે જ મને સમજાયું કે શું થયું હતું. તે વ્યક્તિ મારી સાથેની તેની બધી ચેટમાં ફહ નો ઉપયોગ કરતો હતો!! અને વ્યકિતગત રીતે તે નિસ્તેજ અને રસહીન હતો.‘‘ તેણીનો વિનોદી અને મોહક ઓનલાઈન પાર્ટનર કૃત્રિમ બુદ્ધિના ઉત્પાદન સિવાય બીજું કંઈ ન હોવાની અનુભૂતિએ હસ્ટલગર્લને કોમ્પ્યુટર વપરાશકર્તાની જેમ નિરાશ કરી દીધી જેની સ્ક્રીન સ્થિર થઈ ગઈ છે.

# પેલેસ્ટાઈન તરફી વિરોધ ઉગ્ર બન્યો, વિરોધીઓએ કોલંબિયા યુનિવર્સિટીના હોલ પર કબજો કર્યો

## પોલીસ બોલાવવી પડીઃ છેલ્લા ૨ દિવસોમાં ૧ હજારથી વધુ વિરોધીઓની કરાઈ ધરપકડ

**અબતક, નવીદિલ્હી**

હમાસ અને ઈઝરાયેલ છેલ્લા છ મહિનાથી યુદ્ધ લડી રહ્યા છે. હમાસને ખતમ કરવાનો ઈઝરાયેલનો નિર્ણય ગાઝા પટ્ટીના લોકો પર ભારે પડી રહ્યો છે. ગાઝામાં ઉભી થયેલી માનવીય પરિસ્થિતિને લઈને અમેરિકામાં ગુસ્સો વધી રહ્યો છે. દેશભરમાં લોકો ઈઝરાયલનો વિરોધ કરી રહ્યા છે. આ વિરોધ યુનિવર્સિટીઓ સુધી પહોંચ્યો છે. લગભગ બે અઠવાડિયાથી ચાલી રહેલા વિરોધ પ્રદર્શનથી કોલેજ પ્રશાસન નારાજ છે. દરમિયાન, સેંકડો દેખાવકારોએ કોલંબિયા યુનિવર્સિટીના હેમિલ્ટન હોલ પર કબજો જમાવ્યો હતો. ચેતવણી બાદ પણ પેલેસ્ટિનિયન સમર્થકો પીછેહઠ કરવા તૈયાર ન હતા. આ પછી, પોલીસે મંગળવારે મોડી રાત્રે કાર્યવાહી કરી અને હેમિલ્ટન હોલને ખાલી કરાવ્યો.

ન્યૂયોર્ક પોલીસના અધિકારીઓએ જણાવ્યું હતું કે યુનિવર્સિટીના પ્રમુખે સૌપ્રથમ સુરક્ષા સુનિશ્ચિત કરવા અને કેમ્પસમાં વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે દેખાવકારોને જગ્યા ખાલી કરવાની ચેતવણી આપી, પરંતુ કોઈ પીછેહઠ કરી ન હતી. આ પછી પોલીસની મદદ લેવામાં આવી હતી. તેમણે કહ્યું કે પોલીસે કડક કાર્યવાહી કરી અને કોલંબિયા યુનિવર્સિટીના હેમિલ્ટન હોલમાંથી ૩૦ થી ૪૦ દેખાવકારોને બહાર કાઢ્યા અને કેમ્પસ ખાલી કરાવ્યું. કહેવામાં આવી રહ્યું છે કે કોલેજ હવે ૧૭ મે સુધી પોલીસની કડક દેખરેખમાં રહેશે. તમને જણાવી દઈએ કે, કોલંબિયામાં એપ્રિલની શરૂઆતમાં વિરોધ



પ્રદર્શન શરૂ થયા હતા. હવે આ વિરોધ કેલિફોર્નિયાથી મેસેચ્યુસેટ્સ સુધી ફેલાઈ ગયો છે. તે જ સમયે, પ્રશાસન પર વિરોધીઓને હટાવવા માટે દબાણનો સામનો કરવો પડી રહ્યો છે.

વ્હાઈટ હાઉસે કોલંબિયા અને કેલિફોર્નિયા સ્ટેટ પોલીટેકનિક યુનિવર્સિટી, હમ્બોલ્ટમાં મડાગાંઠની નિંદા કરી હતી, જ્યાં વિરોધીઓએ બે ઈમારતો પર કબજો કર્યો હતો, ત્યારબાદ સત્તાવાળાઓએ લાઠીચાર્જનો આશરો લીધો હતો અને રાતોરાત ૨૫ લોકોની ધરપકડ કરી હતી. અધિકારીઓનો અંદાજ છે કે ઉત્તરી કેલિફોર્નિયાની શાળાને કુલ નુકસાન ૧ મિલિયનથી વધુ છે. પેલેસ્ટિનિયન તરફી વિદ્યાર્થી વિરોધીઓએ ન્યુયોર્કની આઈવી લીગ યુનિવર્સિટીઓમાં તંબુ શિબિર ગોઠવી. પોલીસે ૧૮ એપ્રિલે ૧૦૦ થી વધુ દેખાવકારોની ધરપકડ કરીને કેમ્પને ખાલી કરવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, આ અભિગમ બેકફાયર થયો, દેશભરના વિદ્યાર્થીઓને ઉત્સાહિત કર્યા અને કોલંબિયામાં વિરોધીઓને ફરીથી એકત્ર થવા માટે પ્રોત્સાહિત કર્યા.

# પંજાબ કિંગ્સે ચેન્નઈને આપ્યો સાત વિકેટે પરાજયઃ ચેન્નઈનો મિડલ ઓર્ડર “ફેલ”

## ચેન્નઈના હવે માત્ર ચાર મેચ જ બાકી જેમાંથી ત્રણ મેચ જીતવા ફરજિયાત તો જ ટીમ થશે પ્લે ઓફ માટે ક્વોલિફાય

**અબતક, નવીદિલ્હી**

ઈન્ડિયન પ્રીમિયર લીગ હવે અંતિમ ચરણમાં આવી ગઈ છે કારણ કે દરેક ટીમ પાસે હવે માત્ર ચાર મેચ જેટલા જ રમવાના બાકી છે અને તેમાં પણ હવે દરેક ટીમો વચ્ચે ખૂબ સારી સ્પર્ધા પણ જોવા મળશે. પોઈન્ટ ટેબલ પર ટોપ ચાર ટીમ જ પ્લે ઓફ માટે ક્વોલિફાય થાય તેવું નિર્ણય લેવામાં આવ્યો છે. ત્યારે ચેન્નઈ સુપર કિંગ્સે પ્રથમ ૨૦ ઓવરમાં સાત વિકેટ ગુમાવીને ૧૬૨ રન બનાવ્યા હતા. કેપ્ટન રુતુરાજ ગાયકવાડે સૌથી વધુ રન બનાવ્યા હતા. તેણે ૪૮ બોલમાં ૫ ફોર અને ૨ ૬૨ રનની ઈનિંગ રમી હતી. ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવા આવ્યા બાદ ચેન્નઈ સુપર કિંગ્સ એ સારી શરૂઆત કરી હતી. ગાયકવાડ અને અજિંક્ય રહાણે (૨૪ બોલમાં ૨૯)એ પ્રથમ વિકેટ માટે ૬૪ રન જોડ્યા હતા. એટલું જ નહીં ચેન્નઈ સુપર કિંગ્સ નું મિડલ ઓર્ડર સંપૂર્ણ નિષ્ફળ નીકળ્યું હતું.

હરપ્રીત બ્રારે નવમી ઓવરમાં ચેન્નઈ સુપર કિંગ્સને બેવડો ઝટકો આપ્યો હતો. તેણે રહાણે અને શિવમ દુબે (૦)ને પેવેલિયન મોકલ્યા હતા.રવિન્દ્ર જાડેજા (૨૧) રન જ બનાવી શક્યો હતો. ગાયકવાડે સમીર રિઝવી (૨૩ બોલમાં ૨૧) સાથે ચોથી વિકેટ માટે ૩૭ રન અને મોઈન અલી (૯ બોલમાં ૧૫) સાથે પાંચમી વિકેટ માટે ૩૮ રનની ભાગીદારી કરી હતી. એમએસ ધોની ૧૧ બોલમાં ૧૪



રન બનાવીને રનઆઉટ થયો હતો. વર્તમાન સિઝનમાં તે પ્રથમ વખત બહાર થયો છે. તેણે ૨૦મી ઓવરમાં એક ફોર અને એક સિક્સર ફટકારી હતી. ડેરીલ મિશેલ (૧) અણનમ રહ્યો હતો. પંજાબ તરફથી રાહુલ ચાહરે બે, કાગીસો રબાડા અને અર્શદીપે એક-એક વિકેટ લીધી હતી.

ચેન્નાઈ સુપર કિંગ્સ સામે પંજાબ કિંગ્સની શરૂઆત સારી રહી ન હતી. જ્યારે પ્રભાસિમરન સિંહ માત્ર ૧૩ રન બનાવીને આઉટ થયો હતો. આ પછી જોની બેયરસ્ટો અને રિલે રૂસોએ રન બનાવવાની જવાબદારી લીધી. આ બંને ખેલાડીઓએ શાનદાર બેટિંગ કરી હતી. બેયરસ્ટોએ ૪૬ રન અને રિલે રૂસોએ ૪૩ રન બનાવ્યા હતા. છેવટે શશાંક સિંહ અને સેમ કુરનએ સારી બેટિંગ કરીને પંજાબ કિંગ્સને જીત અપાવી હતી. શશાંકે ૨૫ રન અને કેપ્ટન કરણે ૨૬ રન બનાવ્યા હતા. આ ખેલાડીઓની જોરદાર બેટિંગના કારણે જ પંજાબની ટીમ જીત મેળવી શકી હતી. ચેન્નાઈ તરફથી શાર્દુલ ઠાકુર, રિચર્ડ ગ્લીસન અને શિવમ દુબેએ ૧-૧ વિકેટ લીધી હતી. રવિન્દ્ર જાડેજાએ પોતાની ત્રણ ઓવરમાં ૨૨ રન આપ્યા, પરંતુ તે એક પણ વિકેટ લઈ શક્યો નહીં.

પંજાબ કિંગ્સે ચેન્નાઈ સુપર કિંગ્સ ટીમને ૭ વિકેટે હરાવ્યું છે. આ મેચમાં પંજાબ કિંગ્સના કેપ્ટન સેમ કુરેને ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો જે સાચો સાબિત થયો હતો. આ મેચમાં સીએસકેની ટીમે પ્રથમ બેટિંગ કરતા પંજાબ કિંગ્સને ૧૬૩ રનનો ટાર્ગેટ આપ્યો હતો, જેનો પંજાબ કિંગ્સે સરળતાથી પીછો કરી લીધો હતો. હવે હાર બાદ ચેન્નાઈ સુપર કિંગ્સને પ્લેઓફમાં જવા માટે મોટો ઝટકો લાગ્યો છે અને હવે તેની પાસે પ્લેઓફમાં જવાનો એક જ રસ્તો બચ્યો છે.

### આઈપીએલ ૧૭માં વિરાટના સર્વાધિક રનના રેકોર્ડને તોડતો ગાયકવાડ

ચેન્નઈના નવા કેપ્ટન રુતુરાજ ગાયકવાડની બેટથી સફળતાનો સિલસિલો યથાવત છે. બુધવારે રુતુરાજે પંજાબ કિંગ્સ સામે કેપ્ટનશીપની ઈનિંગ રમી અને ૪૪ બોલમાં ૫ ચોગ્ગા અને અડધી સદીની મદદથી પોતાની અડધી સદી પૂરી કરી. આ ઈનિંગ દરમિયાન તેણે આઈપીએલ ૫૦૦ રનનો આંકડો પાર કર્યો. વિરાટ કોહલીને પાછળ છોડીને તે સિઝનમાં સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન પણ બન્યો હતો. ઈનિંગની શરૂઆત કરવા આવેલા રુતુરાજને ઈનિંગની ૧૮મી ઓવરના પાંચમા બોલ પર અર્શદીપે બોલ્ડ કર્યો હતો. તે ૪૮ બોલમાં ૬૨ રન બનાવીને આઉટ થયો હતો. આ ઈનિંગ દરમિયાન તેણે ૫ ફોર અને ૨ સિક્સર ફટકારી હતી. ઋતુરાજ ગાયકવાડે આઈપીએલ ૨૦૨૪માં શાનદાર પ્રદર્શન કર્યું હતું. તેણે સિઝનમાં એક સદી અને ૪ અડધી સદી ફટકારી હતી. તેણે ૬૩.૬૩ની એવરેજ અને ૧૪૬.૬૮ની સ્ટ્રાઈક રેટથી ૫૦૯ રન બનાવ્યા છે જ્યારે ૧૦ મેચની ૧૦ ઈનિંગ્સમાં બે વખત અણનમ રહ્યો છે. તેનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન અણનમ ૧૦૮* રન રહ્યું છે.

# પુષ્કળ માત્રામાં પાણીનું સેવન, ઉલ્યું સહિતની ક્રિયા કરવાથી મોંમાંથી આવતી દુર્ગંધ થશે દૂર!!!

**અબતક, નવીદિલ્હી**

શ્વાસની દુર્ગંધ, જેને હેલિટોસિસ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે એક વ્યાપક મૌખિક સમસ્યા છે જેનો ઘણા લોકો સામનો કરે છે અને તેની સીધી અસર આત્મસન્માન પર પડે છે. સવારના શ્વાસનો ક્યારેક ક્યારેક અનુભવ થવો સામાન્ય છે, તેમ છતાં શ્વાસની તીવ્ર દુર્ગંધ વધુ ઊંડી સ્વાસ્થ્ય સમસ્યાઓ સૂચવી શકે છે. તે સારા મૌખિક સ્વચ્છતાનો અભાવ અને અજાણી તબીબી સમસ્યાઓ સહિત ઘણાં વિવિધ કારણોથી ઉદ્ભવી શકે છે. જો કે, શ્વાસની દુર્ગંધને રોકવા માટે તમે કેટલીક કુદરતી પદ્ધતિઓ અપનાવી શકો છો જે સલામત અને અસરકારક બંને છે, જે તમને શ્રેષ્ઠ મૌખિક સ્વાસ્થ્ય જાળવવા માટે સશક્ત બનાવે છે.અપૂરતું બ્રશ અને ફ્લોસિંગ જીભ અને દાંત પર ખોરાકના કણો અને બેક્ટેરિયાના સંચય તરફ દોરી જાય છે. આ બેક્ટેરિયા બચેલા ખોરાકને વિઘટિત કરે છે, દુર્ગંધયુક્ત સલ્ફર સંયોજનો ઉત્પન્ન કરે છે જે શ્વાસની દુર્ગંધનું કારણ બને છે. ખાદ્ય કણો અને મૃત કોષોને દૂર કરવા માટે લાળનું ઉત્પાદન જરૂરી છે જે શ્વાસની દુર્ગંધનું કારણ બને છે. દવા, હાઈડ્રેશનની અછત અથવા સ્વાસ્થ્ય સમસ્યાઓના કારણે સુકા મોં બેક્ટેરિયા અને હેલિટોસિસના સંચયમાં પરિણમી શકે છે. સાઈનસ ચેપ, એસિડ રિફ્લક્સ અને ડાયાબિટીસ ક્યારેક શ્વાસની દુર્ગંધ તરીકે દેખાઈ શકે છે અને તાત્કાલિક તબીબી સહાયની જરૂર છે.

**સતત પાણીનું સેવન કરો**

દિવસ દરમિયાન પુષ્કળ પાણી પીવું એ લાળના ઉત્પાદનને ઉત્તેજિત કરે છે, જે કુદરતી મોં સાફ કરવાની પ્રક્રિયા શરૂ કરે છે, બેક્ટેરિયાને દૂર કરે છે. દિવસ દરમિયાન સતત પાણી પીવાથી હાઈડ્રેટેડ રહેવું તમારા મોંને ભેજયુક્ત રાખી શકે છે, બેક્ટેરિયાના નિર્માણને અટકાવી શકે છે અને આખરે તાજા શ્વાસ અને શ્રેષ્ઠ મૌખિક સ્વાસ્થ્યને ટેકો આપે છે.

**નિયમિત બ્રશિંગ અને ઊલ્યું કરો**

જીભ સહિત તમામ સપાટીઓને સારી રીતે સાફ કરવા માટે દિવસમાં બે વખત ઓછામાં ઓછા બે મિનિટ માટે દાંત સાફ કરવા મહત્વપૂર્ણ છે. એકંદર મૌખિક સંભાળની દિનચર્યાને સુધારવા માટે, દાંતની વચ્ચે અટવાયેલા ખોરાકના કણોને દૂર કરવા માટે દિવસમાં ઓછામાં ઓછુંએકવાર ફ્લોસ કરવાની ખાતરી કરો. તે બેક્ટેરિયા અને જીવાણુ મુક્ત મોં જાળવવામાં મદદ કરે છે.

**નેચરલ ટૂથપેસ્ટનો ઉપયોગ કરો**

કેટલીક કુદરતી ટૂથપેસ્ટમાં એવા ઘટકો હોય છે જે લાળના ઉત્પાદનને પ્રોત્સાહન આપી શકે છે અને શ્વાસને તાજું કરવા અને એકંદર મૌખિક સ્વાસ્થ્યને સુધારવાની કુદરતી રીત પ્રદાન કરી શકે છે. જકજ - નિયમિત ટૂથપેસ્ટમાં ફોમિંગ એજન્ટ શુષ્ક મોંનું કારણ બની શકે છે જે શ્વાસની દુર્ગંધને વધારે છે. કુદરતી ટૂથપેસ્ટમાં જોવા મળતા આવશ્યક તેલ મોઢામાં તાજગી આપનાર સ્વાદની સાથે અપ્રિય શ્વાસને અટકાવી શકે છે.

**સ્વસ્થ આહારનો વિચાર કરો**

આહારનું ખૂબ ધ્યાન રાખો કારણ કે તે મૌખિક સ્વાસ્થ્યને પણ અસર કરે છે. વિટામિન્સ અને મિનરલ્સથી ભરપૂર પૌષ્ટિક આહાર લેવાથી શ્વાસની દુર્ગંધથી બચી શકાય છે. વધુમાં, ફળો અને શાકભાજી જેવા ઉચ્ચ ફાઈબરવાળા ખોરાક પણ લાળના ઉત્પાદનને ઉત્તેજીત કરી શકે છે, જે બેક્ટેરિયા અને ખાદ્ય પદાર્થોને ધોવામાં મદદ કરે છે. લસણ, ડુંગળી અને અન્ય તીખા ખોરાકનું સેવન ઓછું કરવાથી પણ શ્વાસની દુર્ગંધથી બચી શકાય છે.

**નિયમિત ડેન્ટલ કન્સલ્ટેશન**

વારંવાર ડેન્ટલ એપોઈન્ટમેન્ટ રાખવાથી શ્વાસની દુર્ગંધથી બચી શકાય છે. દંત ચિકિત્સક મૌખિક સ્વાસ્થ્ય સમસ્યાઓનું મૂલ્યાંકન કરી શકે છે જેમ કે પેઢાના રોગ અથવા દાંતમાં સડો જે શ્વાસની દુર્ગંધનું કારણ બની શકે છે.

# આજે વડાપ્રધાનની સભામાં ક્ષત્રિય સમાજ વિરોધ પ્રદર્શન નહી કરે

## પોલીસ સાથેની સમજૂતી મુજબ કાલે ખીજડીયા બાયપાસ પાસે ક્ષત્રિય સમાજનું મહાસંમેલન યોજાશે



**અબતક, જામનગર**

જામનગરમાં આવતીકાલે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીની જાહેર સભા યોજાવા જઈ રહી છે, ત્યારે આ કાર્યક્રમ દરમિયાન જામનગર શહેર જિલ્લાના ક્ષત્રિય સમાજ દ્વારા કોઈપણ પ્રકારનો વિરોધ પ્રદર્શન કરવામાં આવશે નહીં, તેવી જાહેરાત કરવામાં આવી છે. સાથોસાથ આજે ક્ષત્રિય સમાજનું મહા સંમેલન પોલિસી વિભાગ સાથે થયેલી સમજૂતી અનુસાર આવતીકાલે ખીજડિયા બાયપાસ પાસે સાંજે યોજવાનું પણ નક્કી કરવામાં આવ્યું છે. જામનગરમાં ક્ષત્રિય સમાજ દ્વારા તાકીદની પ્રેસ કોન્ફરન્સ કરવામાં આવી હતી, જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યક્રમને લઈને કોઈ વિરોધ પ્રદર્શન કરવામાં નહીં આવે તેવી જાહેરાત કરવામાં આવી હતી. ઉપરાંત જામનગર નજીક ખીજડીયા બાયપાસ પાસે ક્ષત્રિય સમાજનું મહા સંમેલન બીજી તારીખે યોજવાનું નક્કી કરવામાં આવ્યું હતું, પરંતુ જામનગર જિલ્લાના વહીવટી તંત્ર તેમજ જિલ્લા પોલીસવડા સાથેની બેઠકમાં થયેલી સમજૂતી મુજબ તેના સમયમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે, અને આગામી ૩ મે ના રોજ જામનગરમાં ખીજડીયા બાયપાસ પાસે ક્ષત્રિય સમાજનું મહાસંમેલન યોજાશે. આ સંમેલનમાં ક્ષત્રિય સમાજ દ્વારા નિમાયેલી સંકલન સમિતિના તમામ મુખ્ય આગેવાનો રમજુભા , કરણસિંહ, પી . ટી.જાડેજા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.

# બેરાજા ગામે સંમેલનમાં સાંસદ પુનમબેન માંડમનું ભવ્ય સ્વાગત

## પુનમબેન માંડમને સમગ્ર મતક્ષેત્રમાંથી પ્રચંડ જનસમર્થન મળ્યું



**અબતક, જામનગર**

બેરાજા ગામ ખાતે ૧૨ લોકસભાના ઉમેદવાર તથા સાંસદ પૂનમબેન માડમની સભા નું આયોજન કરવામાં આવેલ. માનનીય સાંસદ તથા ૧૨ લોકસભાના ઉમેદવાર પૂનમબેન માડમ એ બેરાજા ગામ ખાતે ચાર બારા જિલ્લા પંચાયત સીટના આગેવાનો અને કાર્યકર્તાઓની ઉપસ્થિતિમાં ગ્રામજનો સાથે મુલાકાત કરેલ. આ તબ્બકે પૂનમબેન માડમએ નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અંતર્ગતની કેન્દ્રસરકાર દ્વારા જીવનને સરળ બનાવવામાં સહાયરૂપ થનારી અનેકવિધ યોજનાઓની ચર્ચા કરેલ, તથા ફરી એકવાર જંગી બહુમતીથી ચૂંટવા હાકલ કરેલ. તેઓ એ ભારત દેશ ની તથા ૧૨ લોકસભા સીટની હેટ્રિક વિજય માં જંગી મતદાન કરી સહભાગી બનવા હાકલ કરેલ.

આ તબ્બકે ૧૨ લોકસભાના સાંસદ પૂનમબેન માડમ, કેબિનેટ મિનિસ્ટર મુળુભાઈ બેરા, દેવભૂમિ જિલ્લા પ્રમુખ મયુર ગઢવી, વિસ્તારક નટવરભાઈ પટેલ સહીત ભારતીય જનતા પાર્ટીના જામનગર જિલ્લાના હોદેદારો, પદાધિકારીઓ, ગ્રામજનો, અગ્રણીઓ, સામાજિક સંસ્થાના પ્રમુખો વગેરે બહોળી સંખ્યા માં ઉપસ્થિત રહ્યા હતા.

## ધ્રોલના વાગુદળ ગામે પુનમબેન માંડમે ક્ષત્રિય સમાજના આગેવાનો સાથે બેઠક કરી



ધ્રોલના વાગુદળ ગામે પુનમબેન માડમે ક્ષત્રિય સમાજના અગ્રણીઓ સાથે બેઠક કરી.ધ્રોલના ૧૦ જેટલા ગામના સરપંચ અને આગેવાનો રહ્યા હાજર. ડેમેજ કંટ્રોલ માટે મોટી સાંજે બેઠક કરી ક્ષત્રિય સમાજના વિરોધ વચ્ચે ભાજપના ઉમેદવારે ક્ષત્રિય આગેવાનો સાથે કરી બેઠક..જામનગર સંકલન સમિતિનાં પ્રમુખ ગોવુભા જાડેજા (ડાડા) પણ રહ્યા હજાર ક્ષત્રિય સમાજના ૧૫૦ જેટલા આગેવાનો સાથે કરી બેઠકધ્રોલ તાલુકાના સરપંચ એશો. પ્રમુખ સહિત ૧૦ ગામોના સરપંચોએ સહમતિ આપી ભાજપ સામે રોષ પણ કોંગ્રેસને નહિ આપે મત.

# રાજાશાહી વખતમાં બનેલી સત્ય હકીકત રાહુલ ગાંધીની માહિતી માટે જામ સાહેબે જાહેર કરી

**અબતક, જામનગર**

મહારાજા જામસાહેબ રણજીતસિંહજી ઓફ નવાનગર તેમનું નવું ગેસ્ટ હાઉસ બનાવી રહ્યા હતા. તે સમય દરમ્યાન એક દિવસ તેઓ ઘોડેસવાર એ એક નાની વાડી જે એમના નવા ગેસ્ટ હાઉસથી નજીકમાં હતી તેની મુલાકાતે ગયા. જામસાહેબે આ વાડીના માલિક ખેડૂતને પ્રશ્ન કર્યો કે એમને ગેસ્ટ હાઉસના ઉપયોગ માટે અહીં બગીચો બનાવવો હોય તો આ વાડી મને (જામસાહેબને) આપવા તૈયાર છો ? ખેડૂતે જામસાહેબને એમ સમજાવવાની અરજ કરી કે આ વાડી ઉપર મારું અને મારા પરિવારના ગુજરાનનો આધાર છે. અમે આ વાડી છોડી દઈએ તો અમે અમારું ગુજરાન કેમ કરીએ !

જવાબમાં જામસાહેબે ખેડૂતને કહ્યું કે તમે આ વાડી મને સોંપો તો એના બદલામાં હું તમને એટલી ને એટલી ખેતીની જમીન આપું. પરંતુ ખેડૂતે નમ્રતાથી કહ્યું કે પોતે જે વાડી સોંપશે તે બહુજ ઉત્તમ ખેતીવાળી છે, જેની સામે આપ અમને જમીન આપશો એ તો પડતર જમીન હશે. એના અનુસંધાને જામસાહેબે ખેડૂતને કહ્યું કે તમે એક વર્ષનો સમય લઈને નવાનગર સ્ટેટની માલિકીની ગમે તે તમને લાયક જમીન દેખાય અને તમને જે પસંદ હોય તે જમીન હું તમને આપીશ.

અમુક સમય બાદ જ્યારે ખેડૂતે જામસાહેબને જણાવ્યું કે તેણે એક જમીન પસંદ કરી છે. ત્યાર પછી એક રાજનો અમલદાર ગાડી લઈને ખેડૂતને તે જમીન દેખાડવા લઈ ગયો. જમીન જોયા પછી ખેડૂતને પાછો ઘરે પોંચાડી અને કહ્યું કે હવે તમે રાહ જોજો કારણ કે, અમારે આ કામની કાનૂની વિધિ કરવાની છે જે પૂરી થતા તમને જણાવશું.

ઘણા દિવસો વીતી જતાં, ખેડૂતના પરિવારના સભ્યો કહેવા લાગ્યા કે મહારાજા આપણી સાથે તો બહુજ સારી રીતે વાતો કરી ગયા પરંતુ પછી બધુ ભૂલી ગયા લાગે છે. સારી વાત એ હતી કે અચાનક એક દિવસ તે જ રાજના અમલદાર પાછા એ ખેડૂતની વાડીએ આવ્યા અને ખેડૂતને વિનંતી કરી અને જમીન જોવા લઇ ગયા. જમીન જોતા ખેડૂતે અમલદારને કહ્યું કે સાહેબ મેં તો એક નાનકડી અને બિલકુલ ઉજ્જ્વળ જમીન પસંદ કરી હતી, જ્યારે આ જમીન તો બમણી મોટી છે, તેમાં સરસ મોટો પાણીથી ભરેલો કૂવો છે, સરસ મકાન ઉભું છે અને જમીનમાં બાજરાનો પાકેલો મોલ ઉભો છે. આ મારી બતાવેલી જમીન કેમ હોય ? તેના જવાબમાં અમલદારે ખેડૂતને સમજાવ્યું કે જામસાહેબે એવો નિર્ણય લીધો કે તમને તમારી વાડી કરતા બમણી જમીન આપવી, ત્યાં મોટો કૂવો ગાળવો, તેઓને રહેવા એક સારું મકાન બાંધી દેવું અને તેમના માટે બાજરાનો મોલ ઉભો કરી દેવો. એટલે આ તમારી પસંદ કરેલી જમીન જ છે અને તેના ઉપર આ બધુંય કામકાજ રાજના ખર્ચે કરેલ છે. ખેડૂત આશ્ચર્ય પામી ગયો.



રાજાશાહીના વખતમાં રાજા-મહારાજાઓ આવી રીતે કામ કરતા.તેમ જામનગરનાં પૂર્વ રાજવી શત્રુશલ્યસિંહજી જાડેજા એ રાહુલ ગાંધીનાં એક નિવેદનનાં જવાબમાં જણાવ્યું હતું.

# ધ્રોલ તાલુકા ભાજપ પ્રમુખ નવલભાઈ મુંગરાનો આજે જન્મ દિવસ



ધ્રોલ તાલુકા ભાજપ પ્રમુખ નવલભાઈ મુંગરા ધ્રોલ તાલુકાના મોટા ઈટાળા ગામના વતની છે તેવો હાલમાં ધ્રોલ તાલુકા ભાજપ પ્રમુખ તરીકે કાર્યરત છે અને ધ્રોલ માર્કેટિંગ ડાયરેક્ટર તેવો છેલ્લા સતર વર્ષ થી સતત કાર્યશીલ છે તેવો ભુતકાળમાં પણ પાર્ટીમા અનેક હોદા ઊપર રહી ચુક્યા છે ધ્રોલ તાલુકા યુવા ભાજપ મહામંત્રી, ધ્રોલ તાલુકા ભાજપ મહામંત્રીની જવાબદારી સતત ત્રણ ટર્મ સુધી પાર્ટી નો વ્યાપ વધારવા જીવન સમર્પિત કરેલ છે આવા નિડર નિપક્ષ અને નિષ્ઠાવાન વ્યક્તિત્વ ધરાવે છે. ભાજપ પક્ષને પોતાનો પરીવાર માને છે તેમના જન્મદિવસ નિમિત્તે આજે રાજકીય આગેવાનો,સહકારી આગેવાનો કર્મચારીઓ,રાજ્ય સરકારના મંત્રીઓ કાર્યકરો દ્વારા જન્મદિવસની શુભેચ્છા પાઠવી રહ્યા છે. મોઃ ૯૨૨૮૧ ૮૪૫૮૨ પર જન્મદિવસ ની શુભેચ્છાનો વરસાદ વર્ષી રહ્યો છે.

# કઠણાયઃ ખંભાળીયામાં જામનગરનું નહિ ‘કરાંચી’નું એફ.એમ. સાંભળવા લોકો મજબૂર

## એફ.એમ. રેડિયોની ૧૦૧ નંબરની ફિકવન્સી પર કરાચી પાકિસ્તાનનો એફ.એમ. પકડાતા લોકોમા અવઢવ

**અબતક, વિનાયક ભટ્ટ, ખંભાળીયા**

ખંભાળીયા દ્વારકા તથા જામનગર વિસ્તાર દરિયાઈ દ્રષ્ટીએ પાકિસ્તાનની નજીક હોય અહી દ્વારકા ખંભાળીયા જામનગર વિ.સ્થળે ટી.વી.માં જયારે ડીસ સીસ્ટમ ન હતી અને એન્ટેના હતુ ત્યારે ટી.વી. રીલે કેન્દ્રો નંખાયા હતા જેથી કરીને પાકિસ્તાન ટીવી અહી ના આવે પણ હવે એન્ટેના નો જમાનો નથી ડીસ તથા હવે તો વાઈફાઈ ટીવી સ્માર્ટ ટીવી આવી ગયા છે. ત્યારે કેટલાક સમયથી અહી એફ.એમ. રેડીયોમાં ૧૦૧ નંબર પર કરાંચી પાકિસ્તાનનો એફ.એમ. રેડીયો શરૂ થતા ભારે ચર્ચા જાગી છે.




નવાઈની વાત છે કે પાકિસ્તાન ભુખમરો બેકારી અને કંગાળીયતમાં છે ત્યારે તેનું એફ.એમ. સ્ટેશન ટેકનોલોજીવાળુ કેવું કે છેક ૪૦૦ કી.મી. દૂર અહી સ્પષ્ટ આવે છે. જયારે જામનગર ૬૦ કીમી દૂર છે ત્યાંનું ૯૧.૯૦ સ્ટેશન આવતું નથી !!

કાર તથા એફ.એમ.રેડીયોમાં સ્પષ્ટ આવતી પાકિસ્તાનની આ રેડીયો ફીકવન્સી પાછી ભારતના દૂરદર્શનના રેડીયો ૧૦૧ની ફીકવન્સી નજીક હોય આ ભારતનું સ્ટેશન પણ હવે આવતું નથી પાકિસ્તાનનું એફ.એમ. રેડીયો સ્ટેશન ચોખ્ખુ આવતા ભારે ચર્ચા જાગી છે. પાકિસ્તાનનું સ્ટેશન ૧૦૨ પર આવે છે. ભારતનું દૂરદર્શન ૧૦૦.૦૯ પર આવે છે. તે પણ જોગાનુજોગ છે ??

# અંબર ચોકડી પાસે બાઈક અને છોટા હાથી વચ્ચેના અકસ્માતમાં દંપતિ ઈજાગ્રસ્ત

## ઈજાગ્રસ્ત પ્રૌઢ દંપતિને સારવાર અર્થે ખસેડાયા, છોટા હાથી વાહનના ચાલક સામે ગુનો નોંધાયો

**અબતક, જામનગર**

જામનગરમાં અંબર ચોકડી પાસે છોટાહાથી અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો, જે અકસ્માતમાં બાઈક સવાર બેડીના પ્રૌઢ દંપત્તિને ઈજા થવાથી સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા છે. પોલીસે છોટા હાથી ના ચાલક સામે ગુનો નોંધ્યો છે.

આ અકસ્માતના બનાવની વિગત એવી છે કે જામનગર નજીક બેડી માઢાપર ભૂંગા વિસ્તારમાં રહેતા ઓસમાણભાઈ અબ્બાસભાઈ હુંદડા (ઉંમર વર્ષ ૫૯) ગત ૧૬ મી તારીખે પોતાના બાઈકમાં પત્ની રોશનબેન (૫૫) ને પાછળ બેસાડીને અંબર ચોકડી પાસેથી પસાર થઈ રહ્યા હતા, જે દરમિયાન પૂરપાટ ઝડપે આવી રહેલા જી.જે.૧૦ ટી.એક્સ.૨૭૨૨ નંબરના છોટા હાથીના ચાલકે બાઈકને ઠોકરે ચડાવતાં દંપત્તિ ઘાયલ થયું હતું, અને ફ્રેક્ચર સહિતની ઈજા થવાથી સારવાર માટે જામનગરની જીજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માતના બનાવ અંગે ઓસમાણભાઈના પુત્ર હુસેનભાઈ ઓસમાણભાઈએ પોતાના માતા-પિતાને ઠોકરે ચડાવી ગંભીર ઈજા પહોંચાડવા અંગે છોટા હાથીના ચાલક સામે ફરિયાદ નોંધાવી છે.

# મામાને રૂ. ૧.૬૬ લાખનો ચુનો ચોપડી દેનાર ભાણેજને ૧ વર્ષની જેલની સજા

**અબતક, જામનગર**

જામનગરમાં ટ્રાવેલ્સનો વ્યવસાય કરતા એક આસામી પાસેથી તેમના ભાણેજે રૂ.૧,૬૬,૩૦૦ હાથઉછીના લઈ તેની પરત ચૂકવણી માટે આપેલો ચેક પરત ફર્યાની કોર્ટમાં ફરિયાદ કરાઈ હતી. તે કેસ ચાલી જતાં અદાલતે આરોપી ને તકસીરવાન ઠરાવી ૧૨ મહિના ની કેદની સજા અને ચેક ની રકમ મુજબ નું વળતર ચૂકવી આપવા હુકમ કર્યો છે.

જામનગરના માતૃકૃપા ટ્રાવેલ્સ ચલાવતા ચંદ્રજીતસિંહ હેમતસિંહ ઝાલા એ વર્ષ ૨૦૧૫ માં પોતાની પેઢીમાં કામ કરતા ભાણેજ અભિજીતસિંહ જયદેવસિંહ જાડેજાને કટકે કટકે રૂ.૧,૬૬,૩૦૦ હાથ ઉછીના આપ્યા હતા. તે રકમની ચૂકવણી માટે અભિજીતસિંહે પોતા નાં મામા ચંદ્રજીતસિંહ ને ચેક આપ્યો હતો. તે ચેક બેંકમાંથી અપૂરતા નાણા ભંડોળના શેરા સાથે પરત આવ્યો હતો. આ પછી ચંદ્રજીતસિંહે અદાલતમાં ફરિયાદ નોંધાવી હતી. તે કેસ ચાલી જતાં અદાલતે અભિજીતસિંહ જાડેજાને તકસીરવાન ઠરાવી ૧૨ મહિનાની કેદની સજા અને ચેકની રકમ વળતર પેટે ચૂકવી આપવા હુકમ કર્યો છે. વળતર ચૂકવવામાં ન આવે તો વધુ બે મહિનાની કેદની સજા નો હુકમ કર્યો છે. ફરિયાદી તરફથી વકીલ નિતલ ધ્રુવ, ડેનીશા ધ્રુવ, પૂજા ધ્રુવ, આશિષ ફટાણીયા, ડી.એમ. જોષી, અલ્ફાઝ મુંદ્રા, અશ્વિન સોનગરા રોકાયા હતા.

# ખંભાળીયાઃ પોસ્ટલ બેલેટ મતદાન વિશે માર્ગદર્શન આપતા : કલેકટર જી.ટી. પંડયા

**અબતક, વિનાયક ભટ્ટ, ખંભાળીયા**

દેવભૂમિ દ્વારકા જિલ્લાનાં વડા મથક ખંભાળીયામાં મતદાર સુવિધા કેન્દ્રમાં ગઈકાલથી જામનગર લોકસભા સિવાયના મતદારો સરકારી અધિકારીઓ કર્મચારીઓ પોલીસ સી.આર.પી.એફ. માટે પોસ્ટલ મતદાન શરૂ થયું હતુ.

પોલીંગ સ્ટાફ તા. ૧.૫ના પ્રિસાઈડીંગ સ્ટાફ મહિલા તથા પોલીગ ઓફીસર હાપાના પોલીસ તથા અન્ય સ્ટાફ તથા ૩.૫ના પોલીસ તથા સી.આર.પી. એફ સ્ટાફના પોલીસ મતદાનની જોગવાઈ થઈછે. જિલ્લા કલેકટર જી.ટી. પંડયાએ રૂબરૂ મુલાકાત લીધી હતી તથા સ્ટાફને પોસ્ટલ બેલેટમાં કઈ રીતે મતદાન કરવું તે અંગે માર્ગદર્શન પૂરૂ પાડયું હતુ. તે પછી અધિકારીઓ કર્મચારીઓ દ્વારા પોસ્ટ બેલેટ નંખાયા હતા.

# દશનામ ગોસ્વામી સમાજ અને પૂજન મંડપ દ્વારા ચોજાઈ ક્રિકેટ ટુર્નામેન્ટ

## ખંભાળીયાઃ ક્રિકેટ ટુર્નામેન્ટમાં હરભોલે ઈલેવન ટીમનો વિજય

**અબતક, વિનાયક ભટ્ટ, ખંભાળીયા**

ખંભાળીયાના સલાયા રોડ પર આવેલા એસ.કે. ગ્રાઉન્ડ ખાતે દશનામ ગોસ્વામી સમાજ તથા શકિતપૂજન મંડળ દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ હતી. આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ખંભાળીયા તથા જામનગર અને આસપાસનાં વિભાગોની અનેક ટીમોએ ભાગ લીધો હતો. ફાઈનલમાં વિજેતા જામનગરની હરભોલે ઈલેવન ટીમને સલાયાના અગ્રણી લાલજીભાઈ ભુવા તથા અરવિંદ ગોસ્વામી દ્વારા ટ્રોફી આપીને સન્માન કરવામાં આવ્યું હતુ.

# મોચી જ્ઞાતિના કાર્યક્રમમાં એક જ પરિવારના ૫ લોકો પર છરી વડે હુમલો

## ગાળા ગાળી કરતાં શખ્સને સમજાવવા જતાં હુમલોઃ ચાર હુમલાખોર વિરૂધ્ધ ગુનો દાખલ

**અબતક, જામનગર**

જામનગર મા મોચી જ્ઞાતિ નાં કાર્યક્રમ માં એક પરિવાર નાં પાંચ વ્યક્તિઓ ઉપર ચરી છરી વડે હુમલો કરવામાં આવ્યો હતો.ગાળાગાળી અને અન્ય સાથે ઝગડો કરતા તેને સમજવવા જતા આ હુમલો કરવામાં આવ્યો હતો.હુમલા નાં આ બનાવ મા ફરિયાદી નાં પત્ની,.પૂત્ર ભાઈ અને ભત્રીજા ઘાયલ થયા છે.

જામનગર ના સરલાબેન ત્રિવેદી ભવન માં એ- વન બ્લોક નંબર ૪૦૧ માં રહેતા દિલીપ બાબુભાઈ ચાવડા એ આજે પોલીસ મા એવી ફરિયાદ નોંધાવી હતી કે , બે દિવસ પહેલા મોચી જ્ઞાતિ દ્વારા લાલબાપા ની તિથિ નો કાર્યક્રમ જ્ઞાતિ ની વાડી મા યોજાયો હતો.ત્યારે અશોક જેઠવા નામનો વ્યક્તિ કોઈ સાથે ઝગડો કરતો હતો. તેને સમજવા જતા અશોક જેઠવા અને તેની સાથે નાં ત્રણ અજાણ્યા શખ્સ એ એક સંપ કરી ને પોતાનાં એટલે કે દિલીપભાઈ નાં પત્ની નીતાબેન, પૂત્ર યુગ, ભાઈ જગદીશભાઈ અને ભત્રીજા રાહુલ અને રોહિત વગેરે તમામ ઉપર છરી વડે હુમલો કર્યો હતો.જેમાં રાહુલ ને પડખા મા છરી નો ઊંડો ઘા લાગી જતા તેને વધુ ઈજા પહોંચી હોવા થી સારવાર માટે રાજકોટ નો હોસ્પિટલ મા અને અન્ય તમામ ને જામનગર ની હોસ્પિટલ મા સારવાર માટે લઈ જવાયા છે.

આ અંગે દિલીપ ચાવડા ની ફિરીયાદ નાં આધારે પોલીસે આરોપી અશોક જેઠવા અને અજાણ્યા ત્રણ શકશો સામે ગુનો નોંધ્યો છે.અને તપાસ શરૂ કરી છે.

# પ્લાસ્ટિક-કચરાથી નર્કાગાર બનેલી નદીથી લોકોના આરોગ્યને જોખમ

**અબતક, જામનગર**

જામનગરના હાપા યાર્ડ તરફના રસ્તે આવેલ અન્નપૂર્ણા ચોકડી પાસે આવેલા બ્રિજ ગંદકીથી ખદબદતો હોવાથી વિસ્તારવાદીઓને ભારે પરેશાની ભોગવવાનો વારો આવી રહ્યો છે. એક બાજુ ચોમાસાને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. આવી સ્થિતિ વચ્ચે બેઠા પુલ પર પ્લાસ્ટિક અને કચરાથી નદીમાં ભારે ગંદકી હોવાથી આજુબાજુના વિસ્તારવાદીઓને માથું ફાટી જાય તેવી ગંદકી અને દુર્ગંધ આવી રહી છે. બીજી બાજુ મચ્છરોના



ઉપદ્રવને લઈ અને લોકોના આરોગ્ય મામલે પણ જોખમ જોવા મળી રહ્યું છે ત્યારે આ મામલે મહાનગરપાલિકાનું તંત્ર અંગત રસ દાખવી અને નદીની સફાઈ કરાવે તે આવશ્યક બાબત બની છે. રિવરફ્રન્ટની વાતો કરતુ તંત્ર સફાઈમાંથી બાબતે જાગૃત ન હોવાથી લોકોમાં ભારે રોષ ની લાગણી જોવા મળી રહી છે.

# ખેલમહાકુંભ, સ્પેશયલ ખેલમહાકુંભ રમતોમાં દ્વારકા જિલ્લાની બાદબાકી

## 30 સ્પર્ધાઓમાંથી એક પણ સ્પર્ધા દ્વારકામાં ન રમાડતા લોકોમાં રોષ

**અબતક, વિનાયક ભટ્ટ, ખંભાળીયા**

દ્વારકા જીલ્લા ગુજરાતના છેવાડાનો જિલ્લો હોય તાજેતરમાં રમત ગમત ક્ષેત્રે અન્યાય થયો છે કે રાજય કક્ષાના રમતોત્સવમાં સાયકલીંગ, ઘોડેસ્વારી, બીચ વોલીબોલ, હેન્ડ બોલ, ચેસ, શુટીંગ, જીન્માસ્ટીક, ટેકવેન્ડો જેવી કુલ 30 સ્પર્ધાઓમાંથી એક પણ સ્પર્ધા દ્વારા જીલ્લામાં નથી અપાઇ તો દિવ્યાંગો માટેના સ્પેશ્યલ ખેલ મહાકુંભમાં પણ એક પણ સ્પર્ધા દ્વારકા જીલ્લામાં નથી મળી જયારે દ્વારકા ની જેમ નવા ગીર સોમનાથમાં અપાયેલ છે.

અગાઉ દ્વારકા જિલ્લામાં ખંભાળીયા તથા નંદાણામાં ખેલ મહાકુંભની રાજયકક્ષાની સ્પર્ધાઓ થઇ હતી તથા મીઠાપુર તથા નંદાણામાં વોલીબોલ જેવી રાજય સ્પર્ધા થઇ શકે તેમ છે. તથા બ્લુ ફલેટ બીચ તરીકે સમગ્ર દેશમાં ખ્યાતિ ધરાવતા દ્વારકાના શિવરાજપુર બીચ વોલીબોલ, બીચ હેન્ડબોલનું ખુબ જ શાનદાર આયોજન થઇ શકે તેમ હોવા છતાં પણ બીચ રમતોત્સવ પણ અહી આપવામાં આવ્યો નથી તો સ્પેશ્યલ મહાકુંભમાં દિવ્યાંગોને પણ અન્ય જીલ્લામાં જવું પડે તેવી સ્થિતિ થઇ હોય રમત ગમત ખેલાડીઓ તથા વાલીઓમાં પણ રોષની લાગણી ફેલાઇ છે.

ભાજપનું મિશન સૌરાષ્ટ્ર-કચ્છ

# સુરેન્દ્રનગર, જૂનાગઢ અને જામનગરમાં પીએમની સભા: કાલે ગાંધીધામમાં નડ્ડાનો રોડ-શો

## વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આજે ત્રણ ચૂંટણી સભામાં સૌરાષ્ટ્રની તમામ સાતેય લોકસભા બેઠકોને આવરી લેશે: ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડા આજથી બે દિવસ ગુજરાતના પ્રવાસે

**અબતક, રાજકોટ**

ગુજરાતની લોકસભાની ૨૬ બેઠકો પૈકી ૨૫ બેઠકો માટે આગામી ૭મી મેના રોજ મતદાન થવાનું છે. હવે મતદાનના આડે માત્ર પાંચ દિવસનો સમય બચ્યો છે ત્યારે રાજ્યની તમામ બેઠકો સતત ત્રીજી વખત ફતેહ કરવા સત્તાધારી પક્ષ ભાજપ દ્વારા એડીચોંટીનું જોર લગાવવામાં આવી રહ્યું છે. ભાજપ દ્વારા આજથી મિશન સૌરાષ્ટ્ર-કચ્છ હાથ પર લેવામાં આવ્યું છે. આજે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સુરેન્દ્રનગર, જૂનાગઢ અને જામનગરમાં જંગી ચૂંટણી સભા સંબોધશે. દરમિયાન આવતીકાલે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડા ગાંધીધામમાં વિશાળ રોડ-શો યોજાશે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી બુધવારથી બે દિવસ માટે માદરે વતન ગુજરાતમાં ચૂંટણી પ્રવાસે આવ્યા છે. ગઈકાલે તેઓએ ડિસા અને હિંમતનગરમાં ચૂંટણી સભાઓ સંબોધી હતી. દરમિયાન આજે ગુજરાત પ્રવાસના બીજા દિવસે સવારે વડાપ્રધાને



આણંદના વલ્લભ વિદ્યાનગર ખાતે ચૂંટણી સભા સંબોધી હતી. દરમિયાન બપોરે ૧૨ કલાકે સુરેન્દ્રનગર ખાતે ચૂંટણી સભા ગજવી હતી. જેમાં સુરેન્દ્રનગર, રાજકોટ અને ભાવનગર લોકસભા બેઠકને આવરી લેવામાં આવી હતી.

દરમિયાન બપોરે ૨:૧૫ કલાકે જૂનાગઢમાં કૃષિ વિશ્વ વિદ્યાલય ખાતે સભા સંબોધી હતી. જેમાં જૂનાગઢ, પોરબંદર અને અમરેલી લોકસભા બેઠક ઉપરાંત માણાવદર વિધાનસભા બેઠકને આવરી લેવામાં આવી હતી. આજે અંતિમ કાર્યક્રમમાં વડાપ્રધાને બપોરે ૪:૧૫ કલાકે જામનગરમાં સાત રસ્તા પાસે પ્રદર્શન મેદાન ખાતે ચૂંટણી સભા સંબોધી હતી. જેમાં જામનગર લોકસભા બેઠક અને પોરબંદર વિધાનસભા બેઠકને આવરી લેવામાં આવી હતી.

આજથી ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડા બે દિવસ માટે ગુજરાતમાં ચૂંટણીલક્ષી પ્રવાસે આવ્યા છે.

આજે રાત્રે ૮ કલાકે તેઓ મહેસાણા ખાતે મોઢેરા રોડ પર આવેલા અવસર પાર્ટી પ્લોટ ખાતે ભાજપના ઉમેદવાર હરીભાઈ પટેલના સમર્થનમાં ચૂંટણી સભા સંબોધશે. દરમિયાન આવતીકાલે શુક્રવારે સવારે ૧૦ કલાકે દાહોદ ખાતે ભાજપના ઉમેદવાર જશવંતસિંહ ભાભોરના સમર્થનમાં ચૂંટણી સભા સંબોધશે.

બપોરે ૨ કલાકે અમદાવાદમાં મતદારો સાથે મુલાકાત કરશે. સાંજે ૫ કલાકે કચ્છના ગાંધીધામમાં ભાજપના ઉમેદવાર વિનોદભાઈ ચાવડાના સમર્થનમાં વિશાળ રોડ-શો યોજાશે અને રાત્રે ૮ કલાકે ગાંધીધામની હોટલ રેડિશન ખાતે કાર્યકર્તા સંવાદમાં ભાગ લેશે.



# મોદી છે ત્યાં સુધી ધર્મ આધારિત આરક્ષણ નહીં: નરેન્દ્રભાઈનો હુંકાર

## કેન્દ્રમાં સરકાર બન્યા બાદ પહેલા ૧૦૦ દિવસમાં કયાં કામ કરવા તેની યાદી તૈયાર કરી રાખી છે: વડાપ્રધાન

**અબતક,રાજકોટ**

ગુજરાતના પનોતા પુત્ર અને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી બે દિવસ ગુજરાતમાં લોકસભા ચૂંટણી અંતર્ગત વિજય વિશ્વાસ સંમેલન સભા યોજી હજી ડિસા ખાતે બનાસકાંઠા અને પાટણ લોકસભાની જંગી જાહેરસભાને સંબોધી હતી.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતુ કે, ગુજરાતની ધરતીએ મને જે સંસ્કાર અને શિક્ષણ આપ્યુ અને ખૂબ લાબા સમય સુધી મુખ્યમંત્રી તરીકેની સેવા કરવાની તક આપી તે બધુ આજે મને દિલ્હીમા લેખે લાગે છે. આ વખતે આપણે સંકલ્પ લઈએ કે વિકસીત ભારત બનાવવા માટે વિકસીત ગુજરાત બનાવવામા કોઈ કસર નહી બાકી રાખીએ. વર્ષ ૨૦૧૪મા મને દિલ્હી મોકલી દેશની સેવા કરવાની તક આપી. ૨૦૧૪ પહેલા જે સરકાર હતી ત્યારે દેશમા ચારેય બાજુ આંતકવાદ,ભ્રષ્ટાચાર સાથે દેશમા નિરાશાનુ વાતાવરણ હતું ત્યારે વિકટ સ્થિતિમા મને દેશની સેવા કરવાની તક આપી. ગુજરાતની જનતાએ મને જે શિક્ષણ અને તાલીમ આપી હતી તે પ્રમાણે મહેનત કરવામા કોઈ કસર બાકી નથી રાખી. એક એક મીનીટ દેશ માટે અર્પિત કરી છે. સામાન્ય વ્યક્તિની આશા પુરી કરવા પ્રયત્ન કર્યા છે.

૨૦૨૪ની ચૂંટણી મારા અનુભવો લઈ આવ્યો છું દસ વર્ષ જે રીતે મે દેશને ચલાવ્યો છે અને દેશને નવી ઉંચાઈ પર લઈ જવાનો પ્રયાસ કર્યો છે તેમજ દેશના સામાર્થ્ય ને પારખ્યુ છે અને સામાર્થ્યના આધાર પર ગેરંટી લઈ આવ્યો છું. ગેરંટી આપવા બહુ હિમંત જોઈએ. મારી પાસે દેશના સામાર્થ્ય અને તાકાતને ઓળખવાની શક્તિ છે. મારી ગેરંટી છે આવનાર ત્રીજા ટર્મમા ભારતને દુનિયાની ત્રીજી અર્થવ્યવસ્થા બનાવીને રહીશ. દેશ ત્રીજી મોટી અર્થવ્યવસ્થા બનશે ત્યારે તેની સમૃદ્ધી,સામાર્થ્ય અને લાભ વર્તમાન અને ભાવી પેઢીને મળશે તેની ગેરંટી

(અનુ. આઠમા પાને)


# કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લીકાર્જુન ખડગેની કાલે રાજકોટમાં ચૂંટણી સભા

## રાજકોટમાં પત્રકાર પરિષદને પણ સંબોધશે

**અબતક, રાજકોટ**

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લીકાર્જુન ખડગે આવતીકાલે ગુજરાતના ચુંટણી પ્રવાસે આવી રહ્યા છે. તેઓ રાજકોટ અને અમદાવાદ ખાતે ચુંટણી સભા સંબોધશે.

ગુજરાતની લોકસભાની ૨૫ બેઠકો માટે ૭મી મેના રોજ મતદાન યોજવાનું છે. મતદાનના આડે હવે માત્ર પાંચ દિવસ બાકી



રહ્યા છે. ત્યારે રાષ્ટ્રીય નેતાઓ એ ગુજરાતમાં ધામા નાંખ્યા છે. આવતીકાલે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લીકાર્જુન ખડગે ગુજરાતની મુલાકાતે આવી રહ્યાં છે. તેઓ સવારે ૧૧ કલાકે રાજકોટમાં ઢેબર ચોક ખાતે એક જંગી ચુંટણી સભા સંબોધશે. રાજકોટના

(અનુ. આઠમા પાને)

# નરેન્દ્ર મોદી પહોંચ્યા 'કમલમ્': ગુજરાતની સ્થિતિનો તાગ મેળવ્યો

## હિંમતનગરમાં ચૂંટણી સભા પૂર્ણ કર્યા બાદ રાત્રે પહોચ્યા પ્રદેશ ભાજપ કાર્યાલયે: મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલ સહિતના સાથે ચર્ચા

**અબતક,રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી હાલ ચૂંટણી પ્રચાર અર્થે બે દિવસ માટે માદરે વતન ગુજરાતની મૂલાકાતે છે. દરમિયાન ગઈકાલે ડિસા અને હિંમતનગર ખાતે ચૂંટણી સભા સંબોધ્યા બાદ તેઓ રાત્રે અચાનક પ્રદેશ ભાજપ કાર્યાલય કમલમ ખાતે પહોચી ગયા હતા. ગુજરાતની વર્તમાન રાજકીય



પરિસ્થિતિ અંગે તાગ મેળવ્યો હતો.

ગઈકાલે મોડીરાતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ઓચિંતા પ્રદેશ ભાજપ કાર્યાલય 'કમલમ' ખાતે પહોચી ગયા હતા. તેઓને પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલે આવકાર્યા હતા. આ તકે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી, સંગઠન મહામંત્રી

(અનુ. આઠમા પાને)

# ગોંડલના ખીલોરી ગામે પિતા-પુત્રના હાથે માનસિક અસ્થીર ભાઈની હત્યા

## હત્યા નિપજાવી અંતિમવિધિ પણ કરી દેવાઈ: સરપંચે જાણ કરતા સુલતાનપૂર પોલીસે હત્યાનો ગુનો નોંધી હત્યારા પિતા–ભાઈને સકંજામાં લીધા

**અબતક, રાજકોટ**

ગોંડલ તાલુકાના ખીલોરી ગામે પિતા અને ભાઈના હાથે જ માનસિક અસ્થિર યુવાનની હત્યા કરી દેવાયાની ઘટના સામે આવી છે. હત્યાની નીપજાવ્યા બાદ બંને હત્યારાઓએ લાશની અંતિમ વિધિ પણ કરી નાખી હતી. જો કે સમગ્ર મામલે ગામના સરપંચને જાણ થતા સરપંચે પોલીસને સમગ્ર મામલાથી વાકેફ કરતા સુલતાનપુર પોલીસે પિતા-પુત્ર વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી સકંજામા લીધા છે.

ખીલોરી ગામના સરપંચ પરષોત્તમભાઈ ચોવટીયાએ સુલતાનપુર પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદ મુજબ ગત પેલી મેના રોજ સવારે આઠેક વાગ્યે તેમને જાણવા મળ્યું હતું કે, તેમના ગામના હરેશ ઉર્ફે રામો બાબુભાઈ સોરઠીયા આજે વહેલી સવારે મરણ પામેલ છે અને તેની અંતિમવિધિ પણ પૂર્ણ થઈ ગયેલ છે. જે બાદ સરપંચે ગામમાં તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, મૃતક અને તેના પિતા વચ્ચે કોઈક બાબતે જગડો થયેલ હતો.

જે બાદ સરપંચે મૃતકના પિતા બાબુભાઈ બાવાભાઈ સોરઠીયાને સમગ્ર ઘટના અંગે પૂછતાં તેણે જણાવ્યું હતું કે, ગત તા. 30 એપ્રિલના રોજ આખો દિવસ તેઓ ગેસમના હરેશભાઈ ટપુભાઈ જાદવની વાડીએ મજૂરી કામ કરતો

(અનુ. આઠમા પાને)

# સુનિતા કેજરીવાલનો બોટાદ અને ડેડીયા પાડામાં રોડ-શો

## આપના ઉમેદવારના સમર્થનમાં કર્યા ચૂંટણી પ્રચાર

**અબતક, રાજકોટ**

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલજીના ધર્મ પત્ની સુનિતા કેજરીવાલ આજે એક દિવસના ગુજરાત પ્રવાસે આવ્યા છે. અરવિંદ કેજરીવાલની ખોટા કેસમાં ધરપકડ કરવામાં આવી છે, ત્યારબાદ પહેલી વખત સુનિતા કેજરીવાલ



ગુજરાત આવ્યા છે. ગુજરાતના લોકો સમક્ષ વોટની અપીલ કરી હતી. સુનિતા કેજરીવાલજી બોટાદ ખાતે અને ડેડીયાપાડામાં રોડ શોમાં ભાગ લીધો હતો. બોટાદમાં આમ આદમી પાર્ટીના ભાવનગર લોકસભાના ઉમેદવાર ઉમેશભાઈ મકવાણા તથા પ્રદેશના નેતાઓ સાથે સવારે ૧૧:૩૦ કલાકે આયોજીત રોડ શોમાં

(અનુ. આઠમા પાને)

# રાજ્યભરમાં આજથી ચાર દિવસ હિટવેવની આગાહી

## રાજકોટ સહિત ૮ શેહેરોનું તાપમાન ૪૦ ડિગ્રીને પાર નોંધાયું

**અબતક, રાજકોટ**

રાજકોટ સહિત રાજયના અનેક વિસ્તારોમાં હિટવેવની અસરને કારણે ગરમી સતત વધી રહી છે ત્યારે મંગળવારની સરખામણીમાં બુધવારે ગરમીનો પારો ઉચકાયો હતો. આજે રાજકોટમાં ગરમીનો પારો ૪૦.૮ ડિગ્રીએ પહોંચી ગયો હતો. જેના કારણે ગરમીના રૌદ્ર સ્વરુપથી લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. ત્યારે ૪૧.૩ ડિગ્રી સાથે અમરેલી રાજ્યનું સૌથી હોટ શહેર બન્યું હતું. આ ઉપરાંત ગ્રીન સિટી ગાંધીનગરમાં પણ ગરમીનો પારો ૪૦.૨ ડિગ્રી પર પહોંચી જવાને કારણે લોકોએ કાળઝાળ ગરમી સહન કરવી પડી હતી. બીજી તરફ હવામાન વિભાગે એવી આગાહી કરી છે કે, આગામી ચાર દિવસ દરમિયાન પોરબંદર, ભાવનગર, કચ્છ, વલસાડ, દીવ સહિતની જગ્યાએ હિટવેવની અસર રહેશે. જેથી લોકોને હાલ કોઈ રાહત મળે તેવી શક્યતા દેખાઈ રહી નથી. આવતીકાલે અમદાવામાં મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રીની

(અનુ. આઠમા પાને)

# રાજકોટ:ધરમનગર કવાર્ટરના ચોથા માળેથી પટકાતા યુવકનું મોત

## કોઈકે ધક્કો મારી હત્યા નિપજાવી હોવાનો પરિવારજનોનો આક્ષેપ

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરના ધરમનગરના કવાર્ટરના ચોથા માળેથી નશાની હાલતમાં યુવક નીચે પટકાતા સારવાર મળે તે પૂર્વે જ મોત નીપજ્યું છે. બીજી બાજુ કોઈકે ધક્કો મારી હત્યા નીપજાવી દીધાનો આક્ષેપ પરિજનો દ્વારા કરવામાં આવ્યો છે. ત્યારે સમગ્ર મામલે યુનિવર્સીટી પોલીસે તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગત અનુસાર શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર સ્ટર્લિંગ હોસ્પિટલ પાછળ આવેલા ધરમનગર આવાસના કવાર્ટરમાં રહેતા અને કડિયાકામ કરતા વિપુલભાઈ માધાભાઈ ગુજ્જર (ઉ.વ.૩૫) નામના યુવકનું ગઈકાલે બપોરે આશરે ત્રણેક વાગ્યાં આસપાસ કવાર્ટરના ચોથા માળેથી નીચે પટકાતા મોત સારવાર અર્થે સરકારી હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા



ત્યારે પ્રાથમિક સારવાર મળે તે પૂર્વે જ યુવકનું મોત નીપજ્યું હતું.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર નીચે પટકાયેલો યુવક નશાની હાલતમાં હોવાનું પ્રાથમિક તપાસમાં જણાઈ આવ્યું છે. મૃતકને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. મૃતક દારૂનો બંધાણી હોવાથી પત્ની છેલ્લા ૨૦ દિવસથી રિસામણે ચાલી ગઈ હતી.

બીજી બાજુ સમગ્ર ઘટના મામલે મૃતકની પત્નીએ આક્ષેપ કર્યો છે કે, કોઈકે ધક્કો મારી દેતા યુવકનું મોત નીપજ્યું છે અને મામલામાં તપાસની માંગણી કરવામાં આવી છે. હાલ યુનિવર્સીટી પોલીસે તમામ વિગતો એકત્ર કરીને યુવકનું આકસ્મિક મોત નીપજ્યું છે કે પછી ખરેખર કોઈકે ધક્કો મારી દેતા મોત થયું છે તે દિશામાં તપાસ હાથ ધરી છે.

# હાર્ટ એટેકનો કાળો કહેર: ૨૪ કલાકમાં છ વ્યક્તિને ભરખી ગયો

- સંત કબીર રોડ પર રહેતા ધો. ૧૧ના વિદ્યાર્થી પાણી પીતી વેળાએ ઢળી પડતા મોત
- બંગડી બજારમાં કરિયાણાની દુકાન ધરાવતા વેપારી પડી ગયાં બાદ સારવાર દરમિયાન હાર્ટ એટેકથી મોત
- હનુમાનમઢી પાસે કલરકામના ધંધાર્થીનું ઘરે બેભાન થઈ ગયાં બાદ મોત નિપજતા ૬ સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવી

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમા હૃદય થંભી જતાં મૃત્યુ થવાની ઘટનાઓ અટકવાનું નામ લેતી નથી. ત્યારે આ પ્રકારના પાંચ જેટલાં બનાવ સામે આવ્યા છે જેમાં એક કિશોર સહીત કુલ ૫ લોકોના શંકાસ્પદ મોત નીપજ્યા છે. એક વેપારીનું હાર્ટએટેકથી મૃત્યુ નિપજતાં પરિવારમાં શોક વ્યાપી ગયો છે. જયારે ગોકુલધામ આવાસમાં બેભાન થઈ ગયાં બાદ પ્રૌઢનું મોત થયું છે, પોપટપરામા યુવક ઢળી પડતા જયારે સંત કબીર રોડ પર ૧૭ વર્ષીય કિશોરનું અને હનુમાનમઢી પાસે ૪૦ વર્ષીય



યુવકનું હૃદય થંભી જતાં મોત નીપજ્યું છે.

પ્રથમ બનાવમાં શહેરના સંત કબીર રોડ પર ગોકુલનગર શેરી નંબર ૭માં રહેતા અને લાલ બહાદુર

(અનુ. આઠમા પાને)

## ટંકારામાં ક્રિકેટ રમી પરત ફરતા યુવકનું રસ્તામાં જ હાર્ટ એટેકથી મોત

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

હાર્ટ એટેકથી લોકોના મૃત્યુનો સિલસિલો હજુ યથાવત છે ત્યારે વધુ એક યુવકનું અચાનક આવેલ હાર્ટ એટેકથી મોત નીપજ્યાનો બનાવ સામે આવ્યો છે. જેમાં ટંકારા તાલુકાના રાજાવડ ગામનો યુવક નાગડાવાસ ક્રિકેટ રમી પોતાના ગામ પરત ફરતો હોય ત્યારે રસ્તામાં તેમને છાતીમાં દુખાવો થતાં બેભાન થઈ જઈ મોતને ભેટ્યો હતો. ત્યારે



યુવકના અચાનક મોતથી પરિવારજનો તથા નાના એવા રાજાવડ ગામમાં શોક છવાય જવા પામ્યો હતો. અકાળે મોતના બનાવની પ્રાપ્ત વિગતો મુજબ ટંકારા તાલુકાના રાજાવડ ગામે રહેતા રમેશભાઈ જેસંગભાઈ બાલાસરા ઉ. વ.૩૮ ગઈ તા. ૧ મેના રોજ નાગડાવાસ ગામે ક્રિકેટ રમવા ગયેલ હતા. ત્યારે ક્રિકેટ રમીને નાગડાવાસથી રાજાવડ આવતા હતા જ્યાં વચ્ચે રસ્તામા વિરપર ગામ નજીક પહોચતા રમેશભાઈને

(અનુ. આઠમા પાને)